રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## લોકદક્ષિણામૂર્તિ પરિવારના માર્ગદર્શક વડીલોની વસમી વિદાય...



શ્રી હસમુખભાઈ શાહ
(૧૯૩૪ - ૨૦૨૧)



શ્રી મનુભાઈ મહેતા
(૧૯૨૭ - ૨૦૨૧)

વર્ષ: ૭૫ અંક : ૦૫ ૧૫ ડિસેમ્બર, ૨૦૨૧

# સન્માનિત થતી 'ગ્રામદક્ષિણામૂર્તિ-મણાર'




ગ્રામદક્ષિણામૂર્તિ-મણારના રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ-સંયોજક બહેનશ્રી કંચનબહેન થડોદાને
ગુજરાત કક્ષાએ શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસર તરીકે સન્માનિત કરતા રાજ્યના મા. શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી



સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવારવતી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન, ભાવનગર ખાતે
રાજ્યના શિક્ષણમંત્રી મા. શ્રી જીતુભાઈ વાઘાણીનું ઉષ્માભેર સ્વાગત-અભિવાદન કરતા શ્રી અરુણભાઈ દવે

# કોડિયું

વર્ષ : ૭૫ ડિસેમ્બર : ૨૦૨૧ અંક : ૦૫

## અનુક્રમણિકા


૦૧ વૈશ્વિક પ્રશ્નો ઉકેલતું શિક્ષણ ...૨૪૩
વિશાલ ભાદાણી

૦૨ માર્ક્સ અને સામ્યવાદ ...૨૪૫
મુનિ દવે

૦૩ સંશોધક કદી તૃપ્ત ન થવો જોઈએઃ એન્ડ્રિયા ગૅઝ ...૨૪૭
ટીમ કોડિયું

૦૪ આત્મખોજી અધ્યાપક : શ્રી કુમુદભાઈ ઠાકર ...૨૫૦
ડૉ. મહેશ સી. વાઘેલા

૦૫ પંખીજગતનો અજાયબ બાળઉછેર ...૨૫૩
હીરજી ભીંગરાડિયા

૦૬ પત્ર–ઝલક ...૨૫૬
રમણીક સોમેશ્વર

૦૬ નવી પાંખો, નવું આકાશ, નવી ચેતના ...૨૬૦
હરેશ ધોળકિયા

૦૭ શબ્દ જ કેદ આપે છે, શબ્દ જ મુક્ત કરે છે : સોલ્ઝેનિત્સીન ...૨૬૩
સોનલ પરીખ

૦૮ ગાંધીવિચારના અભ્યાસી કિરણ કાપુરે ...૨૬૬
સંજય ભાવે

૦૯ ખાદી ક્ષેત્રના અગ્રેસર મનુભાઈ મહેતા ...૨૬૯
રાજુલ દવે

૦૯ હસમુખ શાહની વિદાય એટલે શું? ...૨૭૧
રમેશ તન્ના

૧૦ જરા હસીએ ...૨૭૪
સંકલિત

૧૧ સંસ્થા સમાચાર ...૨૭૫
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)

**સંપાદક-મંડળ:**

વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા


**◆ સૂચના ◆**

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**


'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com


**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆**


શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com


**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

વાર્ષિક રૂ. ૧૫૦/-

## તંત્રી સ્થાનેથી...

**(અ)સરકારી કામની નોંધ લઈએ...**

જેમ જેમ દુનિયામાં ટેક્નૉલૉજી અને લોકશાહી મૂલ્યોનું મહત્ત્વ વધી રહ્યું છે, એમ એમ આપણે સૌ સામાન્ય લોકોના જીવાતા જીવનના પ્રશ્નોમાં વધુ રસ લેતાં હોઈએ એમ લાગે છે. ગાંધીનું સર્વોદય-શમણું કદાચ આ જ રસ્તે સાકાર થાય તો પણ નવાઈ નહીં. આપણી રાષ્ટ્રીય ચેતનામાં 'બહુજન હિતાય' વિચાર વધુને વધુ ઘુંટાય એ આવશ્યક છે. સહુના સુખમાં મારું સુખ સમાએલું છે તેની પ્રતીતિ થવી જોઈએ. આ જુઓને, આ વખતે પદ્મશ્રી ઍવૉર્ડમાં આપણા અંતરાત્માને તૃપ્તિ થાય એવાં ઘણાં કામો અને નામો સામે આવ્યાં છે. એક સમાજ તરીકે આપણે કોનું બહુમાન કરીએ છીએ એ આપણા સામૂહિક-શાણપણનો એસિડ ટેસ્ટ છે. એક મહિલા પર્યાવરણપ્રેમી(તુલસી ગ્વોડાજી) કે જેણે સાચા અર્થમાં પર્યાવરણની જાળવણી કરી હોય, એક સંતરા વેચવાવાળી વ્યક્તિ (હરેકલા હજાબ્બા) નિશાળ શરૂ કરે અને એક ટ્રાન્સજેન્ડર(મંજમાં જોગતી)ની લોકસાહિત્યની સેવાને બિરદાવતા આપણને આવડ્યું એ કંઈ જેવી તેવી વાત છે! આ લોકોને ભારતનો સર્વોચ્ચ ઍવૉર્ડ મળતો જોઈને આનંદ મહિન્દ્રાએ(મહિન્દ્રા કંપનીના માલિક) એમ કહ્યું કે, પાયાનું કામ કરતાં આ બધા સેવાભાવી-ભેખધારીઓની સરખામણીમાં તો હું ''ગેરલાયક'' છું!

આપણા દેશમાં કોઈપણ સરકાર આવે અને તેની વિચારધારા ગમે તે હોય પણ જો કેન્દ્રમાં સામાન્ય માણસનાં જીવન-મૂલ્યો ઊજાગર કરતી પ્રવૃત્તિ કરતા હોય આપણે બિરદાવવી જોઈએ. આ સરકારે ૨૦૧૭માં એક વેબસાઇટ બનાવીને લોકો પાસેથી આ ઍવૉર્ડના હકદાર ઉમેદવારોનાં સૂચનો મંગાવ્યાં. વર્ષ ૨૦૨૦ માટે કુલ ૪૬૦૦૦ લોકોનાં નોમિનેશન થયાં! આ ઘટનાએ પદ્મશ્રી ઍવૉર્ડનું લોકશાહીકરણ કર્યું છે એમ કહીએ તો અતિશયોક્તિ નહિ ગણાય! મંજમાં જોગતી જ્યારે ભારતના રાષ્ટ્રપતિને આશીર્વાદ આપી રહ્યાં હતાં એ દૃશ્ય તો સોશિયલ મીડિયા પર એવું વાયરલ થયું કે આપણને એમ થાય કે આ દેશના સરેરાશ લોકો રાજી થયા છે. કારણ કે એ લોકો દિલથી એમ માને છે કે દેશનું સાચું ખમીર સામાન્ય લોકોની સાત્ત્વિક ઊર્જાનું બહુમાન કરવામાં જ છે. અત્યાર સુધી આપણી સામાન્ય સમજણ એવી હતી કે વધુ ભણેલા, વધુ પ્રખ્યાત કે વધુ ''નેટવર્ક''વાળા લોકોને જ આવાં સન્માન પ્રાપ્ત થાય છે. પણ આ વખતે એ માન્યતા ખોટી પડી. આપણે બીજા અનેક ક્ષેત્રોમાં હજુ આવી તટસ્થતા અને ન્યાયી વ્યવહાર પ્રસ્થાપિત કરવાના બાકી છે.

સરકારી તંત્ર અસરકારી લોકોને શોધીને તેનાં કામને બિરદાવે એ આપણી સામાજિક ઉત્ક્રાંતિનું એક સીમાચિન્હ છે! અત્યારે નઈ તાલીમના તમામ ઋષિ સમાન દાદાઓ ખૂબ યાદ આવે છે કે જેમણે છાત્રાલય મૂલ્યાંકન જેવી બાબતને મહત્ત્વ આપ્યું. કોઈ વિદ્યાર્થી 'એકેડેમિક'માં ભલે માત્ર પાસ થાય એટલા જ માર્ક્સ લાવે પણ એનાં મૂલ્યો બરાબર ખીલ્યાં હોય તો સંસ્થા એનું બહુમાન કરે. કારણ કે સંસ્થાની અસર એનાં પિંડ સુધી પહોંચી! 'યથા પીંડે તથા બ્રહ્માંડે'ની રીતે આપણે એક પિંડને બરાબર કેળવીને આ આખાય બ્રહ્માંડના સંતુલનમાં યોગદાન આપ્યું છે. એક વ્યાપક સમાજ તરીકે આપણે આ નવા વર્ષે એવા વણ-ગવાયેલા ગ્રામજનોનું બહુમાન કરીએ કે જેમણે એક સદ-વિચારને જીવવાનો પ્રામાણિક પુરુષાર્થ કરીને પ્રેરણાત્મક જીવન જીવી બતાવ્યું હોય. શું એનું નામ 'ભલો માણસ ઍવૉર્ડ' રાખીએ???

— [signature]

## આદ્યતંત્રીઓની કલમે...

### ગામડાં સુધી વિજ્ઞાન

ગામડાંમાં વિજ્ઞાન અને વિજ્ઞાનની પદ્ધતિઓ, નવાં સાધનો કેમ પ્રવેશતાં નથી એ આપણી સામેનો પ્રશ્ન છે.

તેનું પહેલું કારણ એ લાગે છે કે માનસિક રીતે આપણે જે સમજણ ઊભી કરવી જોઈએ તે કરી શક્યા નથી. કદાચ સમજણ ઊભી થાય તો નવી ટૅક્નિકનું કૌશલ્ય નથી હોતું અને તે મેળવીએ તો જૂની ટેવ-આદત છૂટતાં નથી. પશ્ચિમે પોતાની વિકાસયાત્રામાં કુદરતને ઓળખવાની તેમ જ કુદરતી બળોને પોતાના ઉપયોગમાં લેવા માટેની એક રીત(ટૅક્નિક) શોધી કાઢી છે. તેવી રીતે વૈજ્ઞાનિક ઢબે વિચાર કરવાનું શીખીએ-શીખવીએ તો આપણને રસ્તો મળે.

આજે જેને આધુનિક યંત્રવિદ્યા(મોર્ડન ટેક્નૉલૉજી) કહેવામાં આવે છે, તે દ્વારા પશ્ચિમનો સમાજ ભૌતિક રીતે ઘણું મેળવી શક્યો છે, પણ તેને સુખ-શાંતિ મળ્યાં છે, તેવું નથી. એરિક ફ્રોમ, શુમાખર વગેરેએ આ વાતનો નિર્દેશ પોતાનાં પુસ્તકોમાં કર્યો છે અને જ્યાં ભોગવવાની વસ્તુઓ ને સાધનો મનુષ્ય પર સ્વામી ન થઈ બેસતાં હોય, જ્યાં જિંદગીને માણી શકાય તે મર્યાદામાં ટેક્નોલૉજી રહેતી હોય તેવા સ્વપ્નને સાકાર કરવાની ઝંખના પ્રગટ કરી છે.

યંત્રવિદ્યા-ટેક્નૉલૉજી આખરે સાધનની વિદ્યા છે. તેને ક્યાં વાપરવી એ મનુષ્યે જ વિચારવું પડે છે. અને એટલે જ આપણે એપ્રોપ્રિયેટ શબ્દ આગળ મૂકવો પડે છે. જેવું જીવન જીવવા ઇચ્છીએ છીએ તેને અનુરૂપ ટેક્નોલૉજી, તેને અનુરૂપ યંત્રવિદ્યા. વળી આગળ એક બીજો શબ્દ પણ મૂક્યો છે, તે છે રૂરલ. અહીં રૂરલ એટલે માત્ર ગ્રામીણ—ગામડાંની એટલો મર્યાદિત અર્થ ન કરવો જોઈએ. જે પાછળ છે, જે અભાવમાં જીવે છે, તે સૌને ઉપયોગી થાય, જે છેવાડે રહી ગયા છે તેનો પણ વિચાર કરે તેવી ટેક્નૉલૉજી, તેવી યંત્રવિદ્યા.

મહદ્ અંશે આ ટેક્નૉલૉજીનો ઉપયોગ કાં તો મૂડીપતિઓએ કર્યો કે પછી મૂડીવાદે. પણ તે બંનેમાં વ્યક્તિનું સ્વાતંત્ર્ય કેટલું રહ્યું તે પ્રશ્ન છે. વ્યક્તિ યંત્રનો એક ભાગ બની રહે ત્યારે જ ટેક્નૉલૉજી ચાલે છે. યંત્ર મનુષ્ય પર અને સમાજ પર સવાર થઈ જાય છે. સાધનો અને ઉપભોગની વસ્તુઓની વિપુલતાના મોહમાં સ્વાતંત્ર્ય હોમવા મનુષ્ય તૈયાર થયો. સ્વાતંત્ર્ય તો ગુમાવ્યું જ, સાથે શાંતિ-સ્નેહ-સૌહાર્દ, સંસ્કૃતિ પણ ગુમાવ્યાં. જે અભાવ દૂર કરવાનું સાધન હતું, તે ભૂખાળવી ભૂખ ભડકાવવાનું સાધન બન્યું. ભૌતિક પદાર્થો અને યંત્રોનો પ્રભાવ સમાજે સ્વીકાર્યો અને તેની અસર સંસ્કૃતિ પર પડી.

તેની સામે રૂરલ એપ્રોપ્રિએટ ટેક્નૉલૉજી દ્વારા માનવને માનવ રહેવા દઈ એવી ટેક્નૉલૉજી, એવી સંસ્કૃતિ વિકસાવવી છે જે પરસ્પર સહકાર કરે, સ્નેહ વધારે, શોષણ ન કરે પણ પરસ્પર સહાયભૂત બને. નઈ તાલીમ દ્વારા આપણે આ ઇચ્છીએ છીએ. વિજ્ઞાન, વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને નવાં સાધનો ઉપરના સંદર્ભમાં વિચારવાનાં છે. વિજ્ઞાન આપણને અવશ્ય માર્ગ બતાવશે, પણ તે માટે આપણે સાધના કરવી પડશે.

- અનિલભાઈ ભટ્ટ

## ૦૧. ગ્લોબલ

### વૈશ્વિક પ્રશ્નો ઉકેલતું શિક્ષણ

વિશાલ ભાદાણી

---

હમણાં જ નોબલ પારિતોષિક વિજેતાઓની જાહેરાત થઈ. શું આપણાંમાથી કોઈને પણ એવી અપેક્ષા હતી કે "જો જો આ વખતે એક નોબલ પારિતોષિક આપણા રાજ્યમાં કે આપણા દેશમાં જ આવશે!" આપણે કેમ આવા સ્વપ્ન સેવવાનું બંધ કર્યું છે? અમેરિકાને ૩૭૫, યુકેને ૧૩૧, જર્મનીને ૧૩૧ તો ફ્રાંસને ૬૯ નોબલ પારિતોષિકો મળ્યાં છે. એક બાજુ બધી જ યુનિવર્સિટીઓમાં લગભગ રોજ સંશોધન, સર્જનાત્મક્તા અને ઇનોવેશન પર ઢગલા મોઢે સેમિનાર અને વર્કશોપ થાય છે, તો બીજી બાજું નારાયણ મૂર્તિ એમ કહે છે કે, "છેલ્લાં ૬૦ વર્ષમાં ભારતે એવી એક પણ શોધ નથી કરી કે જે દુનિયાના ઘરઘરમાં પહોંચી હોય." એવું નથી કે આપણે ત્યાં લોકો ઓછા બુદ્ધિશાળી છે. કારણકે આ જ લોકો પરદેશ જઈને નોબલ પારિતોષિક જીતે છે! આ તે કેવો વિરોધાભાસ! નાનામાં નાના તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ અને તેમની પ્રવૃત્તિઓ તો એવું ચિત્ર ઊભું કરે છે કે આપણાં દેશમાં દરેક ઘરે એક વૈજ્ઞાનિક છે! ચાલો, એક ક્ષણ માટે માની લઈએ કે આપણી પાસે મોટી શોધ કરવા માટે આધુનિક લેબોરેટરી કે બીજી ભૌતિક સુવિધાઓ નહીં હોય કારણ કે આવડી મોટી વસતિના પાયાના પ્રશ્નો ઊકેલવામાં જ ઊર્જા ખર્ચાય જાય છે. તો વળી સવાલ એ થાય કે આ જ પાયાના પ્રશ્નોના ઉકેલ આપી શકે એવું સંશોધન કેમ નથી થતું?

શું મૂળ વાત નોબલ પારિતોષિક જીતવાની છે? ના. એક સમયે જે ભૂલ અમેરિકાએ કરેલી એ જ ભૂલ આપણે અત્યારે કરી રહ્યા છીએ. એ લોકોએ એનું આખું શિક્ષણ કોલેજની પ્રવેશ પરીક્ષા પાસ કરવા માટેનું બનાવેલું(વાંચોઃ ડમ્બિંગ અસ ડાઉન). આપણે ત્યાં પણ આજે વિદ્યાર્થીઓ કશું નવું શીખવા માટે કે કૌતુક જાગે એવું ભણતાં નથી, એમને તો બે રાજ્ય કે દેશની કોઈ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે નક્કી કરાયેલી પરીક્ષા પાસ કરવી છે. આ પરીક્ષાઓ પાસ કરવા માટે ટ્યૂશન/કોચિંગ એટલી હદે અનિવાર્ય બનાવી દેવામાં આવ્યું છે કે સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦માં લેખિતમાં સ્વીકાર્યું કે 'આપણી ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ ટ્યૂશન-ક્લચરને પ્રોત્સાહન આપે તેવી છે". આમ છતાં, એક કોઈ રામબાણ ઇલાજ શોધ્યો હોય એવું આ નીતિમાં ક્યાંય દેખાતું નથી.

'કોરોના કાળમાં શિક્ષણ જગતમાં એક ચર્ચા ચાલી કે "શું ઓનલાઈન શિક્ષણ અસરકારક છે?' મોટા ભાગના શિક્ષકોને ઓનલાઈન શિક્ષણે એમનાં કમ્ફર્ટ ઝોન અને કન્ડિશનિંગમાંથી ધક્કો મારીની બહાર કાઢ્યા એટલે આ પરિવર્તન સ્વીકારવું આજે પણ એમને મુશ્કેલ લાગે છે. ભૂતકાળમાં જ્યારે બોર્ડ અને ચોકની ટેક્નૉલૉજી દાખલ કરવામાં આવી ત્યારે શિક્ષકોને આવો જ વાંધો પડ્યો હશે! આ સમગ્ર ઘટનામાં જોવાનું એ છે કે દુનિયા આખીમાં કરોડો બાળકો પોતાનાં ઘેર બેસીને પણ શિક્ષણ મેળવી શકે એ નાવીન્યસભર અભિગમનાં બીજ રોપાયાં. આ પદ્ધતિની અસરકારતા વિષે સંશોધન આપણને ભવિષ્યમાં કહેશે, પણ અત્યારે તો એક બહુ મોટી સમસ્યાનું નિરાકરણ થયું. એક બાજુ એમેઝોન કે ફ્લિપકાર્ટ ઘેર આવીને સામાન આપી જાય છે, નેટફ્લિક્સ કે હોટસ્ટાર ઘેર આવીને(આપણાં ફોનમાં) જે ફિલ્મ જોવું હોય એ બતાવે છે, સ્વીગી કે ઝોમેટોવાળો ઘેર આવીને આપણને ભાવતી વાગની ખવરાવી જાય છે, ઓલા કે ઉબેર ટેક્સીવાળો ઘેર આવીને જ્યાં જવું છે, ત્યાં લઈ જાય છે અને નેટ બેન્કિંગને યુ.પી.આઈ. આધારિત નાણાંકીય લેવડ-દેવડ પણ ઘેર બેઠા જ થાય છે, ત્યારે શિક્ષણ માટે શાળા કે કોલેજ જવું પડે એ અનિવાર્ય લાગે છે? ઉપરોક્ત કોઈપણ સેવામાં સેવા લેનાર કે આપનારે કોઈ વાંધો ઉપાડેલો નથી; ઊલટાનું એનું

ઉમળકાભેર સ્વાગત કર્યું છે! એનું કારણ એક જ છે કે એ બધી જ સેવાઓ કોઈને કોઈ સમસ્યાઓનાં ઉકેલ છે.

નોબલ પારિતોષિક જેને પણ મળે છે એણે કંઈક તો એવું કર્યું છે કે જેનાથી દુનિયાની કોઈ મોટી સમસ્યાઓનો પ્રત્યક્ષ કે પરોક્ષ ઉકેલ મળે. શું આપણા વિષયો, પાઠ્યપુસ્તકો અને ભણાવવાની પદ્ધતિઓ એવી રીતે ડિઝાઇન ન થઈ શકે કે આખીય પ્રક્રિયાને અંતે એમાંથી એવા વિશ્વ નાગરિકો તૈયાર થાય કે જે સ્થાનિક અને વૈશ્વિક પ્રશ્નો હલ કરી શકે? આ કામ બે રીતે થઈ શકેઃ (૧) એવા માણસો તૈયાર કરવા જે કોઈપણ પ્રોબ્લેમ સોલ્વ કરી શકે અને (૨) સ્વાસ્થ્ય, શિક્ષણ, રોજગાર, પર્યાવરણ, રહેણાંક વગેરેને લગતી સમસ્યાઓને એક નિશ્ચિત મુદ્દતમાં સોલ્વ કરવા માટે વિશિષ્ટ સંગઠનોને ટાર્ગેટ આપવામાં આવે અને દરેક શાળા/કોલેજ પોતાનો ૫૦% અભ્યાસક્રમ આ સંગઠનો સાથે રહીને ભણે/ભણાવે!

એક્સ પ્રાઇઝ નામની દુનિયાની બહુ મોટી સંસ્થાએ દુનિયાના મોટામાં મોટાં પ્રશ્નો ઊકેલવાનું બીડું ઝડપ્યું છે. આ સંસ્થા બિલ ગેટ્સ, વોરેન બાફેટ, રતન ટાટા અને ઈલોન મસ્ક જેવા ધનિકોની મદદ લઈને દરેકે દરેક સમસ્યાના ઉકેલરૂપે નવી ટેક્નૉલૉજી બની શકે એવી સ્પર્ધાનું આયોજન કરે છે. જે વ્યક્તિ કે કંપની આવી ટેક્નૉલૉજી બનાવી આપે એને કોરોડોનું ઇનામ આપે છે. ઉદાહરણ તરીકે, આપણો ઉર્જાનો પ્રશ્ન ઉકેલવા માટે એમણે જાહેરાત કરી કે જે કંપની એવું યંત્ર બનાવે કે જે દરિયાની નીચે ૪૦૦૦ મીટર જઈને સપાટીનું સ્કેનિંગ કરીને કહે કે નીચે શું છે, તો તેને અમુક કરોડનું ઇનામ મળશે. હમણાં જ આ ઇનામ આપાયું! બીજી જાહેરાત શુદ્ધ પીવાલાયક પાણી માટેની હતી. ટાટાની આર્થિક મદદ વડે એક એવું યંત્ર બનવવામાં આવ્યું કે જે ભેજવાળી હવામાંથી સીધું જ શુદ્ધ પીવાલાયક પાણી બનાવી શકે. અત્યારે આ પાણીની પ્રતિ લિટર કિમંત ૬૬ સેંટ છે. આવું જ શિક્ષણ, સ્વાસ્થ્ય અને બીજાં ક્ષેત્રોનું થઈ ગયું છે. આ સંસ્થાની એવી નેમ છે આ બધી જ ટેક્નૉલૉજી લોકોને રોયલ્ટી આપ્યા વગર સસ્તામાં સસ્તા ભાવે મળે એટલે એ લોકો આ બધું ઓપન-સોર્સ બનાવી રહ્યા છે. આવા સારા સમાચાર મીડિયા આપણા સુધી શા માટે પહોંચાડે!!!

વળી, આપણે આપણા સ્થાનિક શિક્ષણ સંદર્ભની વાત કરીએ. જો આપણે આપણાં બાળકોમાં વૈશ્વિક પ્રશ્નો ઉકેલી શકે એવી યોગ્યતા દાખલ કરવા માંગતા હોઈએ તો આપણી પરીક્ષાના માળખામાં ધરખમ ફેરફાર કરવો પડે. અત્યારે યુવાનો શિક્ષણમાં નવા જોમ સાથે જોડાઈ રહ્યા છે, ટેક્નૉલૉજીનો સાથ પણ પૂરતો છે, ત્યારે આ શિક્ષકોને પરીક્ષાના માળખામાં પ્રયોગો કરવાની દરેક સ્તરે છૂટ આપવી પડશે. ઉદાહરણ તરીકે, આપણાં કોઈપણ વિષયની વાર્ષિક પરીક્ષામાં ૩૦-૫૦% સુધી મોડેલ-મેકિંગ મૂકીએ જેમાં વિદ્યાર્થી કોઈપણ એક સમસ્યાનો ઉકેલ લાવે. શરૂઆત સ્થાનિક સમસ્યાઓથી કરીએ અને પછી ધીમે ધીમે વૈશ્વિક સમસ્યાઓ તરફ મીટ માંડીએ. આમ કરવાથી ઘણા બધા ફાયદાઓ થશેઃ

૧. વિદ્યાર્થીઓને ગોખવાની માથાકૂટમાંથી થોડી રાહત મળશે.
૨. શિક્ષણ જીવન સાથે જોડાશે.
૩. વિદ્યાર્થીઓમાં પૃથ્થકરણ, મૂલ્યાંકન અને સર્જનાત્મકતા જેવા ઉચ્ચતમ બૌદ્ધિક કૌશલ્યોનો વિકાસ થશે.
૪. વિદ્યાર્થીઓના મોડેલનો ઉપયોગ સમસ્યાઓના ઉકેલ તરીકે વાસ્તવિક રીતે કરી શકાય.
૫. શૈક્ષણિક પ્રક્રિયા વધુ પ્રાયોગિક અને આનંદદાયી બનશે.

દુનિયાના મહાન કેળવણીકાર સર કેન રોબિન્સને કહ્યું છે કે "૨૧મી સદીમાં સર્જનાત્મકતાની કેળવણી સાક્ષરતા જેટલી જ મહત્ત્વની છે." જો પ્રક્રિયાઓમાં જીવતા જીવનનો અનુબંધ પદ્ધતિસર કરવામાં આવે, સમસ્યાઓને અભ્યાસક્રમનો ભાગ બનાવીએ અને ઉકેલોને મૂલ્યાંકનનો. ઔધોગિક એકમોની તજજ્ઞતાનો લાભ લેવામાં આવે તો એ દિવસ દૂર નથી કે આપણે આપણા મિત્રને કહી શકે કે, "જો જો આ વખતે એક નોબલ પારિતોષિક આપણા રાજ્યમાં જ આવશે!"

★

## ૦૨. સાંપ્રત

### માર્ક્સ અને સામ્યવાદ

મુનિ દવે

---

આજકાલ એવો ટ્રેન્ડ ચાલ્યો છે કે જે કોઈ સરકારનો, મોદીનો કે હિન્દુત્વનો વિરોધ કરે તેને સામ્યવાદી(અથવા તો વિવિધ પ્રકારનો નક્સલ) કહેવો. ૫૦ના દાયકામાં અમેરિકા અને ઇંગ્લેંડમાં પણ આવો ટ્રેન્ડ ચાલેલો અને તેને કારણે ઘણા બૌદ્ધિકો હેરાન થયેલા(દા.ત. અણુવિજ્ઞાની ડેવિડ બોહ્મ, પહેલો અણુબોમ્બ બનાવનાર રોબર્ટ ઓપનહાઈમર, ચાર્લી ચેપલિન, લેખક આર્થર મિલર) આપણી આસપાસ ઘણા લોકો એવા છે જેમના માટે ધર્મ મહત્ત્વનો નથી. તેમને ધાર્મિક રીતરસમો—કથા, પૂજા, કીર્તન, યજ્ઞ, ગાયની પવિત્રતા વગેરે બકવાસ લાગે છે. તેમને મંદિરે જવામાં રસ નથી. તેમને ગરીબો પ્રત્યે કરુણા છે એટલે ગરીબોની તરફેણ કરે છે.

પણ એટલા માત્રથી તે બધા સામ્યવાદી નથી થઈ જતા. આપણે રશિયા અને ચીન વિષે ઘણું સાંભળીએ છીએ. અને એની અમુક બાબતો વિષે આપણને ભારે અણગમો છે. પણ એટલા માત્રથી સામ્યવાદને ખરાબ કહેવો એ યોગ્ય નથી. આપણા અગાઉના ઘણા બૌદ્ધિકો, સ્વાતંત્ર્યસૈનિકો અને ગાંધીવાદીઓ-ભોગીલાલ ગાંધી, જયપ્રકાશ નારાયણ, સુભાષચંદ્ર બોઝ, ૫૦-૬૦ દાયકાના અનેક ફિલ્મ દિગ્દર્શકો, ગીતકારો, અભિનેતાઓ, ભગતસિંહ અને તેમના સાથીઓ, વિ. સામ્યવાદથી બહુ અંજાયેલા હતા. પણ પછી સામ્યવાદીઓને જોયા-જાણ્યા પછી તેમનો ભ્રમ ભાંગી ગયેલો. તે સાથે એવા ઘણા સામ્યવાદીઓ હતા, જેવા કે અશોક મહેતા, કિરીટ વોરા, જેમણે મજૂરો, ગરીબો માટે ખરેખર બહુ સારાં કામો કરેલાં અને તેઓ એકદમ સાદાઈથી જીવેલા. સામ્યવાદનાં કેટલાંક તત્ત્વો કાઢીને સમાજવાદી વિચારસરણી બનેલી. એક જમાનામાં ગુજરાતમાં અસરદાર પક્ષ સમાજવાદી પક્ષ હતો.

મને એવું લાગે છે કે સામ્યવાદમાંની કેટલીક બાબતો કાર્લ માર્ક્સની નહીં હોય. તેને માર્ક્સવાદીઓએ પોતાનું આધિપત્ય જળવાઈ રહે એટલે ઊભી કરી હશે, જે હવે દુનિયાભરના દરેક સત્તાધીશોમાં જોવા મળે છે. જેવી કેઃ

- વ્યક્તિની અભિવ્યક્તિની સ્વતંત્રતા છીનવી લેવી
- સરકારનું કહ્યું ના માને તેમને જેલમાં પૂરી દેવા
- લોકોને દયામણા બનાવી દેવા
- ટોક્સિક ફેનબેઝ ઊભો કરવો
- હળાહળ જૂઠું, સતત જૂઠું બોલવું, વિગેરે

સામ્યવાદનો કટ્ટર વિરોધ કરનારા ભાજપ જેવા પણ તેમની ઘણી રીતરસમોનો ભરપૂર ઉપયોગ કરે છે. અભ્યાસુ ઇતિહાસકારો એવું કહે છે કે આરએસએસનો ઉદભવ મુસોલિની અને હિટલરની સફળતાને કારણે તેની રીતરસમોને અપનાવીને થયેલો. એવું એક દળ ઊભું કરવું જેના સભ્યોના ચિત્તમાં સતત એક વાત ભરતા રહેવાની. તેમાં પ્રશ્નો પૂછવાની મનાઈ. તેમાં સંવાદ કે ચર્ચા ન હોય. જે કહેવામાં આવે તે સ્વીકારી લેવાનું. જે કહેવાય તે સત્ય હોવું જરૂરી નથી. ઉલટાનું અસત્ય વધારે જોરથી અને સતત કહેવાનું. લોકોનાં મનમાં તેવું બરાબર બેસી જવું જોઈએ કે જે કહેવાય છે તે જ સત્ય છે. લશ્કરની શિસ્ત અપનાવવાની. હુકમોનું આંખો મીંચીને પાલન કરવાનું. તમારા વિરોધીઓને જબરદસ્તીથી દબાવી દેવાના. તેમાં નૈતિકતાની કોઈ વાત નહીં લાવવાની. વિરોધીઓને દબાવવા હિંસાનો ભરપૂર ઉપયોગ કરવાનો. આ બધી લાક્ષણિકતાઓ કોંગ્રેસ, તૃણમૂલ, સ.પા. એઆઈડીએમકે, વગેરે બધા રાજકીય પક્ષોમાં પણ ઓછેવત્તે અંશે જોવા તો મળે જ છે.

આમ, સામ્યવાદ ભલે નિષ્ફળ થયો, પણ

સામ્યવાદીઓની રીતરસમો ભારે લોકપ્રિય થઈ!

જાણવા જેવી વાત એ છે કે અગાઉની ત્રિપુરાની માર્ક્સવાદી સરકાર(માણિક સરકાર)ને 'બેસ્ટ ગવર્નન્સ'નો

**સામ્યવાદમાંની કેટલીક બાબતો કાર્લ માર્કસની નહીં હોય. તેને માર્ક્સવાદીઓએ પોતાનું આધિપત્ય જળવાઈ રહે એટલે ઊભી કરી હશે, જે હવે દુનિયાભરના દરેક સત્તાધીશોમાં જોવા મળે છે...**

ઍવૉર્ડ મળેલો છે.

આપણી તકલીફ એ છે કે ભક્તોનાં વર્તન પરથી આપણે ગુરુનું કે નેતાનું મૂલ્યાંકન કરીએ છીએ, તે ક્યારેક ખોટું પણ હોઈ શકે. મોટે ભાગે ભક્તો અંધ જ હોય છે. એ ભક્તો ગાંધી, વિનોબા, કૃષ્ણમૂર્તિ કે વિમલાજીના હોઈ શકે. તેમને ભક્તિમાં રસ હોય છે, વિચારમાં નહીં. કેટલાક સામ્યવાદી નેતાઓનાં દીકરા-દીકરીઓ વધુ ભણવા કટ્ટર મૂડીવાદી અમેરિકા ગયા છે અને મોટે ભાગે ત્યાં જ રહી ગયા છે. (સોમનાથ ચેટર્જીનો દીકરો અમારા ડિરેક્ટરની દીકરી તરાના પટેલને પરણેલો. બન્ને અમેરિકામાં સાથે ભણતા હતાં.)

વિનોબાજીએ માર્ક્સની વાત આ રીતે સમજાવી છેઃ

સનતકુમારે વિષ્ણુને પ્રશ્ન પૂછ્યોઃ આ જે ત્રિગુણાત્મક સૃષ્ટિ(સત્ત્વ, રજસ, તમસ-જે ઇન્દ્રિયોનો, વિજ્ઞાનનો વિષય છે) છે, તેનાથી ચિત્ત બન્યું છે કે ચિત્તથી ત્રિગુણાત્મક સૃષ્ટિ બની છે? એટલે કે ચિત્તની અસર સૃષ્ટિ પર થાય છે કે સૃષ્ટિની અસર ચિત્ત પર થાય છે? બિલકુલ માર્ક્સિસ્ટ થિયરીનો સવાલ છે. માર્ક્સે કહ્યું છે કે આપણી કલ્પના, ચિત્ત આ સૃષ્ટિથી બનેલું છે. તેથી સૃષ્ટિમાં પરિવર્તન કરીશું તો ચિત્તનું પરિવર્તન થશે. ચિત્ત બન્યું છે આસપાસની પરિસ્થિતિથી અને વાતાવરણથી. એ પરિસ્થિતિને બદલીશું તો ચિત્ત બદલાઈ જશે.

પહેલાંના વખતમાં દૂર રહેતા પુત્રનો પત્ર જો ૪-૬ મહિને મળે તો'યે સમાધાન થઈ જતું. હવે ૬-૭ દિવસે પત્ર આવે તો પણ સમાધાન નથી થતું. અઠવાડિયે બે પત્રો મળવા જોઈએ. હવે છ માસ એ દીર્ઘકાળ બની ગયો છે. ચિત્તમાં ચંચળતા પેદા થઈ, તે આ નવાં સાધનો બન્યાં તેનાથી થઈ. એટલે કે પરિસ્થિતિમાં પરિવર્તન થયું તેનાથી ચિત્તમાં પરિવર્તન થયું.

આનાથી ઉલટું માનનારા કહે છે, 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'. મારા ચિત્તમાં અપ્રસન્નતા હશે ત્યારે સૃષ્ટિ પ્રસન્ન હોય તોયે મને અપ્રસન્ન લાગશે. સ્વજનના મૃત્યુ વખતે સૃષ્ટિ તેને આનંદ દેવા અસમર્થ છે. આને રિયાલિસ્ટ—વાસ્તવવાદી કહે છે.

અહીં સનતકુમારને જવાબ મળે છેઃ આ બિંબ-પ્રતિબિંબ છે. બન્નેની પરસ્પર અસર થાય છે. આપણે ત્રીજા છીએ. માર્ક્સ આ ત્રીજાને નથી જાણતો. કોની અસર કોના પર થાય છે તે વસ્તુ ગૌણ છે. એ બન્નેથી આપણે ભિન્ન છીએ એ વાત મહત્ત્વની છે.

આજની પરિસ્થિતિની વાત કરીએ તો બહુ લોકો પર આજના માહોલની અસર થઈ છે. ક્યારેક નવાઈ લાગે કે આ માણસ આવું વિચારી શકે? આ વાતને તો કેવી રીતે ટેકો અપાય? આપણામાંના ઘણા તેમના મૂળ સંસ્કારોને છોડીને નવી રીતે વિચારતા થયા છે. વાતાવરણની અસર હેઠળ એવું થાય છે. એટલે માર્ક્સ સાવ ખોટો તો નથી જ.

**નઈ તાલીમમાં અનુબંધ**

અનુબંધિત કેળવણી લેનારનું અનુસંધાન સધાય છે. પોતાની જાત સાથે, આસપાસના સમાજની જીવનશૈલી-સંસ્કૃતિ સાથે, આસપાસના ઉદ્યોગો, ખેતી-ગોપાલન સાથે અને આસપાસના કુદરતી સ્રોતો અને પ્રકૃતિ સાથેનું અનુસંધાન સધાય છે. આવી અનુબંધિત કેળવણીમાં જ સ્વસ્થ-સહકારી સમાજ રચવાની ગુરુચાવી સમાયેલી છે.

- મહાત્મા ગાંધી.

## ૦૩. વિજ્ઞાન અને ટૅક્નોલૉજી

### સંશોધક કદી તૃપ્ત ન થવો જોઈએઃ એન્ડ્રિયા ગૅઝ

ટીમ કોડિયું

---

ઍસ્ટ્રોફિઝિસિસ્ટ એન્ડ્રિયા ગૅઝને આકાશગંગાના કેન્દ્રમાં રહેલા બ્લૅક હોલને શોધવા બદલ ૨૦૨૦નું ફિઝિક્સનું નોબેલ પ્રાઇઝ મળ્યું છે. આ પુરસ્કાર તેણે અન્ય બે વિજ્ઞાનીઓ સાથે શૅર કર્યો છે. તેના નેતૃત્વ હેઠળ કામ કરતી ટીમે આકાશગંગાની મધ્યમાં રહેલા તારાઓની ગતિને ધ્યાન પૂર્વક અવલોકી અને શોધ્યું કે તેઓ કોઈ અત્યંત વજનદાર પદાર્થની આસપાસ ફરી રહ્યા છે. આ બ્લૅક હોલને 'સેજિટેરિયસ-એ' એવું નામ આપવામાં આવ્યું છે અને એની આપણી સૂર્યમાળાની રચનામાં મહત્ત્વની ભૂમિકા હોવાનું મનાય છે. એન્ડ્રિયાએ એની તસવીરો લેવા માટે સ્પેકલ ઇમેજિંગ નામની ટૅક્નિક વિકસાવી છે. આ કેટેગરીમાં અત્યાર સુધી ત્રણ સ્ત્રીઓને નોબેલ મળ્યું છે-૧૯૦૩માં મેરી ક્યુરીને, ૧૯૬૩માં મારિયા ગોપર્ટ-મેયરને અને ૨૦૧૮માં ડૉના સ્ટ્રીક્લૅન્ડને. એન્ડ્રિયા ગૅઝ ચોથી છે. ભારતના કુલ નવ નોબેલ પ્રાઇઝ વિજેતામાં બેને ફિઝિક્સ માટે નોબેલ મળ્યું છેઃ ૧૯૩૦માં સી વી રામનને અને ૧૯૮૩માં સુબ્રહ્મણ્યમ ચંદ્રશેખરને.

એન્ડ્રિયા ગૅઝ, શિકાગો લેબોરેટરી સ્કૂલમાં ભણી છે. આ સ્કૂલ, એન-૧૨ તરીકે ઓળખાતી શિકાગોની નેટવર્ક સ્કૂલોમાંની એક છે, જે શિક્ષણની ગુણવત્તા બાબતે પ્રતિષ્ઠા ધરાવે છે.

ગયા મહિને તેણે બ્લૅક હોલનું અસ્તિત્વ કઈ રીતે સાબિત કરી શકાય એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. નોબેલ સેરીમની પહેલાં 'યુ-શિકાગો ન્યૂઝ'ને મુલાકાત આપતાં તેણે પોતાના વિજ્ઞાન પ્રત્યેના પ્રેમ, સફરમાં આવતાં વિઘ્નો, એને ઓળંગી આગળ વધવાની અનિવાર્યતા અને વિજ્ઞાન ક્ષેત્રે સર્વોચ્ચ માન હાંસલ કર્યા પછી વધી જતી જવાબદારીઓ વિશે અનેક વાતો કરી હતી. પ્રસ્તુત છે આ મુલાકાતનો અંશ.

તમારી વિજ્ઞાન-કારકિર્દી લાંબી છે. કઈ બાબત તમને પ્રેરતી રહી?

આઈ લવ ઇટ. તમે તમારા ક્ષેત્રને પ્રેમ કરતા હો એ સૌથી વધારે અગત્યનું છે. પછી તમે ખૂબ મહેનત કરી શકો, ઘણું બધું સહી શકો. તીવ્રતાથી કંઈક કરતા હોઈએ ત્યારે, પછી એ જિંદગીની વાત હોય કે વિજ્ઞાનની, જાતજાતના અનુભવો થાય. મને નિષ્ફળતા શબ્દ ગમતો નથી. કોઈ બીજો શબ્દ હોવો જોઈએ, કારણ કે નિષ્ફળતા જેવું ખરેખર કંઈ હોતું નથી. નિષ્ફળતા એટલે રસ્તા પર ખાડાટેકરા આવે ને તમે એને માટે તૈયાર ન હો-તમે જુદું વિચાર્યું હોય, જુદી રીતે આયોજન કર્યું હોય. પડકારને સંભાવના અને તક તરીકે કેવી રીતે જોવા એ મુખ્ય છે. હું મારાં બાળકોને પણ આ જ કહું છું, કે ઊભા થતાં, શું નથી થતું એ શોધી કાઢતા અને આગળ વધતા આવડવું જોઈએ. શીખવાનું શીખી લઈ ચાલતા રહેવું એ અગત્યનું છે. કેમ કે આ તો જિંદગીનો હિસ્સો છે. તમે ગમે તે ક્ષેત્રમાં હો, આ થવાનું જ. તમે પોતાને કઈ રીતે 'રિપોઝિશન' કરશો એ પર તમારી પ્રગતિનો આધાર રહેશે.

તમે પડકારને તક તરીકે જોયો હોય એવું ક્યારે બન્યું છે?

જેનાથી મને નોબેલ મળ્યો, એ પ્રયોગ પહેલી વાર કરવાનો પ્રસ્તાવ મેં મૂક્યો ત્યારે એને ઠુકરાવી દેવામાં આવ્યો. મારા માટે એ પ્રયોગ, એ વિચાર બહુ જ સારો હતો. મને ખ્યાલ આવ્યો કે તમે જ્યારે એક જૂથ સમક્ષ એવો વિચાર રજૂ કરતા હો જે આ પહેલાં કોઈએ કદી ન કર્યો હોય ત્યારે તમને એ ગમે તેવો અદ્ભુત લાગતો હોય, એ લોકો એને સ્વીકારે એ જરૂરી નથી. એટલે મને એ વિચાર

વધારે સ્પષ્ટ, વધારે ધારદાર બનાવવાની જરૂર પડી. તો એ તક હતીઃ તેમને શું નથી ગમ્યું તે શોધવાની, મારા તર્કને વધુ ધાર આપવાની.

વિજ્ઞાનમાં સૌથી રસપ્રદ પ્રક્રિયા આ છે—કોઈ એવી વ્યક્તિ સાથે વાત કરવી જેનું દૃષ્ટિબિંદુ તમારાથી સાવ જુદું હોય. એમાંથી ક્યારેક ગહન સત્યો નીકળી આવતાં હોય છે, તો ક્યારેક આપણા કામની નબળી બાજુ છતી થતી હોય છે. એટલે જ મને યુનિવર્સિટીઓમાં મારા કામ વિશે બોલવું ગમે છે. કેમ કે તેનાથી જુદા જુદા શ્રોતાઓ સમક્ષ જઈ શકાય છે. બને કે તેઓ તમને કોઈ નવું પરિમાણ, નવું તત્ત્વ ચીંધી આપે.

**વિજ્ઞાન એટલે સતત અર્થપૂર્ણ પ્રદાન. યુવાન વિજ્ઞાનીઓ, તમારા કામને સમજો, જોખમો લો, વિસ્તરતા જાઓ અને પોતાની સભરતા અને વિશ્વની ભલાઈ આ બેમાંથી એક પણ ન વિસરો...**

તમે શરૂ કર્યું ત્યારથી માંડીને આજ સુધીમાં તમારા ક્ષેત્રમાં અનેક ફેરફાર થયા હશે. તમને એથી કેવું લાગે છે?

છેલ્લા થોડા દાયકાઓમાં એસ્ટ્રોનોમી અને એસ્ટ્રોફિઝિક્સ ક્ષેત્રે મોટાં પરિવર્તનો આવ્યાં છે. તેનું મોટું કારણ ટૅક્નૉલોજિકલ પ્રગતિ છે. બ્રહ્માંડને અવલોકવાનાં એટલાં બધાં નવાં અને શક્તિશાળી સાધનો આપણી પાસે છે કે તેના વિશેની આપણી જાણકારીમાં અને એથી શિક્ષણમાં પણ જબરદસ્ત ફેરફારો થયા છે. હમણાં સુધી આપણે આપણી સૂર્યમાળા બહારના અવકાશ વિશે બહુ ઓછું જાણતા હતા. આકાશગંગાનું કેન્દ્ર અત્યંત રસપ્રદ ક્ષેત્ર છે. એની જાણકારી આપણને અનેક નવા પ્રશ્નો અને એના જવાબોની દિશામાં લઈ જાય તેમ છે. એટલે હું ખૂબ ઉત્તેજના અનુભવું છું. લોકો પૂછે છે, 'આટલા બધા વર્ષ પછી પણ તમે આ ક્ષેત્રમાં છો? 'હું કહું છું, હા, હજી તો ઘણું કરવાનું બાકી છે.'

યુ-શિકાગો લેબોરેટરી સ્કૂલ સાથેના અનુભવે તમારો વિજ્ઞાન તરફનો દૃષ્ટિકોણ ઘડ્યો એવું અનુભવો છો ખરા?

ચોક્કસ. જેમ જેમ મારા અનુભવો વધતા જાય છે તેમ તેમ મને અહીં મેળવેલા શિક્ષણની વધારેને વધારે કદર થતી જાય છે. એમનો દૃષ્ટિકોણ વિદ્યાર્થીઓને શીખવાની પ્રક્રિયા સાથે જોડવાનો હતો. કેવી રીતે પ્રશ્નો કરવા એ શીખવવાનો હતો. આજે હું જે રીતે વિચારું છું તે સાચી દિશામાં ઊઠતા સવાલોનું જ પરિણામ છે. ત્યાં મને જુદા જુદા સ્તરોમાંથી આવતા સાથીઓ મળ્યા, જેનાથી મને સામાન્ય રહેવામાં અને પછી અસામાન્ય થવામાં બન્ને રીતે એક ભૂમિકા મળી.

વિજ્ઞાન સામે અત્યારે સૌથી મોટો પડકાર કયો?

સૌથી મોટો પડકાર એ છે કે આ સમય સત્યો અને તથ્યોની વિભાવનાઓ સામે મોટું પ્રશ્નચિહ્ન બનીને ઊભો છે. અત્યારે વિજ્ઞાને સૌથી વધારે અગત્યના ખુલાસાઓ આપવાની ક્ષણનો સામનો કરવાનો છે.

નોબેલ સેરીમની સ્પીચ તૈયાર કરતી વખતે મનમાં શું છે?

હું કૃતજ્ઞ છું. આભારી છું કે મને કામ કરવાનું વિરાટ ક્ષેત્ર મળ્યું, તક મળી, દૃષ્ટિકોણ મળ્યો, સારા શિક્ષકો અને માર્ગદર્શકો મળ્યા, શિક્ષણસંસ્થાઓ મળી, ભંડોળ મળ્યું, સહયોગીઓ મળ્યા. આ બધા વગર હું અહીં સુધી ન પહોંચી હોત. મને નોબેલ કમિટી તરફથી ફોન આવ્યો ત્યારે એક ક્ષણ તો હું માની ન શકી. નોબેલ મળવું એ આનંદની વાત છે, જો કે મેં કશું મેળવવાના ધ્યેયથી કામ કર્યું નથી. મેં તો એકાગ્રપણે મહેનત કર્યે રાખી હતી. પણ એની આ રીતે કદર થવાથી મને એક અજબ તૃપ્તિનો અહેસાસ થાય છે. આશા રાખું આ તૃપ્તિ મારા હવે પછીના સંશોધનોને નહીં અવરોધે. સંશોધક કદી તૃપ્ત ન થવો જોઈએ.

નોબેલ મળ્યા પછી તમારામાં શો ફરક પડ્યો છે?

ફિઝિક્સમાં નોબેલ મેળવનારી હું ચોથી સ્ત્રી છું. લોકો મને 'સ્પોક્સ પર્સન ઑફ સાયન્સ' માને છે. મને મારી જવાબદારી ખૂબ વધી ગઈ હોય એવું લાગે છે. દરેક સન્માન, દરેક તક વિશેષાધિકાર અને કર્તવ્યો સાથે લઈને આવે છે.

મારી ભૂમિકા હવે વધારે દૃશ્યમાન થશે. હું આખી સ્થિતિને ખૂબ ગંભીરતાથી જોઉં છું. નોબેલને હું ફિઝિક્સને, વિજ્ઞાનના મોટા ક્ષેત્રને, નવી પેઢીને અને મને પોતાને વધારે આગળ વધારવાની તક માનું છું. મને સતત એના વિચારો આવે છે.

યુવાન વિજ્ઞાનીઓને શી સલાહ આપવાનું મન થાય?

એ જ કે તમને જેમાં રસ છે, તમને જે ઉત્તેજે છે એ શોધી કાઢો અને શોધખોળથી કદી ન થાકો. કઈ પળે કોઈ ચમત્કારિક પરિણામ મળશે, એ કહી શકાય નહીં. હું શિક્ષક બનવા નહોતી માગતી કારણ કે મને જાહેરમાં બોલવાનો ભારે ક્ષોભ હતો. હું ગ્રેજ્યુએટ થઈ એ ગાળામાં મારે એક ટૉક આપવાની આવી અને મને યાદ છે કે હું પગથી માથા સુધી શબ્દશઃ ધ્રૂજતી હતી. પણ મારા માર્ગદર્શકનું કહેવું એમ હતું કે મારે શીખવતા રહેવું. મને એ ગમવા લાગ્યું અને ભય ચાલ્યો ગયો ત્યારે ખબર પડી કે મારામાં શિક્ષણ માટેની ‘પૅશન’ રહેલી છે! એટલે. વિજ્ઞાનમાં હોવું એટલે સતત અર્થપૂર્ણ પ્રદાન કરી શકાય એ સ્થિતિમાં હોવું. યુવાન વિજ્ઞાનીઓને હું એ જ સલાહ આપીશ કે તમારા કામને સમજો, જોખમો લો, વિસ્તરતા જાઓ અને વધતા રહો. પોતાની સભરતા અને વિશ્વની ભલાઈ આ બેમાંથી એક પણ ન વિસરવું. વિકસતા રહેવું, વહેતા રહેવું.

વાત કરું એક નદીની, તમને વાત કરું એક નદીની;
હસતી, રમતી, ગાતી, મુસ્કુરાતી... વાત કરું એક નદીની.

ખુશીઓ એ આપતી ને બધાને ઝગમગાવતી;
ઊમળકા આનંદના ઉરમાં છલકાવતી... વાત કરું એક નદીની.

અચાનક આવ્યો એ વળાંક અને પ્રવાહ પલટાવતી;
આઝાદી એ પોતાની બધામાં ભેળવતી... વાત કરું એક નદીની.

પોતે અથડાતી, મથડાતી, જકડાતી ને ઠેબાં ખાતી;
ખુદ સહન કરીને બધાને ચમકાવતી... વાત કરું એક નદીની.

હું શું કહું આ સમાજને સ્ત્રીલિંગથી એ અભડાતો;
એ સ્ત્રી હોય કે નદી, બધાને અટકાવતો... વાત કરું એક નદીની.

આખરે સમાજ તો આ પુરુષોનો,
આગળ વધે એક નદી, એ શાને સહન કરવાનો?

આખરે ભળી નદી દરિયામાં સાબિત કરી રીતભાત સમાજની;
આ વાત કહી મેં નદીની... આ વાત કહી મેં નદીની!

- ઉમા ચાવડા (વિદ્યાર્થિની, લોકભારતી)

## આત્મખોજી અધ્યાપક : શ્રી કુમુદભાઈ ઠાકર

ડૉ. મહેશ સી. વાઘેલા

જૂના રાધનપુર સ્ટેટના કુશળ, લોકપ્રિય મામલતદાર દયાશંકર ઠાકર-નર્મદાબહેનના ગૃહસ્થે તા.૧૩-૧૨-૧૯૩૩ના રોજ પુત્રરત્ન કુમુદભાઈનો જન્મ થાય છે. મુંઈપુર, પંચાસર, સમી, ડૉ. પંડ્યા અભ્યાસગૃહ-પાટણ, સેવાદળ છાત્રાલય-વિસનગર, રાધનપુર, વિરમગામ, ખેતીવાડી કૉલેજ-આણંદ, દિલ્હી ખાતે જીવનના શિક્ષણના પડાવો વટાવતાં વટાવતાં ૨૩ વર્ષની ભરજુવાનીએ લોકસેવા મહાવિદ્યાલય લોકભારતીમાં ખેતી અધ્યાપક તરીકે જોડાય છે. લોકભારતીમાં પૂ. નાનાભાઈ ભટ્ટ અને પૂ. મનુભાઈ પંચોળીનું સાન્નિધ્ય સાંપડે છે. શ્રી રતિભાઈ અંધારિયા, ન.પ્ર. બુચ, જયંતીભાઈ દેસાઈ, લક્ષ્મણભાઈ પટેલ, ભાણજીભાઈ વગેરે જેવા અનેક સાથીઅધ્યાપકોનો સહવાસ સાથ મળ્યો. ઉમાશંકર જોષી, પંડિત સુખલાલજી, સ્વામી આનંદ, નગીનદાસ પારેખ જેવા અનેક ગાંધીજનો, વિદ્વાનો પૂ. નાનાભાઈના અભિનવ કેળવણીના માળખાને ખીલવવા, મદદ કરવાના સદ્ભાવથી લોકભારતી આવીને યજ્ઞકાર્યમાં આહુતિ આપે છે. જેના થકી કુમુદભાઈ લોકભારતીમાં સદાયને માટે સમર્પિત થઈને ખેતી અધ્યાપક તરીકે જોડાયેલા હતા. સમયના કાળચક્રની સાથે સાથે આચાર્ય, મુખ્ય ગૃહપતિ, નિયામક, ટ્રસ્ટી તરીકેની કામગીરીમાં આયખાના ૪૬ વર્ષ નિષ્કામભાવે, એકાત્મકભાવે લોકભારતીને સમર્પિત થઈને પોતાની જાતને અને સંસ્થાને ઊજળા બનાવ્યાં છે.

શ્રી કુમુદભાઈ લોકભારતીમાં કૃષિઅધ્યાપક તરીકે જોડાયા બાદ પૂ. નાનાભાઈ ભટ્ટ અને પૂ. મનુભાઈ પંચોળી ખેતીના ઉચ્ચ અભ્યાસ માટે ઇન્ડિયન એગ્રિકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ-દિલ્હી ખાતે અનુસ્નાતક-ડિપ્લોમાની પદવી મેળવવા મોકલે છે. ક્ષેત્રવિદ્યા વિષયમાં 'ઘઉંના પાકમાં પિયત પદ્ધતિઓની અસર' વિશે સંશોધનકાર્ય કર્યું. જે બાબત વિષય સજ્જતામાં ખૂબ મહત્ત્વની સાબિત થયેલી જોવા મળે છે.

શ્રી કુમુદભાઈ કહે છે કે લોકભારતીમાં ટકી ગયો તે માટે મુખ્ય ત્રણ બાબતો છે.

૧. શ્રી મોતીભાઈ ચૌધરી-સેવાદળ છાત્રાલય-વિસનગરના ગૃહપતિ.

૨. શ્રી બબલભાઈ મહેતા-આણંદ ખેતીવાડી કૉલેજના અભ્યાસકાળથી સંપર્ક તેમના આગ્રહ થકી જ અન્યત્ર કામ મળતું હોવા છતાં લોકભારતીમાં જોડાયો.

૩. સ્વ. નિર્મળા-સહધર્મચારિણી-દરેક કામના મજબૂત ટેકેદાર. કુટુંબના તમામ પ્રસંગો, પ્રશ્નો સુપેરે પતાવ્યા.

શ્રી કુમુદભાઈના કાર્ય અંગે 'સદભિ:સંગ'માં પૂ. મનુભાઈ પંચોળીએ પાના નં.૨૪૬ પર ટાંક્યું છે કે 'આવા નવામાંના એક કુમુદભાઈ બી.એસસી.(એગ્રી.) થઈને આવેલા. ઓછું બોલે, પણ કામ જરાય ઓછું નહિ. ગમે ત્યાં મૂકો. બુચભાઈની જેમ કશીય આનાકાની વિના કરે, અને તે પણ ચીવટથી. ગમતું કે અણગમતું ગમે તે કામ હોય ચીવટાઈમાં વધઘટ નહીં. આને હું આધ્યાત્મિક સંપત્તિ ગણું છું. કુમુદભાઈમાં એ ઠીક પ્રમાણમાં છે. નાની ઉંમરે આટલી સમતા કે આટલી અનાસક્તિ કોઈક ભાગ્યશાળીમાં જ હોય. બુચભાઈ કરતાં એમની એ વિશેષતા કે કડવા-આકરા નિર્ણયો ટાળવાનો પ્રયત્ન કર્યા પછી કરવા પડે તો કરે. ધીરથી સામા માણસને સમજાવે. પણ પોતાના નિર્ણયમાં હાલક-ડોલક ન થાય. શરીર સંપત્તિ કાંઈ સારી ન ગણાય. તેમનું હીર અમે

પારખ્યું અને પુસા ઇન્સ્ટીટ્યૂટ-દિલ્હીમાં આગળ અભ્યાસ કરવા મોકલ્યા. પ્રથમ વર્ગમાં એમ.એસસી. થયા, પણ ભાગ્ય એવું કે જે વિષયમાં તેઓ પારંગત થયા તેના કરતાં જુદું જ, નિયામકનું કામ કરવાનું એમને આવ્યું. હિસાબ, સરવૈયા, બજેટ, પરિપત્રો, સભાઓ, કમિટીઓ, સીમાડાના સવાલના વિવાદોમાં તેમને દટાઈ જવું પડ્યું. ગંજાવર બોજ વચ્ચે પણ તેમની સમતા કાયમ રહી છે, તે તેમના આંતરિક અધ્યાત્મની નીપજ છે. તેમના ફાઈલો-કાગળોથી ઊભરાતા ટેબલની નીચે જોઈએ તો કૃષ્ણમૂર્તિ કે રમણ મહર્ષિનાં પુસ્તકો હોય. હું ધારાસભામાં ગયો ત્યારથી તેમણે નિયામકનું કામ સંભાળ્યું તે આજ લગી. તેમાં જ ડૂબતા-તરતા, તરતા-ડૂબતા રહ્યા, તેવા જ સુલભ મંદહાસ્ય સાથે.'

મોટાગજાના કેળવણીકાર, સાહિત્યકાર, ઇતિહાસકાર, ગાંધીજન પૂ. મનુભાઈ પંચોળી જેવા શ્રી કુમુદભાઈનાં કામ, ગુણોની સાદર નોંધ લે પછી કોઈ એવોર્ડ કે માનપાનની જરૂર રહે ખરી!

શ્રી કુમુદભાઈ લોકભારતીની જવાબદારી વહન કરતાં કરતાં દાદા ધર્માધિકારી, બર્ટ્રાન્ડ રસેલ, રમણ મહર્ષિ, જે. કૃષ્ણમૂર્તિ, ઓશો-રજનીશ, વિમલતાઈ ઠાકર, પૂ. મોટા-નડિયાદ, પાંડુરંગશાસ્ત્રી-સ્વાધ્યાય પરિવાર, શ્રી શ્રી રવિશંકર, દાદા લેખરાજ-બ્રહ્મકુમારીઝ, બાબા નાગરાજજી-જીવનવિદ્યા વગેરે વાંચે છે. જીવનમાં વાચનને ચિંતનમાં પરિવર્તિત કરીને તે તૃષામાં જીવન જીવવાનો આદર્શ પ્રયાસ કરે છે.

શ્રી કુમુદભાઈ અમીબહેનના ગંભીર અકસ્માત સમયે, પિતાજીના અવસાનના સમાચાર સમયે, માતૃશ્રી ફતેપુરના ઘેર ચોમાસાના ઘોડાપુરમાં ફસાયેલાના સમાચાર સમયે પોતાના શાંતપણાનો, પરિસ્થિતિનો સમય અનુસાર સ્વીકાર કરી પોતાના દૃઢ મનોબળના સૌને દર્શન કરાવે છે, તે સૌને હેરત પમાડે છે. શ્રી કુમુદભાઈના જીવનમાં નિર્મળાબહેનનું અદકેરું સ્થાન રહેલું છે. પોતાના આંગણે આવનાર સૌ કોઈને સદાય પ્રેમાભર્યો મીઠો આવકાર, સમય અનુસાર સૌને ચા-નાસ્તો, જમવાના સમયે જમાડીને સૌને પોતાના પ્રેમથી સદાયને માટે ભીંજવતા રહ્યા. શ્રી કુમુદભાઈ લખે છે કે મેં ઘણી વખત નિર્મળાને કહ્યું ચાલો, વતનમાં જઈને ખેતી કરીશું. ત્યારે નિર્મળા ખૂબ જ સહજતાથી કહે છે કે આપણાં બાળકોને ભણતર માટે આવું સંસ્કારમય વાતાવરણ બીજે ક્યાંય નહીં મળે. લોકભારતી માટે પોતાનામાં કેટલી મોટી સમજણ!

શ્રી કુમુદભાઈએ લોકભારતીમાં ૪૬ વર્ષના કાર્યકાળમાં વેરેલા અનેક બીજ આજે સમાજમાં ફૂલી-ફાલી વૃક્ષ બનીને સંવર્ધિત થતાં ગયાં છે. તેઓએ શ્રી કુમુદભાઈ માટે લાગણીઓ, અનુભવો, સંવેદનાને શબ્દબદ્ધ કરીને 'જીવન અને વિદ્યાના સમન્વયાચાર્ય-કુમુદભાઈ ઠાકર' નામે અભિવાદનગ્રંથ તૈયાર થઈને સમાજ સન્મુખ આપેલ છે. ૩૩૪ પુષ્ઠ, ૭૨ ફોટોગ્રાફથી ગ્રંથ તૈયાર થયેલ છે. ગ્રંથનાં પાને-પાને શ્રી કુમુદભાઈના જીવનકર્મનું રસપાન, અનેક વાતો, વિચારો, લાગણીઓ, ગુણ-દર્શન, લોકભારતી માટે અખૂટ-અતૂટ પ્રેમભાવ પૂ. નાનાભાઈ ભટ્ટ અને પૂ. મનુભાઈ પંચોળી માટે અનન્ય સમર્પણભાવનું દર્શન કરાવે છે. સમગ્ર ગ્રંથ પાંચ વિભાગમાં વહેંચાયેલો છે. પ્રથમ વિભાગ માટે સાથીઓ તરફથી ૨૬ લેખો મળ્યા છે. સાથીઓએ શ્રી કુમુદભાઈને જે રીતે જોયા, અનુભવ્યા તેના લેખોના શીર્ષક જેમ કે જીવનવિદ્યાના કસબી, સમયના સારથિ, એક વિરલ વ્યક્તિત્વ, કર્મશીલ કુમુદભાઈ, મનજિત સ્થિતપ્રજ્ઞ, સરળતા અને નમ્રતાની મૂર્તિ, સાત્ત્વિક વ્યક્તિત્વ, કુશળ વહીવટદાર, ધૈર્યવાન નિયામક વગેરે થકી શ્રી કુમુદભાઈના વ્યક્તિત્વનાં અનેક પાસાંઓને ઊંડાણપૂર્વક ઉજાગર કર્યા છે.

બીજા વિભાગમાં શ્રી કુમુદભાઈએ લોકભારતીમાં અનેક વિદ્યાર્થીઓને શિક્ષણ આપી તેના જીવન ઘડતરમાં જે ભૂમિકા ભજવી છે, તે સંદર્ભે ૩૮ લેખો મળ્યા. જેના શીર્ષકો અમારા વિદ્યાગુરુ, કર્મયોગનું એવરેસ્ટ, વ્યક્તિને પારખનાર ઝવેરી, લોકભારતીના ગાંધી, અખંડ પુરુષાર્થી,

પંચમુખી રુદ્રાક્ષ, વત્સલ વડીલ, સ્થિતપ્રજ્ઞ, એક સત્યનિષ્ઠ વ્યક્તિત્વ મૂલ્યનિષ્ઠ સારસ્વત, ડેમોક્રેટ વગેરે થકીથી કુમુદભાઈના બહુઆયામી વ્યક્તિત્વને પોતપોતાની રીતે મૂલવવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે.

વિભાગ-૩માં ગુજરાતમાં કાર્યરત નઈ તાલીમના વડીલો, શુભેચ્છકો તરફથી ૧૭ લેખો મળ્યા છે. કૃષિઋષિ, લોકભારતીનું કનક, પ્રસન્નતાનું ઝરણું, ક્રાંતદર્શી, અનોખો અવતાર, હકારાત્મક વિચારણાની પ્રેરણા, આચાર-વિચારનો શુભસમન્વય, પવિત્ર સાતત્યના માણસ, પ્રકૃતિઓથી ધબકતો આત્મા, જેવા શીર્ષક થકી શ્રી કુમુદભાઈ લોકભારતીમાં કાર્યરત રહીને ગુજરાતમાં નઈ તાલીમ, બુનિયાદી શિક્ષણ માટે મથામણ કરનાર સૌને માટે, સદાય માટે હકારાત્મક અભિગમથી હૂંફ, પ્રેરણા, મદદ, સલાહ, માર્ગદર્શન થકી જે રીતે ઉપયોગી થયા તેનું લાગણીસભર વર્ણન જોવા મળે છે. સાત જેટલી નઈ તાલીમની સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા.

વિભાગ-૪માં પરિવારજનો તરફથી ૧૯ લેખો મળ્યા છે. કુમુદભાઈનો બહોળો પરિવાર-પરિવારના મોટા ભાગના સદસ્યો લોકભારતીમાં જનમ્યા, ઊછર્યા, ભણ્યા, જેઓ મોટાભાગે આજે ગુજરાતમાં નઈ તાલીમની સંસ્થાઓમાં કાર્યરત છે. નિષ્ઠા-સેવાનો પર્યાય, દિવ્યજીવનની આનંદયાત્રા, સફળ વ્યક્તિત્વની સાત ટેવો વગેરે શીર્ષક હેઠળ આત્મીયતા, લાગણી, હૂંફ, પ્રેમ, સ્વતંત્રતા જેવા અનેક માનવીય સદગુણોનું સુંદર નિરૂપણ જોવા મળે છે.

વિભાગ-૫માં શ્રી કુમુદભાઈએ લોકભારતીમાં ૪૬ વર્ષ સંસ્થાપુરુષ તરીકે કાર્ય કરતાં-કરતાં કૃષિ, ગ્રામશિબિર, બુનિયાદી કેળવણી, નઈ તાલીમ, ગ્રામવિકાસ, ગ્રામવિદ્યાપીઠ, ગ્રામાભિમુખ ઉચ્ચ અભ્યાસનું સ્વરૂપ વગેરે અંગે જે વાચન-ચિંતન-મનન થકી આલેખાયેલા લેખોનો સમાવેશ કરવામાં આવેલ છે. વર્ષો પહેલાં લખાયેલું લખાણ આજે પણ હજુ ગઈ કાલે જ લખાયું હોય તેટલું પ્રસ્તુત, ઉપયોગી લાગે છે. લખાણમાં કામ, વિચાર, લોકભારતી, પૂ. નાનાભાઈ અને પૂ. મનુભાઈ માટે સમર્પણ ભાવનાં દર્શન થાય છે.

સમગ્ર અભિવાદન ગ્રંથનું અવલોકન કરતાં સતત વિકસતા વ્યક્તિત્વનાં દર્શન થાય છે. અધ્યાપક, આચાર્ય, મુખ્યગૃહપતિ, નિયામક, ટ્રસ્ટી તરીકેની કામગીરી દરમિયાન હરતી-ફરતી વિદ્યાપીઠ, મિશનરી ભાવથી વિદ્યાર્થીઓને સતત જ્ઞાનનું અમૃત પીરસ્યા કરે છે. સમગ્ર જીવનમાં સક્રિયતાના અખંડ દર્શન થાય છે. મોટી ઉંમરે પોતાની જીજ્ઞાસાવૃત્તિ, જ્ઞાનપિપાસાવૃત્તિને જીવંત રાખવા સામાજિક માધ્યમો વોટ્સએપ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામનો ઉપયોગ કરીને સૌની સાથે સંવાદ થકી જીવંત સંપર્ક જાળવવા સંનિષ્ઠ પ્રયાસ કરે છે. અધ્યાપક, આચાર્ય, મુખ્યગૃહપતિ, નિયામક, ટ્રસ્ટી કેવા હોય તે અંગેના અનેક પ્રેરણાદાયક પ્રસંગો જાણવા મળે છે. બુનિયાદી તાલીમની અનેક બાબતોને ઉજાગર કરતાં બનાવો જોવા મળે છે. નઈ તાલીમના કાર્ય સાથે સંકળાયેલા સૌ લોકોએ, સંસ્થાઓએ આ ગ્રંથ વસાવવો જોઈએ-વંચાવવો જોઈએ. દરેક શૈક્ષણિક સંસ્થાએ આ ગ્રંથને પ્રોત્સાહન આપીને વિદ્યાર્થી, શિક્ષક સમુદાય સુધી નૈતિક જવાબદારી સમજીને પહોંચાડવો જોઈએ.

શ્રી કુમુદભાઈ જીવતરની ઢળતી સંધ્યાએ ગંભીર અકસ્માત, પ્રોસ્ટેટનું ઓપરેશન જેવી મોટી બીમારીમાં પોતાના મજબૂત મનોબળથી હેમખેમ બહાર આવ્યા હતા. વૈશ્વિક મહામારી કોરોનાએ શ્રી કુમુદભાઈને પરમતત્ત્વ તરફ ગતિ કરાવી. શ્રી કુમુદભાઈ પોતાના કર્મથકી લોકભારતીમાં, વિદ્યાર્થી સમુદાયમાં, શુભેચ્છકોના દિલમાં, પરિવારજનો સન્મુખ સદાયને માટે પરોક્ષ રીતે સંકળાયેલા રહેશે તેમાં શંકાને સ્થાન નથી.

અસ્તુ

(મંગલભારતી ગ્રામ વિદ્યાપીઠ, ગોલાગામડી, તા. સંખેડા, જિ. છોટાઉદેપુર ૩૯૧૧૨૫, મો. ૯૪૨૭૬૬૫૦૨૧)

## ૦૫. કૃષિ-ગોપાલન અને ગ્રામોત્થાન

### પંખીજગતનો અજાયબ બાળઉછેર

હીરજી ભીંગરાડિયા

---

જેને જેને પાંખો હોય એ બધાં પંખી થોડાં ગણાય? પાંખો તો કેટલાય કીટ-પતંગિયાંને અને વડવાંગડાંને પણ ક્યાં નથી હોતી? પંખીઓના શરીર પર પીંછાં હોય છે પણ મોંમાં નથી હોતા દાંત કે નથી હોતું ગંધ પારખે એવું સક્ષમ નાક! અરે, ખોરાકનો સ્વાદ પારખી શકે એવી સ્વાદેન્દ્રિય પણ પૂરતી ખીલેલી ન હોવા છતાં કુદરતે એમને ચપળ કાન અને તેજસ્વી દૃષ્ટિ બક્ષ્યાં છે. આપણને જાણીને નવાઈ લાગે કે એમના શરીરની ગરમી આપણા શરીરની ગરમી કરતાં ૨-૩ ડિગ્રી વધારે હોય છે. અને એનાં પીંછાં એવાં મંદવાહક હોય છે કે વાતાવરણની અતિશય ઠંડી કે અતિશય ગરમી સહન કરી શકવા તેઓ સક્ષમ બનતાં હોય છે.

સૃષ્ટિના આયોજનમાં પંખી-સૃષ્ટિનું સ્થાન અનેરું છે. પંખીઓ ન હોત તો માણસોને ખાવા પૂરતું અન્ન મળવું મુશ્કેલ બનત, કારણ કે અનાજનો નાશ કરનારાં મોટાં ભાગનાં જીવડાંઓ અને ઉંદરડાનો નાશ પંખીઓ દ્વારા થતો હોય છે. ફૂલોમાં સ્ત્રી-કેસર-પુંકેસરનું મિલન કરાવી ફળાવવાનું અને વનવગડે બિયાં વેરીને વનસ્પતિના વિસ્તરણનું બહુ મોટું કામ પંખીઓ દ્વારા થતું હોય છે.

આવી પંખીસૃષ્ટિમાં બાળ ઉછેરનું કામ કેવી વિવિધ રીતે થતું હોય છે, તે જાણવું આપણા માટે રસપ્રદ થઈ પડશે.

બાળ અવસ્થા: દરેક બાળે શરૂઆતમાં તેનાં વાલીઓ પર નિર્ભર રહેવું પડે છે, કારણ કે દેખભાળ અને પાલન-પોષણની પોતાને જરૂર હોય છે. પણ જીવ-જંતુઓનાં બચ્ચાં ઘણું-ખરું મનુષ્યો અને પંખીઓનાં બચ્ચાંની સરખામણીમાં વધારે આત્મનિર્ભર હોય છે. તેઓ જન્મ્યાં પછી ટૂંક સમયમાં જ ચાલવા ફરવા લાગે છે. પણ મનુષ્યો અને મોટાભાગના પંખીઓનાં બચ્ચાંને ઘણા દિવસો સુધી દેખ-ભાળની આવશ્યકતા રહે છે.

આમ તો માનવ-બાળની અન્ય કોઈ પણ પશુ-પક્ષી સમાજ સાથે સરખામણી કરવી બરાબર ન ગણાય. કારણ કે મનુષ્ય પાસે તો કેટલાંય પ્રકારનાં સાધન-સુવિધાઓનો પાર હોતો નથી. જેના ઉપયોગ થકી પોતાનાં શિશુઓનું સુપેરે પાલન-પોષણ કરી શકે છે. પણ પંખીઓ પાસે તો વધી વધીને એક નાનકડો 'માળો' જ હોય છે. એમાં જ ઈંડાં સેવનથી શરૂ કરી બચ્ચાંને ચણ આપી ઉછેર કરવા ઉપરાંત ઊડવાનું અને શત્રુઓથી પોતાની રક્ષા કરવાનું પ્રશિક્ષણ અને પ્રેમ પણ માળામાં જ આપવાનાં હોય છે.

શિશુપાલનની જુદી જુદી રીતોઃ પંખીઓની પ્રજાતિઓમાં આપણને અચંબામાં નાખી દે એવી શિશુપાલનની જુદી જુદી રીતો છે. કબૂતર, હોલાં, કાગડા, લેલાં, ચકલાં વગેરેનાં બચ્ચાં ઈંડામાંથી બહાર નીકળ્યાં પછી ઘણું-ખરું ત્રણેક અઠવાડિયાં માળામાં જ પડ્યાં રહે એવાં અસહાય હોય છે. ઘણા દિવસો એ આંખો પણ ખોલી શકતાં હોતાં નથી. એટલે ખોરાક માટે પણ વાલીગણને આધારિત જ હોવાનાં! અરે, એટલે સુધી કે માળો છોડ્યા પછી પણ ઘણા દિવસો તે આજુબાજુમાં ઊડાઊડ કરી માતપિતા પાસે ચાંચ પહોળી કરી ખાવાનું માગ-માગ કરતાં હોય છે.

તો કેટલાંક તેતર, મરઘાં, સારસ, શાહમૃગ, ટીટોડી, મોર, બતક જેવાનાં બચ્ચાં ઈંડાંમાંથી બહાર આવીને તરત જ તગ..તગ તગ..તગ દોડવાનું શરૂ કરી દેતાં હોય છે. એટલું જ નહીં, તેનાં માતપિતા શિખવાડે એમ જમીન કે પાણી પરથી ખોરાક વીણવા પણ લાગી પડે છે અને ૨-૩ દિવસમાં એ પૂર્ણપણે આત્મનિર્ભર થઈ પોતાનું રક્ષણ કેમ કરવું તે પણ શીખી લેતા હોય છે.

બાળઉછેર માટે પાયાની અને પ્રાથમિક જરૂરિયાત હોય છે 'માળો': પોતાનાં બચડાં ઊછરી રહે અને બહારના આક્રમણોથી બચી રહે એ માટે કૂતરાં બનાવી લેતાં હોય છે 'બખોલ'. ઉંદરડાંના આવા રહેઠાણને આપણે 'દર', તો

સિંહ-વાઘના રહેઠાણને 'બોડ' અને પંખીઓનાં બચ્ચાં ઉછેર માટેની ખાસ રચનાને આપણે 'માળો' કહીએ છીએ.

પંખીઓમાં ઈંડાં આપવાનો સમય થાય તે પહેલાં નર-માદા બન્ને માળાની વ્યવસ્થામાં લાગી જતાં હોય છે. મોટાભાગના પંખીઓ ઝાડની ડાળીઓ પર માળો બાંધતાં હોય છે. નર પંખી માળાને લગતો સામાન-ઘાસ-પાંદડાં-તણખલાં-દોરા વગેરે લાવી અંબાવ્યા કરે છે અને માદા પોતાની ઈચ્છાનુસાર માળાનું બાંધકામ કરતી હોય છે.

કેટલાક સુઘરી જેવાં પંખીઓના માળા દેખાવમાં તો સુંદર હોય જ, તદુપરાંત મજબુતાઈ પણ એટલી હોય છે કે આંધી-તોફાન કે વરસાદમાં પણ એને વાંધો આવતો નથી. જ્યારે હોલાં અને કબૂતર પાંચ-દસ સાંઠીકડાં ભેળાં કરી, સાવ વેઠ ઉતારી હોય, એવો માળો બનાવી ઈંડાં મૂકી દેતાં હોય છે. દરજીડાનો માળો જોયો છે ક્યારેય? ઝાડના પાંદડાંને રીતસર ટાંકા લઈ એવું ઘર બનાવેલું હોય કે શિકારીને પણ ભૂલાવામાં નાખી દે! જ્યારે પોપટ-કાબર જેવાં દિવાલોમાં બાકોરું ભાળી જાય તો ત્યાં અને નહીં તો ઝાડવાના થડના પોલાણમાં. તો કાગ-કુટુંબ વળી હોય બહુ ચતુર! સલામતી માટે ઠેઠ અંકાશેલી ડાળ પસંદ કરી ત્યાં માળો બાંધે છે. બુલબુલનો માળો એટલે વાટકડી જ જોઈ લ્યો! એ વળી કોઈપણ ડાળી પર હોય ઝૂલતો! ટીટોડી જમીન પર કાંકરા ભેળા કરી, તો ઢેલ-મોર કડબની ગંજી-ઓઘા મળે તો ઠીક, નહીં તો વાડીઓમાં ઘાટા ઘાસની વચ્ચે ઊભેલ ઝાડના થડ પાસે જગ્યા કરી, ત્યાં ક્યારેક ચાર તો ક્યારેક પાંચ લાડવા જેવડા સફેદ ઈંડાં મૂકતાં નિહાળ્યા છે.

કળિયો કોશી માળો તો બાંધે ઝાડવે જ, પણ એની સામગ્રી હોય શિકારી પંખીઓના ખેંચેલાં પીંછાઓની! જાણે શિકારી પંખીઓને પડકાર કર્યો હોય! એટલે જ્યાં કાળિયા કોશીનો માળો હોય એ જગ્યાની આસપાસ હોલાં, પીળક, લેલાં જેવાં અસોળ પંખીઓ પોતાના માળા બાંધતા હોય છે, પછી શી મગરૂર કે કાગડા, ખેરખટ્ટા, સમળી, બાજ કે ગીધ જેવા ચોર લુંટારા કાળિયાના માળાવાળા ઝાડ પાસે ફરકવાની હિંમત કરે!

અમારા ઘેર 'પંચવટી' માં ગોળ દૂધી-તુંબડીઓમાં ઘરચકલીઓ માળા કરે એવી બહુબધી સગવડ ચકલાંઓને કરી દીધી છે અને એને એ વ્યવસ્થા બહુ ફાવી ગઈ છે. ચકલાં પાશ્ચાત્ય સંસ્કૃતિ-સમાજની જેમ રાત્રે ક્યારેય આ તુંબડી-ખોખાંના માળામાં રાત્રિ રોકાણ નથી કરતાં. ઈંડાં-બચ્ચાં માળામાં રાખીને પોતે તો સલામત સ્થળ-ફળિયાંનાં કાંટાળા બોગન-લીંબુડી-ગોલા-ઉમરાન બોરડીના ઝાડવાંમાં જ રાતવાસો કરતાં ભળાય છે.

ઈંડાંસેવનઃ સુધરીને ધૂળ થઈ ગયેલ માનવ-સમાજમાં જેમ પોતાના શિશુને સ્તનપાન કરાવવાથી નારાજ સ્ત્રીઓ ક્યાંક ક્યાંક જોવા મળી રહી છે; બસ, તેવા જ નિર્દય કોયલ અને બપૈયા કુળમાં જોડાં હોય છે. તે કદી પોતાનો માળો બનાવતા જ નથી. કોયલ કાગડાના માળામાં, તો બપૈયા જંગલી લેલાંના માળામાં ખૂબ ચાલાકીથી-કહોને છેતરામણથી પોતાના ઈંડાં મૂકી દઈ, શિશુપાલનની પોતાની જવાબદારીઓથી મુક્ત થઈ જાય છે. એને બાદ કરતાં મોટા ભાગના પંખી સમાજમાં માળામાં ઈંડાં મૂક્યા બાદ તેનું સેવનકાર્ય મોટે ભાગે માદા જ કરતી ભળાય છે. પરંતુ કેટલાંક પક્ષીઓમાં-જેમ કે કબૂતરમાં ઈંડા પર બેસી, જરૂરી ગરમી આપી, ઈંડાસેવનનું કાર્ય નર કબૂતર જ કરે છે. તો કેટલાક પક્ષીઓમાં નર માદા બન્ને મળીને વારાફરતી ઈંડા સેવતા હોય છે. જ્યારે માદા પક્ષી ઈંડા સેવે છે ત્યારે નર પક્ષી તેની ખોરાકી વ્યવસ્થામાં લાગેલ હોય છે.

શાહમૃગની ઈંડાસેવનની રીત વળી સાવ નિરાળી છે. તે પોતે પોતાના ઈંડાં સેવવાનું કામ કરતું નથી કે કોયલ-બપૈયાની જેમ બીજા કોઈ પંખી પાસે પણ સેવાવતું નથી. એ તો સૂર્યકિરણોની ગરમીથી જ પોતાના ઈંડાને યોગ્ય ગરમાવો અપાવે છે. માદા શાહમૃગ મગરની જેમ રેતીમાં ખાડો કરી, અંદર ઈંડા મૂકી, ઉપર રેતીથી ઢાંકણ કરી વાળે છે, જેથી તેના ઈંડાંને દિવસ દરમ્યાન તડકાથી ગરમી મળે. રાત્રે એ જગ્યા પર બેસી નર શાહમૃગ ગરમી આપે છે. યોગ્ય સમયે માદા શાહમૃગ ઈંડાં ઉપરથી રેતી દૂર કરી વાળે છે, એટલે બચ્ચાં બહાર આવી જાય છે.

જ્યારે ટીટોડીના ઈંડાં તો હોય ખુલ્લા મેદાન કે ખેતરમાં કાંકરા ભેગા કરી ધરતી પર બનાવેલ માળામાં, અને ઋતુ પણ હોય ખરા ધોમધખતા ઉનાળાની! પણ ઉનાળાનો એ સખત તાપ ઈંડાંને દઝાડી ન મારે એટલા વાસ્તે

નર માદા બન્ને વારાફરતી જ્યાં ક્યાંય પાણી હોય ત્યાં પોતાનું પેટ પલાળી, લાવી ઈંડા પર બેસી, વધુ પડતી ગરમી સામે ઈંડાંનું રક્ષણ કરે છે. કારણ કે ઈંડાંમાં બચ્ચાના વિકાસ માટે એક નિર્ધારિત તાપમાન હોવું જરૂરી છે. તેથી સહેજ પણ ઓછું કે સહેજ પણ વધુ હોય તો ઈંડાંની અંદર જ બચ્ચાંનું મૃત્યુ થઈ જાય છે.

આહારઃ એક પંખીનિરીક્ષકના મત અનુસાર પંખીઓનાં બચ્ચાં બહુ ખાઉધરાં હોય છે. ચકલાં, કાબર, વૈયાં જેવા પંખીઓ કૂણો કૂણો ખોરાક ચાંચમાં પકડી લાવી બચ્ચાંના મોઢામાં મૂકા-મૂક કરતાં હોય છે. એમના કહેવા અનુસાર એક કલાકમાં ૨૪ વખત માળામાં આવી બચ્ચાંને ખવરાવી જાય છે. દિવસભરના ૧૬ કલાકમાં ૩૮૪ વાર એવા ૧૮-૨૦ દિવસ બચ્ચાંના શિશુકાળ દરમ્યાન એક બચ્ચું કેટલાં જીવડાં આરોગી જાય તેનો હિસાબ કરી લેજો!

નર અને માદા કબૂતર પોતાની ચાંચથી બચ્ચાંને એક વિશેષ પ્રકારનો દૂધ જેવો ઘટ્ટ પદાર્થ ખવરાવે છે. આ પદાર્થ કબૂતરે ચણેલ દાણામાંથી તેના ગળાની થેલી અંદર બનતો હોય છે, તેને 'પીઝીયન મિલ્ક' કે 'કબૂતરનું દૂધ' કહે છે. બગલાની રીત વળી સાવ જ નિરાળી છે. બગલાં પોતે ખોરાક ખાય છે અને અરધો-પરધો પચેલો ખોરાક મોઢામાં બહાર લાવે છે અને બચ્ચાં માબાપના મોઢામાં ચાંચ નાખી ખાઈ લે છે.

પંચવટીબાગની થોરની વાડ્યના ઢૂવામાં અમે નજરે નિહાળ્યું છે કે તેતરડીનાં બચ્ચાં ઈંડાંમાંથી બહાર નીકળતાં જ દોડવા માંડે છે, જેથી બચ્ચાંના મોઢામાં ચણ મૂકવાની મહેનત તેતરની માદાને કરવી પડતી નથી. બચ્ચાંને જાતે ચણવાની શીખ આપવા એક ઠેકાણે જમીન પર તેતરડી ચાંચ મારે કે બચ્ચાં કદુક...કદુક કરતાં ત્યાં દોડી આવે અને પોતે પણ પગથી ધરતી માંડે ખણવા અને જે મળ્યું તે લાગી જાય છે ચણવા!

ઊડવા માટેનું પ્રશિક્ષણઃ ઈંડામાંથી બહાર નીકળ્યા પછી માતા-પિતા દ્વારા અપાયેલ ખોરાક ખાતાં-ખાતાં બચ્ચાના શરીરના વિકાસની સાથોસાથ એની પાંખોનો પણ વિકાસ થાય છે. આમ તો 'ઊડવું' એ પંખીઓને પ્રકૃતિએ આપેલ જન્મજાત સ્વભાવ છે. છતાં કેટલાંક બચ્ચાંને તેને માટે પ્રશિક્ષણની જરૂર હોય છે. અને એ પ્રશિક્ષણ એના માતપિતા જ આપતાં હોય છે. ઊડવા માટે બચ્ચાને ચાંચ મારી વિવશ કરે છે અને પાછો પોતાનો સહારો પણ આપે છે. બગલો પોતાના બચ્ચાંને ઊડવાની સાથોસાથ માછલી પકડવાની કળા પણ શીખવે છે. બાજ અને ગરુડ જેવા શિકારી પક્ષી માળામાંથી બચ્ચાંને બહાર કાઢી બચ્ચાં સામે માંસનો ટુકડો હવામાં ઉછાળી પકડવા મજબૂર કરે છે, જેનાથી તે ઊડતા જીવ-જંતુનો શિકાર કરતાં શીખી જાય છે.

**પંખીઓનાં બચ્ચાં બહુ ખાઉધરાં હોય છે. ચકલાં, કાબર, વૈયાં જેવા પંખીઓ એક કલાકમાં ૨૪ વખત માળામાં આવી કૂણો કૂણો ખોરાક બચ્ચાંના મોઢામાં મૂકામૂક કરતા હોય છે. દિવસભરના ૧૬ કલાકમાં ૩૮૪ વાર!**

ટીટોડીના બચ્ચાં નાનાં હોય અને એની મા પડખાંમાં રાખી હરવા-ફરવા અને ચણ ચણવા શીખવતી હોય ત્યારે કોઈ શિકારી કૂતરું-બિલાડું, શિકારી પંખી કે આપણે માણસ સુધ્ધાંથી નજીક આવી જવાય તો 'સંતાઈ જાઓ...સંતાઈ જાઓ' જેવો ભાષાસંકેત આપવા માંડે. બચ્ચાં માળામાં હોય ફોદા ફોદા જેવડાં સાવ ઝીણકુડાં, પણ એના માતપિતાનો સંકેત મળતાં જ ખેતરના ઢેફાં, પાંહ, શેઢો, મોલાત ગમે તે હોય-ત્યાં ને ત્યાં ધરતી સાથે એવા જડાઈ જઈ લપાઈ જાય કે માથે પગ આવી જાય તોયે ખસે કે ઉંહકારો કરે એ બીજા!

આ રીતે પંખીઓ પોતાના બચ્ચાંને ફક્ત ચાલતાં, ફરતાં, તરતાં, ઊડતાં કે શિકાર કરતાં જ નથી શિખવતાં, પણ તેમને દાણા ચણવાનું અને પોતાની સુરક્ષા કરવાનું પણ નૈસર્ગિક પ્રશિક્ષણ આપે છે. આ ઉપરાંત બીજી કેટલીય જરૂરી વાત-વિગત પક્ષી પોતાની અંતઃપ્રેરણાથી કે પછી દેખા-દેખીથી શીખી લે છે. આમ પંખીઓમાં શિશુપાલન ખૂબ અનોખું હોય છે અને પ્રકૃતિમાં પ્રત્યેક પગલે ઉપસ્થિત માતૃત્વની ભાવનાથી પરિચિત કરાવે છે.

(પંચવટીબાગ, માલપરા, જિ. બોટાદ મો.૯૩૨૭૫ ૭૨૨૯૭)

# ૦૬. અભિવ્યક્તિ

**પત્ર—ઝલક**

રમણીક સોમેશ્વર

---

પત્રો અને ડાયરી એ બે એવાં લેખનસ્વરૂપો છે જેમાં લખનારના ચિત્તના સહજ સંવેદનો આપણે પામી શકીએ છીએ. પત્રો કે ડાયરી ગ્રંથસ્થ થઈ આપણને મળે એ જુદી વાત છે, પરંતુ બહુધા એ છપાવવાના હેતુથી નથી લખાયાં હોતાં. તેથી જ અકૃતક અને નિખાલસ હોય છે. કોઈ એક સમયે પત્ર—લેખન એ એક એવો અજાયબ સેતુ હતો જે પત્ર—સંવાદ કરનાર હૃદયો માટે અનિવાર્ય આવશ્યકતા બની ગયેલો. (ટેક્નૉલૉજીએ આણેલી ઓટ છતાં આજે પણ અનેકો માટે એનો મહિમા અખંડ રહી શક્યો છે) તેથી જ કદાચ ધીરેન્દ્રભાઈ એક પત્રમાં મને લખે છે ટપાલવ્યવસ્થા અંગેની આ કાલાતીત વાતઃ

'જેણે આ ટપાલવ્યવસ્થાની કલ્પના કરી છે એ માનવજાતિના આખાય ઇતિહાસમાં સૌથી મોટો માણસ છે. એણે માનવજાતિ ઉપર જે ઉપકાર કર્યો છે, તે કોઈ કાળે ફેડી શકાવાનો નથી. આ ઘડીએ મારું સમગ્ર સંવિત એને વંદના કરે છે. જો પત્રવ્યવહારની શોધ થઈ ન હોત તો માનવજાતિનું શું થાત? એ જીવી કેવી રીતે શકત.'

હા, અમારા પ્રત્યક્ષ પરિચયનો આરંભ થયો એક નાનકડા પોસ્ટકાર્ડથી, પ્રોફેસર ધીરેન્દ્ર મહેતા ૧૯૭૬માં અમદાવાદની ગુજરાત કૉલેજમાંથી બદલી પામી ભુજની આર. આર. લાલન કૉલેજમાં આવ્યા. 'કવિલોક' જેવા સામયિક અને આકાશવાણીએ કવિતા દ્વારા ઓળખની રેખા તો આંકી આપેલી. પહેલાં પત્રમાં નિમંત્રણ કૉલેજમાં કાવ્ય—વાચન માટેનું અને હૂંફભર્યું ઇજન ઘેર સાથે જમવાનું. ત્યારથી 'જીવન છાયા' નામે એક હૂંફાળું ઘર મને ભુજમાં મળી ગયું.

તો હવે આપણે પત્રોને જ બોલવા દઈએ. વાંચો વર્ષ ૧૯૭૯નો આ એક પત્ર :

"પ્રિય રમણીક,

ગઝલ ગમી. એક ગીત મોકલું છું. હજુ હમણાં જ લખાયું છે. જો જો, કંઈ કરવા જેવું લાગે તો વિચારી રાખજો. મળીશું. 'નવનીત—સપ્ટે.માં વાર્તા જોઈ? 'કવિતા' મારે જોવાનું બાકી છે.

હવે ક્યારે આવો છો? નૂતને ગઈ બારમીએ એક સુંદર પુત્રીને જન્મ આપ્યો છે. નામ પાડયું વેણુ.

'ચિહ્ન' દ. ગુ. યુનિ.માં એમ.એ. માટે પાઠ્યપુસ્તક તરીકે નિયત થઈ.

ઘરમાં સૌ કુશળ હશો. મિત્રોને યાદ.

-ધીરેન્દ્રનાં વંદન"

સદ્ય લખાયેલું એ ગીત હતું 'પ્રથમ માતૃત્વનું ગીત' — એ સંવેદનને થોડી પંક્તિઓ દ્વારા જ માણીએઃ

તારું રડવું
મારે કંઠે છૂટે હાલરડુંઃ હાલાં!
હમણાં અહીંયા હતી
હું પળમાં ક્યાં જઈ ચડુંઃ હાલાં!

અંગત ઊર્મિ અને સર્જનાત્મક ગતિવિધિ કેવાં સંકળાયાં! પુત્રી જન્મના સમાચારની ઘટના અભિવ્યક્તિનું રૂપ લે છે, ગીતમાં અને ગીત બિડાય છે પત્રમાં! સંયત વ્યક્તિત્વ અને ઊર્મિ-વ્યાપ, બેનો મેળ આ રીતે મળે છે.

નવી લખાતી કવિતાનું આદાનપ્રદાન એ અમારી પત્રધારાનો પ્રમુખ સૂર. સાહિત્યજગતની પ્રવૃત્તિઓ સાથે સંસારવાતો પણ ચાલતી રહે. એ જ વરસના ઓક્ટોબરમાં બીજો પત્ર આવે છે જેમાં વાત છે ડિસેમ્બરમાં વડોદરામાં યોજાનાર ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનની.

"પ્રિય સોમેશ્વર,

પરિષદ ૨૨-૨૩-૨૪ ડિસેમ્બર છે. આપણે ૨૧મીએ શુક્રવારે નીકળીએ. મને ૨૫મીથી નાતાલનું વેકેશન પડશે. વેકેશનની સાથે C.L. કે કોઈ પણ પ્રકારની રજાઓ જોડી શકાય નહિ એવો નિયમ છે. ૨૨-૨૩-૨૪, મને Duty Leave મળશે પરંતુ Duty Leave તો પરિષદના દિવસો પૂરતી જ મળી શકે ને? આથી ફરવા માટે આપણે પરિષદ પછીના દિવસો જ રાખીશું, તમે એ રીતે અનુકૂળતા મેળવી લેશો. તમને અભિનંદન, આકાશવાણીએ તમને સુગમ સંગીત માટેના કવિ તરીકે માન્યતા આપી છે.

-ધીરેન્દ્રનાં સ્મરણ

સાહિત્ય પરિષદના એ અધિવેશનમાં ધીરેન્દ્રભાઈએ એમાં એમની તાજી નવલકથા 'ચિહ્ન' વિશે વાત કરી જે ખાસ્સી પ્રભાવક રહી. પરિષદ દરમિયાન ધીરેન્દ્રભાઈની સંગાથે આપણી ભાષાના અનેક સુવિખ્યાત સર્જકોને જોવા-સંભાળવાનો અવસર મળ્યો. અને પછી ભીડભાડમાં, મુશ્કેલીઓ વચ્ચે, ટ્રેઈન કે બસના પ્રવાસમાં દઢતાપૂર્વક ઝઝૂમતા અને પ્રવાસને માણતા ધીરેન્દ્રભાઈનો આગવો પરિચય પણ આ પ્રથમ પ્રવાસમાં જ મને મળી ગયો.

પણ હવે હું તમને વાત કરું ૧૯૮૦ના એક પત્રની જેમાં વિગતો છે રમેશ પારેખના કાર્યક્રમની. કોઈપણ કાર્યક્રમના આયોજનની એમની શૈલી, સૂઝ અને શક્તિનો પરિચય એ દ્વારા મળી રહેશે.

"પ્રિય સોમેશ્વર

આજે સવારે રમેશનો તા.૩૦મીનો પત્ર મળ્યો છે. તેણે ભુજ આવવાનું સ્વીકાર્યું છે અને ભાઈ અરવિંદ વીસાણી(જાણીતા લોકગાયક અરવિંદ બારોટ) સાથે મંત્રણા કરીને આખો કાર્યક્રમ ગોઠવવાની જવાબદારી સોંપી છે.

એ પછી અમરેલીથી ભુજ આવવા માટેની બસોના સમયો જાણીને આ વિગતવાર પત્ર લખીને તમને આજે જ પહોંચે એવી તજવીજ કરી રહ્યો છું. (અહીં ચારેક પૅરેગ્રાફમાં વિગત છે, જે સ્થળસંકોચને કારણે મૂકી નથી)

અંતિમ નિર્ણય તમારા પર, એટલે અંજારના મિત્રો પર છોડું છું. નિર્ણય લઈને તેની જાણ રમેશને તાર દ્વારા કરી દેશો. કારણ કે પત્ર-વ્યવહાર જેટલો સમય રહેશે નહીં. આ જવાબદારી તમારી.

હવે વાત અહીંના કાર્યક્રમની. આજે મને વિચાર આવ્યો કે આ પ્રભાત રમેશ પારેખનું જ ઊગવા દો. કેમ લાગે છે? રમેશની રચનાઓનું ગાન હોય અને અરવિંદનો કંઠ ન હોય તો આપણને કેટલો ક્ષોભ થાય! હું આ સાથેના પત્ર દ્વારા એમને વિનંતી કરું છું અને આગ્રહ કરવાનું બલકે સ્વીકાર કરાવવાનું તમારા પર છોડું છું. એમને એક C.L. કદાચ(શનિવારની) લેવી પડે. પણ એટલું જરૂર કરે.

- ધીરેન્દ્ર"

હવે વાત કરું એમના ૧૯૮૪ના એક ગઝલ સાથેના પત્રની-

"પ્રિય સોમેશ્વર,

નવી નકોર ગઝલ ઉપર ઉતારી છે. તમારાં સૂચનો જોઈશે. 'ઉત્તરા'(વાર્ષિકી)નો અંક ગઝલના વિશેષરૂપે જાન્યુ '૮૫માં પ્રગટ થશે. સંપાદકો શ્રી મકરંદ દવે અને અમૃત ઘાયલ, તમારી એક સુંદર રચના તત્કાલ ઘાયલભાઈને મોકલી આપો. મારે એક લેખ પણ આપવાનો છે. આધુનિક ગુજરાતી ગઝલમાં ભાષાકર્મ અને ધર્મવિશે લખવા વિચારું છું. સમય બહુ જ ઓછો છે. અપાયેલી સમયમર્યાદા તો વીતી જવા આવી. દરમિયાન બીજો એક લેખ અને વ્યાખ્યાન કરવાનાં છે. જોઈએ...

વડોદરાનો કાર્યક્રમ મોટે ભાગે યથાવત રહેશે. વડોદરા જઈશું તો ચાણોદ—કરનાળી, શુક્લતીર્થ પણ જવું છે.

-ધી.નાં સ્મરણ"

'ઉત્તરા' વાર્ષિકીના એ વિશેષાંકમાં પછી અમારી ગઝલો અને ધીરેન્દ્રભાઈનો અભ્યાસલેખ પ્રકાશિત થયાં. પત્રમાં જેનો ઉલ્લેખ છે એ આકાશવાણી—કવિ સંમેલન વડોદરાના રાજમહેલમાં યોજાયું. 'શૂન્ય' પાલનપુરી, અમૃત 'ઘાયલ', 'ગની' દહીંવાલા, ભગવતીકુમાર શર્મા, રાજેન્દ્ર

શુક્લ આદિ નામાંકિત કવિઓ સાથેનું અમારું એ કવિ સંમેલન ખાસ્સું યાદગાર રહ્યું. તે પછી ચાણોદ—કરનાળીનો પ્રવાસ, શુક્લતીર્થના અતિથિગૃહમાં રોકાણ, કબીરવડના દર્શન—એ બધાં વચ્ચે ધીરેન્દ્રભાઈના પ્રકૃતિપ્રેમ અને સાહસવૃત્તિને પણ અમે જોતાં રહ્યા.

**પત્રો કે ડાયરી ગ્રંથસ્થ થઈ પુસ્તક સ્વરૂપે આપણને મળે એ જુદી વાત છે, પરંતુ બહુધા એ છપાવવાના હેતુથી નથી લખાયા હોતા. તેથી જ અકૃતક અને નિખાલસ હોય છે.**

હવે હું તમને વાત કરું ૧૯૮૭ના એક પત્રની જેમાં કેન્દ્રીય સાહિત્ય અકાદમી(દિલ્હી) દ્વારા ભુજમાં આયોજિત કચ્છી કવિતા વિશેના એક સેમિનારની વાત છેઃ

"પ્રિય સોમેશ્વર

પત્ર મળી ગયો છે. મેં નહોતું કહ્યું? તમારા પર જ આવવાનું હતું ને આવ્યું ને? તમે આટલી હદે તૈયારી બતાવો છો તે તમારી કવિતા માટેની પ્રીતિ, નિષ્ઠા અને મારા પ્રત્યેનો સદભાવ સૂચવે છે. તમારો વિષય સરળ છે અને તમારે એમાં સરળ અભિગમથી જ કામ કરવાનું છે, એનું કારણ એ કે કચ્છના કાવ્ય સાહિત્ય અંગે હજુ પ્રાથમિક કક્ષાનું સર્વેક્ષણ જેવું કામ પણ થયું નથી. વધુ ઊંડાણમાં જવા પહેલાં તે થવું જોઈએ. તો વિશેષ ઉપયોગી થાય. અનુભૂતિ = સંવેદન = કાવ્યનો વિષય.

૧. કચ્છી કાવ્ય સાહિત્યમાં કયા કયા વિષયોનું નિરૂપણ થયેલું છે?
૨. કચ્છીમાં શૂન્યતા, એકલતા, નિઃસારતાનું નિરૂપણ પણ થયેલું છે, કારણ કે કચ્છીને નગરજીવનનો અનુભવ પણ છે. આમ, કચ્છી ભાષામાં લખાયેલી કવિતાનો અનુભૂતિ—સંદર્ભ કચ્છ પ્રદેશ બહારનો પણ છે. પણ કચ્છી ભાષામાં લખાયેલી હોવાથી એ કવિતા કચ્છની કવિતા,
૩. આથી ઊલટું, ગુજરાતીમાં લખાયેલી હોવા છતાં એ જો કચ્છ પ્રદેશનો અનુભૂતિ સ્તરે સંદર્ભ ધરાવતી હોય તો એ કચ્છની કવિતા કહેવાય.
૪. આ બેઉ સ્તરે અનુભૂતિનાં રૂપો કેવાં છે—સ્થૂળ—સૂક્ષ્મ!
૫. અનુભૂતિ ક્ષેત્રની દૃષ્ટિએ કચ્છના કાવ્ય સાહિત્યનું મૂલ્યાંકન.

આટલા મુદ્દાઓ તમે ઉદાહરણો સાથે વિસ્તારશો તો પૂરતું થશે. હું હજુ આજથી લેશન શરૂ કરીશ. દરમિયાન તમને મોકલવા જોગ સાહિત્ય ધ્યાનમાં આવશે તો મોકલી આપીશ.

અંજાર, ગાંધીધામ, આદિપુરથી કેટલાંક મિત્રો હાજરી આપી શકે તો સારું, રાષ્ટ્રીય અકાદમી કચ્છી કવિતા વિશે પરિસંવાદ કરતી હોય ત્યારે માવજીભાઈ સાવલાએ પણ હાજરી આપવી જોઈએ.

ધીરેન્દ્રનાં સ્મરણ"

કચ્છ અને કચ્છી ભાષા સાહિત્ય પ્રત્યેનો એમનો અનુરાગ, ખેવના અને અભ્યાસ નિષ્ઠા પણ અહીં આપણને જોવા મળે છે—એ પરિસંવાદમાં મારે 'કચ્છી કવિતામાં અનુભૂતિ તત્ત્વ' એ વિષય પર પેપર વાંચવાનું હતું. ધીરેન્દ્રભાઈનું માર્ગદર્શન તો મને હંમેશા મળતું રહ્યું છે, પણ જરૂર પડ્યે સંદર્ભ સાહિત્ય પણ એમની પાસેથી સાંપડ્યું છે.

કચ્છી સાહિત્ય વિશેની જ થોડી વધુ વાત એમના ૧૯૮૯ના એક પત્રમાં—ત્યારે તેઓ કચ્છી કવિ રાઘવ પર કામ કરતા હતા :

"પ્રિય સોમેશ્વર,

રાઘવ વિશેના તમારાં સૂચનો મને સમયસર મળી ગયાં અને મારા કામમાં તેથી ઘણી સરળતા રહી. રાઘવમાં રસ પડે એવું છે. એના વિશે વિસ્તૃત અભ્યાસ કરવા જેવો છે.

તુલનાત્મક દૃષ્ટિએ પણ ઘણું જોઈ શકાય એવું એનામાં છે પરંતુ એ તો ફડકેભાઈ જેવાનું કામ. કરે તો આપણી ભાષાની મોટી સેવા થઈ ગણાય. કચ્છી કવિતાના પરિચયથી મને એમ જણાયું કે આવા અભ્યાસક્ષમ મુદ્દાઓ એમાં ઘણાં છે પણ ક્યાં કોઈ કરે છે?

'સંતાસંત દર્પણ' શ્રી ફડકેભાઈને સાભાર પહોંચાડવા વિનંતી સહ આ સાથે તમને મોકલી આપું છું.

- ધી.નાં સ્મરણ''

(પત્રમાં જેમનો ઉલ્લેખ છે એ શ્રી પ્રભાશંકર ફડકેનો લેખ 'કચ્છી સાહિત્યઃ અર્વાચીનોમાં આદ્ય—કવિ રાઘવ', 'ફા.ગુ.સ. ત્રૈમાસિક': જુલાઈ—સપ્ટેમ્બર-૨૦૧૪માં પ્રકાશિત થયો. 'સંતાસંત દર્પણ' એ કવિ રાઘવનો કાવ્યગ્રંથ)

'પરંતુ ક્યાં કોઈ કરે છે?'- એવો પ્રશ્ન કરીને ધીરેન્દ્રભાઈએ વાતને મૂકી ન દીધી પણ તેઓ પોતે પૂરી લગનથી કચ્છી ભાષા—સાહિત્ય માટે કામ કરતા રહ્યા. 'પ્રવાસી'ની રવિવારીય પૂર્તિમાં કચ્છી કવિતાની આસ્વાદ શ્રેણી શરૂ કરેલી છેઃ 'તૃણના શિખરથી આકાશ દર્શન.' આ લેખમાળા પછીથી ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'ઘટડો મિંજ તો ગરે' નામે પ્રકાશિત થઈ એ સુજ્ઞો જાણે છે.

મિત્રોના પ્રતિભાવોનું એમને મન મૂલ્ય. એ પ્રતિભાવોને તેઓ ગંભીરતાથી લે અને વખત આવ્યે ઉલ્લેખ પણ કરે. ધીરેન્દ્રભાઈનું પરિશીલન, અભ્યાસનિષ્ઠા વ. પણ એમના પત્રોમાંથી પ્રગટ થતા રહે. કયારેક એકાદ—બે પંક્તિમાં પોતાના અભ્યાસનું તારણ તેઓ સહજતાથી સચોટ રીતે મૂકી આપેઃ

''પ્રિય સોમેશ્વર,

હમણાં મેઘાણીના પત્રોનું અધ્યયન એકાદ મહિનાથી ચાલે છે. SNDT દ્વારા પ્રકાશ્ય ગ્રંથ માટે લેખ લખવા કાજે. આજે નોંધો પૂરી કરી. કાલથી લખવા માંડીશ. અહાહા! શું પત્રો છે! એ વાંચ્યા વિના મેઘાણીનો પરિચય જ ન થાય.

'કચ્છમિત્ર' નો લેખ લગભગ ૩૮ પાનાંનો સોંપી દીધો. થોડી વાર્તાઓ પણ લખવાની છે અને એક મહાનિબંધનું પરીક્ષણ. ભણાવવા માટે વાંચવાનુંય ઘણું છે- તો પણ આ કશામાં દિલ લાગતું નથી. આમાં ને આમાં એકાવન તો ગઈકાલે ઉશેટાઈ ગયા.

ભલે!

-ધી.''

સજીવ સંવાદ, સ્નેહ સંવાદ અને સ્મરણ માધુરી જેવા પત્રો, અને તેમાં ઝલમલતી એક છવિ, તેમ જ કચ્છ જેવા દૂરસ્થ પ્રદેશમાં ધબકતી સાહિત્ય પ્રવૃત્તિને ઝીલતી આ આછી—પાતળી પત્ર— રેખામાંથી પણ એમના બહુ આયામી, અભ્યાસનિષ્ઠ અને સૃજનશીલ વ્યક્તિત્વની કેવી રોચક ભાત ઉપસે છે, નહીં!

ઓકોટોબર – ૨૦૦૦ના એક પત્રમાંથી થોડા શબ્દોઃ

પત્રની મજા જુદી છે. ખાસ કરીને પ્રિયજનો પરના પત્રની(જો કે, બીજાને તો આપણે લખીએ પણ ક્યાં છીએ?) તમે એક એક શબ્દને ચગળતા હો તેમ ઉતારી શકોપ એય નિરાંતે લંબાવીને વાંચી શકો—એક વાર, બે વાર,ત્રણ વાર... જેવો પત્ર! ફોનમાં એવી મજા નથી, શું?

સાહિત્ય હોય કે રોજિંદું જીવન-સંકેતોમાં જ વાત કરવાની એમને ટેવ. ૨૦૦૨નો પત્ર કહે છેઃ

''પ્રિય સોમેશ્વર,

શબ્દની સાથે મારે કંઈ અજબ રીતે કામ પડ્યું છે. એણે મને સભરતાનો અનુભવ કરાવ્યો છે, તેમ મારા મનમાં અરુચિ પણ પેદા કરી છેઃ વાચાળ માણસો મને ક્યારેય ગમ્યા નથી. ઘરમાં પણ કંઈ ફોડ પાડીને કહેવું પડે ત્યારે અકળાઈ જવાય, માણસો સંકેતથી કેમ સમજતા નહિ હોય!

- ધીરેન્દ્રના સ્મરણ''

તો, આ થોડી પત્ર ઝલક સંકેત રૂપે.

(રમણીક સોમેશ્વર , C/o ડૉ. દર્શના ધોળકિયા,

ન્યુ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે, ભુજ (કચ્છ) - ૩૭૦૦૦૧ , મો. ૯૪૨૯૩૪૨૧૦૦)

## ૦૬. અભિવ્યક્તિ

**નવી પાંખો, નવું આકાશ, નવી ચેતના.**

હરેશ ધોળકિયા

ફરી એક નવું વર્ષ શરૂ થયું. આ વર્ષ થોડું હળવું છે. કોરોનાનો ભય થોડો ઘટ્યો છે. પ્રજા હવે થોડી હળવાશ અનુભવે છે. તેનો પ્રભાવ દિવાળી ઉત્સવ દરમ્યાન જોવા મળ્યો. લોકો આનંદથી બહાર નીકળ્યા હતા. આ વખતે જો ભીડ ઓછી લાગતી દેખાતી હતી, તો તેનું કારણ ચારે બાજુ જે વાઈરલ માંદગીએ ભરડો લીધો તે છે. આ વખતની શરદ ઋતુ થોડી તોફાની બની છે. ક્યાંક કોરોના ચમકારા મારે છે, પણ શરદ ઋતુના વિવિધ તાવો કંઈક આ સમયે વધારે જોવા મળે છે. વેકેશનમાં સામાન્ય રીતે પ્રવાસન સ્થળોમાં ભીડ જોવા મળે, આ વખતે દવાખાનાંઓમાં વધારે ભીડ જોવા મળે છે. લોકો હેરાન છે. એક તો માંદગી, તેમાં દવાખાને જવું પડે. અને ખાનગી દવાખાનાં તો ભયંકર મોંઘાં! અંદર દાખલ થયા કે ખિસ્સાની હલાલી થવી શરૂ થઈ જાય. બહાર નીકળે ત્યારે કદાચ માંદગી દૂર થઈ હોય, પણ આર્થિક રીતે પાયમાલ થઈ ગઈ હોય વ્યક્તિ! દિવાળી હોળીમાં ફેરવાઈ ગઈ હોય. અને આ પરિસ્થિતિ હવે બદલાવાની નથી. કોઈને કોઈ રોગ તો હવે આવતો જ રહેવાનો છે. હવેના રોગો સામાન્ય રોગો નથી. એક બાજુ ભયંકર પ્રદૂષણ વધતું જાય છે. બીજી બાજુ ક્લાઈમેટ ચેન્જનો પ્રભાવ વધવા લાગ્યો છે, જે પણ પૃથ્વીને હેરાન કરે છે. ચીન જેવા દેશો પ્રયોગશાળાઓમાં એવાં જંતુઓ બનાવે છે યા તેના પર પ્રયોગો કરે છે જે વાતાવરણમાં પ્રસરી જૈવિક રોગો ઉત્પન્ન કરે છે. રસાયણોની અસરો પણ વધવા લાગી છે. અને ગંદકી કરવામાં તો આપણે 'પહેલે નંબરે' છીએ. એટલે એ પણ રોગો જ આપે, બીજું શું કરે! અને આપણા વહીવટકારો તો અણઆવડતવાળા અને પૈસા એકઠા કરવાની એક જ ઇન્દ્રિય ધરાવનારા છે, એટલે તેઓ ગામ કે નગરનો વહીવટ કરી શકે તેમ નથી. એટલે પણ રોગો વધવાના. એટલે હવે નાગરિકોએ પોતે સુધરીને જાતે જ કેમ સ્વસ્થ રહેવું તેના જ ઉપાયો શોધવાના છે. બાહ્ય પરિબળોથી બચવાના નથી. હા, એવું કશુંક કરે જેનાથી તેઓ બને તેટલા રોગોથી દૂર રહી શકે.

આમ તો તેનો ઉપાય છે 'આહાર, વિહાર અને મનોવ્યાપાર.' એટલે કે શુદ્ધ અને પોષક આહાર લેવો. ફાસ્ટ ફૂડથી દૂર રહેવું. વ્યસનોથી દૂર રહેવું. સ્વસ્થ અને હકારાત્મક વિચારો કરવા, કસરત, યોગ, ધ્યાન વગેરેની મદદ લેવી. મોબાઇલ, ગેમ્સ, ટી.વી., ફિલ્મો વગેરેથી તો બને તેટલા દૂર રહેવું. સોશિયલ મીડિયાથી તો ગાઉઓ દૂર રહેવું. આ બધું કરાય તો સંભવ છે, સ્વસ્થ રહી શકાય.

પણ આ બધું કરવા સાથે પણ એક બાબતનો વિચાર ફરજિયાત કરવાની તાતી જરૂર છે.

આજે સૌથી ભયાનક પ્રદૂષણ હોય તો તે છે, 'આવેશમય જીવન અને વૈચારિક પ્રદૂષણ.'

જેમ જેમ ટેક્નૉલૉજીનો વિકાસ થતો જાય છે અને સગવડો વધતી જાય છે, તેમ તેમ તેનો ઉપયોગ વધતો જાય છે. ઉપયોગ વધે તે તો બરાબર છે. તેના માટે જ ટેક્નૉલૉજી છે. પણ કરુણા એ છે કે તેનો ખોટો, પ્રદૂષિત ઉપયોગ વધતો જાય છે. ફેસબુક, સોશિયલ મીડિયા, ઇન્સ્ટાગ્રામ, ઈમેઇલ, ટી.વી. વગેરે માધ્યમોનો ઉપયોગ નકારાત્મક રીતે કરાય છે. તેમના માધ્યમથી પ્રદૂષિત, નકારાત્મક, હાનિકારક સંકુચિત, આવેશ વધારનારા વિચારોનો પ્રચાર કરાય છે. સૌથી મોટી કરુણા એ છે કે આજે સરકારો જ લોકોમાં વિભાજન કરવાની પ્રવૃત્તિમાં વ્યસ્ત છે. એ ઇચ્છે છે કે લોકો અંદરોઅંદર લડી મરે જેથી તેઓ આરામથી રાજ્ય કર્યા કરે. તેઓ લોકોનું પાયાના સવાલો પરથી ધ્યાન ખસેડી વ્યર્થ મુદ્દાઓ પર ધ્યાન દોર્યા કરે છે, જેથી લોકો મૂળ બાબતોનો

વિચાર ન કરે. મોંઘવારીનો વિચાર લોકો ન કરે માટે આર્યનની ધડપકડ જેવા વ્યર્થ મુદ્દાઓ પર પ્રચાર કરાય છે. આ નકારાત્મકતા સમાજ પર ભયાનક અસર કરે છે. લોકો સતત ઉશ્કેરાયેલા રહે છે. એક પળ પણ માનસિક શાંતિ ભોગવતા નથી. એક બાજુ આર્થિક તકલીફો છે. બીજી બાજુ શારીરિક તકલીફો છે. ત્રીજી બાજુ ધંધા રોજગારની અનિશ્ચિતતા છે. આ બધું માનસિક અસ્વસ્થતા વધારે છે. તેમાં સોશિયલ મીડિયા 'ફેક ન્યુઝ' વગેરે દ્વારા નકારાત્મકતામાં વધારો કરે છે. નબળા મનના લોકો-ખાસ કરીને યુવાનો-દરેક બાબતમાં 'લાઇક'- 'ડિસલાઇક' ના અભિપ્રાયો પર એટલો તો આધાર રાખે છે કે જો ડિસલાઇક વધ્યા તો ડિપ્રેશનમાં ચાલ્યા જાય છે. અને જોનારા વગર સમજ્યે એ આપ્યા કરે છે. ગમે તે લખાય, મોટા ભાગના ટ્રોલ કરે છે. અને લોકો તો બીજાના અભિપ્રાયોને ભગવાન કરતાં પણ વધારે મહત્ત્વ આપતાં હોવાથી સતત તેનાથી પ્રભાવિત થતા રહે છે. અને હવે આમાં વધારો થતો જાય છે. લગભગ નવ્વાણું ટકા લોકો મોબાઇલના, સોશિયલ મીડિયાના ગુલામ થઈ ચૂક્યા હોવાથી તેનાથી બચી શકે તેમ નથી. ગુલામી વધશે તેની ગેરેન્ટી, પણ ઘટવાની તો શક્યતા જ નથી. એટલે અસ્વસ્થતા વધતી જ જવાની છે.

તો શું કોઈ ઉપાય નથી?

છે, બે ઉપાય છે.

પહેલો ઉપાય છે 'પ્રેમ કરતાં શીખવું.' આમ તો આ શબ્દ ખોટો છે. પાયામાં મનુષ્ય પ્રેમાળ જ છે. હા, થોડો સ્વાર્થી છે, છતાં અંદરથી તો પ્રેમાળ જ છે. બે તત્ત્વો તેને પ્રેમ કરતાં અટકાવે છે.

પહેલું તત્ત્વ છે ધર્મઝનૂન. ધર્મ પોતે તો સર્વોતમ ઘટના છે. તે જ સતત હજારો વર્ષોથી કહ્યા કરે છે કે સમગ્ર જગતને પ્રેમ કરવાનો છે. આજે પણ કહે છે. તો પછી તેના ચેલાઓને તે કરતાં અટકાવે કોણ છે? ધર્મઝનૂની, સાંપ્રદાયિક સંકુચિત માનસવાળા ગુરુઓ. તેઓ એમ માને છે કે કેવળ તેમનો ધર્મ કે પંથ જ શ્રેષ્ઠ છે. બાકીના બધા નકામા છે. તેમને દૂર કરવાની તો તેમના પાસે તાકાત નથી. એટલે તેઓ ચેલાઓને તેને ધિક્કાર કરવાનું કહે છે. અને ચેલા એટલે જે વિચાર કર્યા વિના મગજ ભાડે આપી દે તે. એટલે તેઓ પણ ધર્મનાં મૂળ તત્ત્વોને સમજ્યા વિના આવા ગુરુઓ કહે છે તેમ વિના કારણ બીજા ધર્મોના લોકોને ઝનૂનથી ધિક્કારે છે. આ ઝનૂન જ લોકોમાં વિભાજન કરે છે. આ વિભાજન જ સમાજમાં દ્વેષ, ધિક્કાર, નકારાત્મકતા પ્રસરાવે છે. સમસ્યા એ છે કે આને સોશિયલ મીડિયા મદદ કરે છે. એક નાનો દ્વેષનો શબ્દ પાંચ મિનિટમાં બધા મોબાઇલોમાં આગ જેમ ફરી વળે છે અને આ ધિક્કાર અને ઝનૂન જે આવેશ જન્માવે છે તે લીંચિંગ, મારામારી કે હત્યા સુધી પહોંચાડી દે છે. અને આજે દરેકને વ્યક્ત થવું છે, પણ જાતે વિચારતાં આવડતું નથી એટલે બીજાઓના મેસેજને સત્ય માની તેને ટેકો આપી પોતાનું નામ જાહેર કરે છે. પણ આ અભિપ્રાય, ટેકો, લાઇક સમાજને પળેપળ હચમચાવે છે.

આને અટકાવવાનું શક્ય નથી. ટેક્નૉલૉજીથી પીછેહટ કરી શકાય તેમ નથી. પણ હા, તેના પર પ્રેમનો પ્રચાર કરી શકાય છે. તેના દ્વારા સતત એમ કહી શકાય છે કે મેસેજો ખોટા છે, નુકશાનકારક છે અને સમય જતાં મેસેજ કરનાર માટે પણ જોખમી છે. ટેકો આપનાર પણ જરાક વિરોધી વિચાર આપશે તો તેને પણ છોડવામાં નથી આવતા. માટે ચેતે અને તે આવા વિકૃત પ્રચાર બદલે બીજાઓને પ્રેમ કરે છે અને પ્રેમના મેસેજોને લાઇક કરે અથવા પોતે પણ આ પ્રસારણમાં મદદ કરે. સામાન્ય માણસ શાંત છે. તેમને આ ગાંડપણ નથી ગમતું. એમને આ સ્નેહની વાત ગમે છે. તેમને સ્વસ્થતાથી અને શાંતિથી રહેવું છે. જો આવા પ્રેમના મેસેજ સતત પ્રસરતા રહેશે, તો તે ધિક્કારમાં ગાબડાં પાડવામાં યત્કિંચિત મદદરૂપ થયા કરશે.

બીજો ઉપાય છે 'વિભાજિત માનસથી દૂર રહેવું.' આ કામ કરે છે રાજકીય લોકો. આખી દુનિયામાં આ ચાલે છે. આપણે ત્યાં કોમોનું સ્પષ્ટ વિભાજન છે અને કમનસીબે તેના આધારે જ દેશનું વિભાજન થયું હતું. લોકો તો ભૂલી ગયા હતા. પણ કેટલાક ઝનૂનીઓ તેને પુનર્જિવિત કરવાનો પ્રયાસ કરે છે. આમાંથી કોમવાદ વકરે છે અને એકબીજા

પ્રત્યે વેરભાવનાથી જોવાય છે. આ વિભાજનવૃત્તિ ઊભી કરે છે. આ વધારે જોખમી છે. બધી કોમો ભારતમાં જ રહેવાની છે. ગમે તેટલી બૂમો છતાં હવે સ્થળાંતર થવાનું નથી. હા, તેમને હેરાન કરી શકાશે, કરાય પણ છે. પણ આ વેરવૃત્તિ દેશની અદ્‌ભુત વૈશ્વિક સંસ્કૃતિને મૂળિયામાંથી ઘા કરે છે. આ સાંસ્કૃતિક નુકશાન છે. નવી પેઢી માટે ભયાનક જોખમી છે. તે સતત ભયમાં જીવશે અને પ્રગતિ કરતા અચકાય છે. એટલે સ્વસ્થતા અને આર્થિક વિકાસ માટે સાંમજસ્ય અને ઉદારતા અને વિશાળતાનું વાતાવરણ સર્જવું ફરજિયાત છે. સરકાર આમાં ભાગીદાર છે એટલે તે ન અટકાવે, પણ સમાજના પ્રાજ્ઞ લોકોએ જ આ કામ કરવું પડે. થાય પણ છે, ખૂબ થાય છે, પણ ફરી, સોશિયલ મીડિયા તેમનું જે ચારિત્ર્યહનન કરે છે તે તેમને હચમચાવે છે. કામ ધીમાં પડી જાય છે. એટલે તેમને સામાન્ય સ્વસ્થ લોકોએ ટેકો આપતા રહેવાનું છે. કેવળ પ્રેમ જ બધાને એક રાખી શકે છે. આ દેશની તો સંસ્કૃતિ જ પ્રેમ આધારિત છે. આ દેશના બે મહાનાયકોએ-રામ અને કૃષ્ણ- સમગ્ર ભારતને, અરે, પશુઓને પણ, આજીવન અનર્ગળ, નિષ્કામ પ્રેમ આપ્યો છે. 'અખિલમ્ મધુરમ્' નો સંદેશો આપ્યો છે. અને તેમના નામે આજે ધિક્કાર ફેલાવાય છે. આ કરુણાને અટકાવવાની છે.

બસ, આવનારાં વર્ષો આ બે કામ કરાય, તો સંભવ છે, ધિક્કારનારાઓની નાતનું, શક્યતા તો નથી, પણ કદાચ, થોડું પણ માનસ બદલાય. અરે, એક ટકાને પણ અસર થશે તો મહાન વિજય મનાશે.

એટલે, આવતું વર્ષ પ્રેમસભર, કરુણામય, સંવેદનશીલ, હૃદયને વિશાળ બનાવનારું અને વૈશ્વિક બનતું રહે એવી જ શુભેચ્છા હોય. તો ભારતનું પંચોતેરમું વર્ષ ખરેખર સુવર્ણમય બની રહેશે.

જય જગત.

**નઈ તાલીમની આગવી વિશેષતાઓ**

આ કોઈ શિક્ષણની પદ્ધતિ કે ટેક્નિક માત્ર નથી, જીવનની સાર્થકતા સિદ્ધ કરનારી જીવનશૈલી છે. આથી છાત્રાલયકેન્દ્રી નિવાસી સંસ્થામાં આ કેળવણી અપાય છે.

દેહ અને આત્માને પોષણ આપતી આ કેળવણીનાં સ્થાનો વિદ્યાલય અને છાત્રાલય છે.

મનુષ્યમાં રહેલા મનુષ્યત્વને ઉજાગર કરનારી ચારિત્ર્યઘડતરની કેળવણી હોવાથી સાક્ષરી વિષયો ઉપરાંત ઉદ્યોગનું વિજ્ઞાન, કલા-કૌશલ્યો, સંગીત, રમત-ગમત વગેરેને પણ મહત્ત્વના વિષયો ગણવામાં આવે છે.

પોતાના દેશ, સંસ્કૃતિ અને પ્રકૃતિ પ્રત્યે આદર જન્માવતી રાષ્ટ્રીય કેળવણી આપવામાં આવે છે.

નઈ તાલીમ જીવનની સાર્થકતા સિદ્ધ કરનારી શિક્ષણ-પ્રણાલિ છે. જીવન અખંડ છે, અવિભાજ્ય છે. જીવનની અખિલાઈ એ જ સત્ય. સત્ય મારી કાર્યપ્રણાલિ, સત્ય મારી વ્યૂહરચના, સત્ય મારું સંરક્ષણ અને સત્ય એ જ મારો પરમેશ્વર.

આજના મનુષ્યને એક નહીં, અનેક મૂંઝવણો ઘેરી રહી છેઃ આતંકવાદ, જ્ઞાતિવાદ, ભ્રષ્ટાચાર, નિરક્ષરતા, વ્યાપક પ્રદૂષણ, બેકારી, સંસ્કારોનું ધોવાણ, વસ્તીવિસ્ફોટ, કોમવાદ, ગરીબી, વૈશ્વિક મંદી, કુદરતી આફતો, ગ્લૉબલ વૉર્મિંગ, જીવલેણ બીમારીઓ.... આ બધાનો એક જ રામબાણ ઇલાજ એટલે નઈ તાલીમ.

## ૦૭. કલાવીથિકા

### શબ્દ જ કેદ આપે છે, શબ્દ જ મુક્ત કરે છે : સોલ્ઝેનિત્સીન

સોનલ પરીખ

---

શબ્દ જ કેદ આપે છે ને શબ્દ જ મુક્ત કરે છે એ વાત પ્રતીકાત્મક અને આધ્યાત્મિક અર્થમાં તો સાચી છે જ, પણ નોબેલપ્રાઈઝ વિનર રશિયન લેખક સોલ્ઝેનિત્સીને આ વાતને શબ્દશઃ પોતાના જીવનમાં અનુભવી છે. લેખક, ઈતિહાસકાર અને રાજકીય કેદી તરીકે જાણીતા એલેક્ઝાન્ડર સોલ્ઝેનિત્સીન સામ્યવાદના કડક આલોચક અને ક્રાંતિકારી હતા. રશિયાના જનજીવનને સામ્યવાદે જે કઠોરતાથી જકડી રાખ્યું હતું તેની, ખાસ કરીને ગુલાગ કેમ્પોની વાત તેમણે વિશ્વ સમક્ષ મૂકી, સરકારની ખફગી બહોરી લીધી હતી. ગુલાગ એક ગવર્ન્મેન્ટ એજન્સી હતી. વ્લાદીમીર લેનિનના સમયમાં આ એજન્સી દ્વારા જબરદસ્તીથી મજૂરી કરાવતા અનેક અત્યાચારી લૅબર કૅમ્પ ઊભા થયા હતા. વીસમી સદીના મધ્યભાગમાં જૉસેફ સ્ટાલિનના સમયમાં આવા ‘ફૉર્સ્ડ લૅબર કૅમ્પ’ પરાકાષ્ટાએ પહોંચ્યા હતા. પચીસ વર્ષના ગાળામાં ગુલાગ કૅમ્પોમાં દોઢથી બે કરોડ લોકો મૃત્યુ પામ્યા હતા.

બીજા વિશ્વયુદ્ધમાં સોલ્ઝેનિત્સીન રશિયા વતી લડવા ગયેલા. પણ વિશ્વયુદ્ધ પૂરું થયું-ન થયું ત્યાં રશિયન સરકારે જ એમની ધરપકડ કરી-ગુનો એ હતો કે એક અખબારમાં એમણે સ્ટાલિનની ટીકા કરતો લેખ લખ્યો હતો. આઠ વર્ષની સખ્ત કેદની સજા અને તે પછી ત્રણ વર્ષ દેશનિકાલની સજા બાદ એમને મધ્ય રશિયાના રયાઝાનમાં રહેવાની પરવાનગી મળી. ત્યાં તેમણે લેખન શરૂ કર્યું. એ જ અરસામાં તેઓ કેન્સરનો ભોગ બન્યા. વિદ્રોહી લખાણો બદલ ફરી દેશનિકાલ, પછી અમેરિકામાં વસવાટ, ફરી વતન પાછા ફરવું અને ત્યાં જ અંતિમ શ્વાસ લેવો-સોલ્ઝેનિત્સીનની સર્જનયાત્રા અને જીવનયાત્રા ઘણી ખરબચડી પણ એવી જ રોમાંચક છે. ડિસેમ્બર મહિનામાં એમનો જન્મદિન આવે છે, એ નિમિત્તે એમના જીવનની અને વિચારોની એક નાની સરખી ઝલક.

૧૯૬૨માં એમની નવલકથા ’વન ડે ઇન લાઈફ ઓફ ઈવાન ડેન્સોવિક’ સોવિયેત સામયિક ’નોવી મીર’(અર્થાત ન્યુ લાઈફ)માં પ્રગટ થઈ તે સાથે જ તેઓ વિશ્વપ્રસિદ્ધ બની ગયા. આ નવલકથામાં ઈવાન નામના ખેડૂત કેદીની એક દિવસની દિનચર્યા નિમિત્તે તેમણે ગુલાગ-કેદના પોતાના અનુભવો આલેખ્યા હતા. ’વન ડે ઇન લાઈફ ઓફ ઈવાન ડેન્સોવિક’થી આ જુલમી લેબર કેમ્પના કેદીઓની વાસ્તવિક સ્થિતિ તરફ પહેલી વાર દુનિયાનું ધ્યાન દોરાયું. પણ એને લીધે એમનાં લખાણો જપ્ત કરવાનો વટહુકમ બહાર પડ્યો. એના વિરોધમાં તેમણે સોવિયેત સર્જકોના રાષ્ટ્રીય સંમેલનને ખુલ્લો પત્ર લખ્યો. સમાંતરે સ્વાનુભવ આધારિત મહત્ત્વાકાંક્ષી નવલકથાઓ પણ પ્રગટ થતી રહી અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પણ મળતી ગઈ. ૧૯૭૦માં એમને સાહિત્યનો નોબેલ પુરસ્કાર મળ્યો.

નોબેલ સ્વીકાર વ્યાખ્યાનમાં એમણે લેખન સંદર્ભે આગવી શૈલીમાં કહ્યું, ‘આપણે કલાને હાથમાં લઈએ છીએ, તેના સ્વામી હોવાના ગુમાનમાં રાચીએ છીએ, તેને આકાર આપીએ છીએ, કમાણી ખાતર વેચીએ છીએ, શાસકોને ખુશ કરવા વાપરીએ છીએ, તેમાંથી મનોરંજન મેળવીએ છીએ, રાજકીય હેતુ સિદ્ધ કરીએ છીએ ને શસ્ત્ર તરીકે પણ વાપરીએ છીએ.

‘પણ એ દરેક વખતે કલા એક બીજું કામ કરતી હોય છે, આપણા અંતરને અજવાળવાનું. એ પ્રકાશને આપણે એના પૂર્ણ રૂપમાં પામી શકીએ છીએ ખરા? કદાચ કોઈએ આપણને એ વિષે કહ્યું હોય-પણ આપણે ઉતાવળમાં હોઈએ છીએ, શબ્દોનો સારામાં સારો સોદો કરવાની ધમાલમાં

હોઈએ છીએ. એ વખતે જો કોઈ આપણને પેલું જૂનું સત્ય યાદ અપાવે પણ, તોય એ કેમે કર્યું યાદ આવતું નથી.

‘ક્યારેક કલાકાર પોતાને એક નવા વિશ્વનો રચયિતા અને વિધાતા માને છે. જો ખરેખર એણે નવું વિશ્વ રચ્યું હોય તો તેના ભાર નીચે એ પોતે દબાઈ જાય એમ બને. કારણ કે મર્ત્ય માનવી આવો મોટો ભાર લઈ શકે નહીં. અસ્તિત્વના કેન્દ્રમાં પોતે જ છે એવું ગુમાન માનવીને સંતુલિત રહેવા દેતું નથી. જો એ વધારે કમભાગી હોય તો પોતાને અને પોતાની આસપાસના વિશ્વને ઝડપથી વિનાશના માર્ગે પણ લઈ જાય.

**મારા શબ્દોએ જ મને કેદ આપી છે અને મારા શબ્દોએ જ મને મુક્ત કર્યો છે. સત્યનો એક જ શબ્દ આખી દુનિયાને તોળી લઈ શકે તેટલો સમર્થ હોય છે. મને ખબર છે કે આ અનુભૂતિ મારા એકલાની નથી, બધા જ લેખકોની છે**

‘બીજા પ્રકારનો કલાકાર આસપાસ પથરાયેલા આ વિશ્વને વધારે તીવ્રતાથી પામે છે અને એની સંવાદિતા વિષે અન્યો કરતાં વધારે જાગૃત છે, બસ. કોઈ નવું વિશ્વ ઘડવાનો કે છે એ વિશ્વને સંચાલિત કરવાનો એનો દાવો નથી. જેલ કે દેશનિકાલ જેવી સ્થિતિમાં પણ તેની અંદરની સંવાદિતા તેને એકલો મૂકતી નથી.

‘ઇતિહાસનો કોઈ સમય એવો નથી જ્યારે માનવ કલાભિમુખ ન હોય. તો પણ હજી સુધી આપણને એવો સવાલ થયો નથી, થયો હોય તો એનો જવાબ મળ્યો નથી કે આખરે આપણને-માનવજાતને આ અપ્રતિમ ભેટ મળી શા માટે? આપણે એનું ચોક્કસ શું કરવાનું છે?

‘આનો જવાબ ન મળે, ન જ મળે. અમુક બાબતો શબ્દોની સીમામાં બંધાતી નથી. કલા મડદામાં પ્રાણ પૂરી શકે છે, થીજી ગયેલા અસ્તિત્વને પોતાની ઉષ્માથી વહેતું કરે છે. કલા દ્વારા ઘણીવાર આપણે એવી પળોનો સાક્ષાત્કાર કરીએ છીએ જેને બુદ્ધિ સમજી શકતી નથી, તર્ક વર્ણવી શકતો નથી.

‘નોબેલ વ્યાખ્યાનના આ મંચ પર આવવા માટે હું ત્રણચાર નહીં, હજારો-લાખો પગથિયાં ચડ્યો છું. હું અહીં છું તેનું કારણ માત્ર એટલું જ છે કે હું મારાથી વધારે શક્તિવાળા પણ ખલાસ થઈ જાય એવી સ્થિતિમાં ટકી ગયો છું. કેટલાક એવા લોકોને પણ હું ગુલાગમાં મળ્યો છું, જેઓ ઘણા પ્રતિભાશાળી હતા, પણ દુનિયા સુધી પહોંચવા ન પામ્યા. એક આખા રાષ્ટ્રનું સાહિત્ય ત્યાં રચાઈ રહ્યું હતું-એવા લોકોને હાથે જેઓ કેદ હતા, જેમને ખાવા અન્ન ન હતું, પહેરવા વસ્ત્રો ન હતા. રશિયાનું મહાન સાહિત્ય ત્યાં બીજ નાખી રહ્યું હતું, પણ બહારથી તો ભૂમિ ઉજ્જડ લાગતી હતી. હું એ ભૂમિમાંથી થોડાં બીજ લઈને આવી શક્યો છું. એ લોકોને વંદન કરું છું, જેઓ મારા કરતાં વધારે સર્જનાત્મક હતા પણ મારા પહેલાં ખલાસ થઈ ગયા. એ લોકોને વંદન કરું છું, જેઓ માનતા હતા કે સાંકળોમાં બંધાયેલા હોઈએ, તો પણ આપણે ઈશ્વરે આપણા માટે નિર્માણ કરેલા વર્તુળના પરિઘ સુધી તો પહોંચી શકીએ છીએ.

‘કેટલીય વાર કેમ્પની વેદના વચ્ચે, જેલની કોટડીમાંથી આવતા ઝાંખા પ્રકાશમાં વધારે ગાઢ લાગતા જંગલના અંધકારને ભેદીને બહારના જગત સુધી પહોંચે એવી એક ચીસ પાડવાનું મન થતું. આ ચીસ ગળામાં જ રૂંધાઈ જતી અને વિશ્વ એના પોતાના તાનમાં મશગુલ રહેતું. આવું કેમ? વિશ્વ સંવેદનહીન છે કે ભાષાની સીમા નડે છે? ભાષા સમજાય નહીં તેથી દુઃખ પણ શું નહીં સમજાતું હોય?

‘છેલ્લા થોડા દાયકાઓમાં અચાનક માણસ જાત એક થઈ ગઈ છે. એમાં જેટલી આશા છે તેટલું જોખમ પણ છે. એક જગ્યાએ કશુંક સળગે એની જ્વાળાઓ બીજી જગ્યાએ પહોંચે છે ખરી, પણ આ એકતા કોઈ સમાજની કે રાષ્ટ્રની હોય એવી નથી. આ અનુભવે લાધેલું જ્ઞાન પણ નથી. આ એકતા બધી સીમાઓને ઓળંગી જતી ટેક્નૉલૉજીની છે. પળે પળે આપણા પર માહિતીનો, સમાચારનો જબરદસ્ત ખડકલો થાય છે. પણ એનું અર્થઘટન કેમ કરવું એ આપણને આવડતું નથી. કેમ કે દુનિયાના જુદા જુદા પ્રદેશોમાં મૂલ્યોની

વ્યવસ્થા જુદી જુદી હોય છે. આ મૂલ્યો સદીઓની મહેનત પછી બનેલા હોય છે. એમાં ફેરફાર કરવાનું શક્ય હોતું નથી. એમાં બીજાનો વિચાર કરવાની કોઈ ગુંજાઈશ હોતી નથી.

'અને મતમતાંતરનો પાર નહીં. સામે હોય તેને માટે જુદું મૂલ્યાંકન, દૂર હોય તેને માટે જુદું. જૂની સભ્યતાઓ એક ચીજમાં માને, નવો સમાજ બીજી ચીજમાં. સફળતા માટે એક ધોરણ, નિષ્ફળતા માટે બીજું. જુદા જુદા માપદંડને કારણે સર્જાતી અવ્યવસ્થાઓ એ આખી પૃથ્વીની વેદનાનું, માનવજાતના ગાંડપણ અને ભ્રમોનું કારણ છે. બધાને સ્થાનિક માપદંડોથી જ દુનિયાને માપવી છે.

'મારે જે કહેવું છે તેનો સાર માત્ર એટલો જ છે કે મારા શબ્દોએ જ મને કેદ આપી છે અને મારા શબ્દોએ જ મને મુક્ત કર્યો છે. સત્યનો એક જ શબ્દ આખી દુનિયાને તોળી લઈ શકે તેટલો સમર્થ હોય છે. હું જાણું છું કે આ અનુભૂતિ મારા એકલાની નથી, બધા જ લેખકોની છે.'

અમેરિકાએ એક દેશનું નસીબ બદલી આપવાનો નિર્ધાર કર્યો હતો અને અત્યારે તેને તેના નસીબ પર છોડીને અમેરિકનોએ ઉચાળા ભર્યા છે. જગતમાં લોકો સવાલ પૂછી રહ્યા છે કે અમેરિકનોને આવી મહાન જવાબદારી સોંપી હતી કોણે અને જો જવાબદારી લીધી જ હતી તો અત્યારે જવાબદારી પૂરી કર્યા વિના ભાગે છે કેમ?

ત્રાસવાદ સામેની લડાઈ અમેરિકાએ અને કેટલાક યુરોપના દેશોએ મળીને લડી હતી જે જગતના સૌથી શક્તિશાળી દેશો છે. તેમની પાસે તાલીમ પામેલું શક્તિશાળી સૈન્ય છે, આધુનિક હથિયારો છે, રડાર અને સેટેલાઈટ જેવી અન્ય આધુનિક ટેક્નૉલૉજી છે અને છતાંય તેને નથી અફઘાનિસ્તાનમાં સફળતા મળી કે નથી ઈરાક, સીરિયા કે કોઈ બીજા દેશમાં અને એ પણ વીસ-વીસ વરસની લાંબી લડાઈ પછી. તો પછી શક્તિશાળી કોણ? તાલિબાનો અને ઇસ્લામિક સ્ટેટ સ્થાપવા માગતા ત્રાસવાદીઓ કે અમેરિકા અને તેના મિત્ર દેશો? માત્ર લશ્કરના ભરોસે રાજ્યને શક્તિશાળી માનનારાઓ માટે આ સવાલ છે. અમેરિકાને પાંચ દાયકા પહેલાં આવો જ અનુભવ વિએતનામમાં પણ થયો હતો. રશિયાને પણ આવો જ અનુભવ અફઘાનિસ્તાનમાં થયો હતો. શક્તિશાળી કોણ? સ્થાનિક પ્રજાનો ટેકો ધરાવતા કહેવાતા ત્રાસવાદીઓ કે પછી પોતાને સભ્ય અને શક્તિશાળી માનનારા રાજ્યો? બે દાયકાના લશ્કરી ઑપરેશન પછી પણ તાલિબાનોની તાકાતમાં ઊની આંચ નથી આવી એ અફઘાનિસ્તાનમાં જોવા મળી રહ્યું છે.

સવાલ એ છે કે તાલેબાનોને કે આઇ.એસ.આઇ.એસ.ના ત્રાસવાદીઓને પૈસા અને શસ્ત્રો કોણ પૂરાં પાડે છે? પૈસા તો તાલિબાનો કેફી દ્રવ્યોની ખેતી અને દાણચોરી કરીને કમાઈ લે છે પણ તેમને શસ્ત્રો કોણ આપે છે? આ કોઈ બિહારના ગામડાંઓમાં બનતા દેશી તમંચા નથી કે જેના ઉત્પાદન અને હેરફેર ઉપર નજર રાખવી મુશ્કેલ પડે. આ આધુનિક હથિયારો છે જે મોટી કંપનીઓ બનાવે છે. એવું શું છે કે શસ્ત્રોની સપ્લાઈ લાઇન બંધ નથી થઈ શકતી? કોઈ દેશ વીસ-વીસ વરસ સુધી આધુનિક હથિયારોની સપ્લાઈ લાઇન પણ બંધ ન કરાવી શકે ત્યારે વિચારવું પડે કે ખરેખર શક્તિ ધરાવે છે કોણ?

સાચું કહું? રાષ્ટ્રો/રાજ્યો નિર્બળ છે. શાસકો અને તેમના દ્વારા રાજ્યો સ્થાપિત હિતોના કબજામાં છે. સ્થાપિત હિતોમાં શસ્ત્ર ઉત્પાદકોનો પણ સમાવેશ થાય છે. શાસકો પોતાની લાચારી છૂપાવવા દેશપ્રેમ અને રાષ્ટ્રવાદનો અંચળો ઓઢે છે. ખોંખારા ખાઈને અને ઘાંટા પાડીને લલકારે છે, જે રીતે અત્યારે અમેરિકામાં ટ્રમ્પ પાડી રહ્યા છે. અત્યારે મોટી સંખ્યામાં તાળી પાડનારાઓ પણ છે એટલે બાયદને વારંવાર પોતાના નિર્ણયનો બચાવ કરવો પડે છે.

જો અમેરિકા અને બીજા દેશો પાસે સાચી તાકાત હોત તો બે દાયકા પછી લીલા તોરણે પાછું આવવું પડત? જો સાચી તાકાત હોત તો શસ્ત્રોનો પૂરવઠો રોકી ન શકાયો હોત?

- રમેશ ઓઝા 'ગુજરાતમિત્ર' ૦૨ સપ્ટેમ્બર, ૨૦૨૧

## ગાંધીવિચારના અભ્યાસી કિરણ કાપુરે

સંજય ભાવે

ગાંધીવિચારના સંશોધક, સંપાદક અને કટારલેખક કિરણ કાપુરેને આજે દિલ્હીમાં 'વિષ્ણુ પ્રભાકર રાષ્ટ્રીય પ્રોત્સાહન સન્માન'થી નવાજવામાં આવ્યા. તેમને આ સન્માન 'ગાંધીવાદી લેખન' માટે આપવામાં આવ્યું છે. કિરણ ગયાં ચારેક વર્ષથી ગાંધીવિચારને વરેલાં માસિક 'નવજીવનનો અક્ષરદેહ'ના દૃષ્ટિપૂર્ણ અને પરિશ્રમી સંપાદક છે.

'અક્ષરદેહ'નો નવો અંક હાથમાં આવતાંની સાથે કેટલાંક વાચકોને તે ઉઘાડીને પાનાં ફેરવવાની તાલાવેલી હોય અને એ વાચકોને ત્યાં 'અક્ષરદેહ'ના અંકો સચવાતા હોય તે કિરણની સફળતા છે.

ચાળીસ વર્ષના કિરણ કેટલાંક વર્ષથી 'નવજીવન' સંસ્થાને સમર્પિત છે. સંસ્થા સાબરમતી જેલના કેદીઓના જીવનમાં ઉજાસ ફેલાવવાનું જે કામ કરી રહી છે તેમાં પત્રકાર પ્રશાંત દયાળ સાથેનો મુખ્ય આધાર કિરણ છે. આવું જ 'નવજીવન' દ્વારા ચલાવવામાં આવતાં પત્રકારત્વના અભ્યાસક્રમની બાબતમાં પણ કહી શકાય. કિરણ ધીમે સંસ્થા સાથે અભિન્ન થતા જણાય છે.

કિરણે ગુજરાત યુનિવર્સિટીમાંથી પત્રકારત્વ અને ગૂજરાત વિદ્યાપીઠમાંથી ગાંધીવિચારની અનુસ્નાતક પદવીઓ મેળવી છે. અત્યારે તેઓ 'પત્રકારોએ લીધેલી ગાંધીની મુલાકાતો' વિષય પર પીએચ.ડી. માટેનું સંશોધન વિદ્યાપીઠમાંથી જ કરી રહ્યા છે. તેના માટે કિરણે દુનિયાભરના દેશ અને દુનિયાના અખબારનવીસોએ લીધેલી ગાંધીજીની ૯૦૦ જેટલી મુલાકાતોનો અભ્યાસ કર્યો છે.

કિરણનું આંકડાકીય વિશ્લેષણ તો અચંબિત કરનારું છે. કિરણ માટે વિષય જેટલો જ પડકાર તેના વ્યાસંગી માર્ગદર્શક અધ્યાપક ડૉ. અશ્વિન ચૌહાણ છે. એ પણ સંશોધકના અભ્યાસથી ખૂબ રાજી છે. સંશોધકના કામની ખંત અને ચોકસાઈના અનેક દાખલા અશ્વિનભાઈ દિલથી આપે છે.

'નવજીવનનો અક્ષરદેહ' માસિકને, આરંભથી પાંચેક વર્ષના ગાળામાં, તેના પૂર્વ સંપાદક અને અત્યારના ઉત્તમ ફ્રી-લાન્સ કૉપી-એડિટર કેતન રૂપેરાએ, એક ઊંચાઈએ પહોંચાડ્યું હતું. તે ઊંચાઈ કિરણે જાળવી રાખી છે. આ વર્ષમાં અત્યાર સુધી બહાર પડેલા આઠ અંકો પર નજર કરતાં કિરણની ક્ષમતાનો ઠીક અંદાજ મળી રહે છે.

ગાંધી-સંબંધિત બનાવને અચૂક આવરી લેવાની 'અક્ષરદેહ'ની પરિપાટી જળવાઈ છે. જેમ કે, જાન્યુઆરીના અંકમાં મુખપૃષ્ઠ ચૌરીચૌરાના હત્યાંકાંડ અંગેનાં ચિત્ર ઉપરાંત સંપાદકીય નોંધ અને આ હિંસાચાર અંગેની ગાંધીજીની દીર્ઘ કેફિયત વાંચવા મળે છે.

કિરણ કેટલાક અંકોમાં એક કેન્દ્રવર્તી વિષય પસંદ કરીને તેને સંબંધિત લેખો મૂકે છે. ફેબ્રુઆરીનો અંક નવજીવન સંસ્થાએ ગાંધીસાહિત્ય ઉપરાંતના સાહિત્યને પ્રસિદ્ધ કરવા માટે ચલાવેલાં 'નવજીવન સાંપ્રત' પ્રકાશનનાં નવાં પુસ્તકો વિશે છે. માર્ચ-એપ્રિલના સંયુક્ત અંકનો વિષય શિક્ષણ છે. તેમાં કિશોરલાલ મશરૂવાળા, કાકાસાહેબ કાલેલકર, બર્ટ્રાન્ડ રસેલ, ગિજુભાઈ બધેકાના લેખો વાંચવા મળે છે. અલબત્ત, કિરણનું સંપાદકીય મહામારીના સંદર્ભે તેમને પ્રસ્તુત જણાયેલા ટૉલ્સ્ટૉયનાં 'વૈકુંઠ તારા હૃદયમાં છે' પુસ્તક વિશે છે, જેનો એક અંશ પણ અંકમાં વાંચવા મળે છે.

જૂનના અંકના મુખપૃષ્ઠ પર ગાંધી-ટાગોર મેળાપની જાણીતી તસવીર છે અને અંદર તેમની વચ્ચેના વિવાદને લગતી સામગ્રી છે. અસહકાર, સ્વાતંત્ર્ય, ગ્રામસ્વરાજ, પર્યાવરણ, સ્વાસ્થ્ય, ગાંધીજીની મહત્તા જેવા વિષયો પણ

નિવડેલા વિચારકોના મંતવ્યો પણ જુદા જુદા અંકોમાં વાંચવા મળતા રહે છે.

હમણાંના ઑગસ્ટ-સપ્ટેમ્બરના અંકનો વિષય 'મહાત્મા અને વિશ્વવિભૂતિઓ' છે જેમાં ગાંધીજીની મૂલવણી સૉક્રેટિસથી લઈને માર્ટિન લ્યૂથર કિંગ સુધીના અગ્રણીઓના સંદર્ભે કરતા લેખો વાંચવા મળે છે.

'અક્ષરદેહ'ના અંકોની કેટલીક ખાસિયતો પણ છે. લેખના આરંભે તેનો સાર આપવાની વિશિષ્ટ પણ સંપાદકનો સમય માગી લેતી પૂર્વ સંપાદકે પાડેલ પદ્ધતિ ચાલુ છે. વળી, હવે તેમાં પુસ્તકોના પૂર્વપ્રસિદ્ધ અવલોકનોનાં સમયોચિત સારસંક્ષેપ ઉમેરાય છે.

જો કે સારલેખન સહિતની સંપાદકીય નોંધનો શિરમોર દાખલો 'ગાંધીજીની દિનવારીઃ ૧૦૦ વર્ષ પહેલાં' વિભાગમાં કિરણનું કામ છે. અહીં ચંદુલાલ ભગુભાઈ દલાલે તૈયાર કરેલી પ્રવૃત્તિઓની તારીખવાર યાદી તો જાણે છપાય જ છે. પણ તેના પહેલાં સંપાદક ગાંધીના આખાય મહિનાને આવરી લેતી એક સારરૂપ નોંધ લખે છે જે મહેનતની કસોટીરૂપ છે! આ કામ કિરણ જ કરી શકે એવું લાગે. સંપાદન કાર્ય માટેની અદ્યતન ટેક્નૉલૉજીની તેમની સારી એવી જાણકારી પણ અહીં કામમાં ન લાગે.

સંપાદક કિરણ પુસ્તકોના પ્રેમી અને પરખંદા છે. એટલે પુસ્તકોને સ્થાન આપવા માટેની તેમની સ્પેસ અવકાશપૂરકો(ફિલર્સ)થી લઈને આખા અંક સુધી વિસ્તરેલી છે. નૂપુરિયાં(ફિલર્સ) તરીકે અંક કે લેખના વિષય સંબંધિત પુસ્તકોની નાની-મોટી યાદી આપે છે. નવાં પુસ્તકોનાં અવલોકનો છાપે છે, પહેલાં છપાયેલાં અવલોકનોના સંક્ષેપો તે પ્રસંગોચિત છાપે છે. ત્રીજાં પૂંઠે નવજીવન સંસ્થાના કામ કે કાર્યક્રમની માહિતી જ્યારે ન હોય ત્યારે પુસ્તકો હોય છે. ભાગ્યે જ કોઈ અંક એવો હોય કે જેમાં પુસ્તકને લગતું કંઈ ન હોય, અને એવું બને તો એ કદાચ કિરણની સરતચૂક જ હોય!

'ગુજરાત મિત્ર' દૈનિકમાં ચાલી રહેલી કિરણની કૉલમ 'ઇનસાઇડ આઉટસાઇડ'નાં દસ વર્ષ તાજેતરમાં પૂરાં થયાં. અખબારી લેખનમાં જે જાળવવું મુશ્કેલ ગણાય તેવું ગુણવત્તાનું સાતત્ય આ કૉલમમાં છે. કિરણના લેખો લંડન-સ્થિત વિપુલ કલ્યાણીના 'ઓપિનિયન' અને પત્રકાર પ્રશાંત દયાળના 'નવજીવન'નાં પોર્ટલ્સ પર પણ જોવા મળે છે.

વિષયની પસંદગીમાં વૈવિધ્ય અને સાંપ્રત સંદર્ભનું સંયોજન, મહેનતથી એકઠી કરેલી અદ્યતન માહિતી અને ચુસ્ત રીતે મૂકેલી વિગતો, અલ્પોક્તિમાં આપેલાં પોતાનાં મંતવ્ય તેમ જ ક્વચિત વ્યક્તિગત સ્પર્શ સાથેના તેમના લેખો વાચનીય હોય છે.

તાજેતરમાં તેમણે બાલદિન નિમિત્તે જવાહરલાલ નહેરુએ દીકરી ઇન્દિરાને લખેલા પત્રોના પુસ્તક વિશે લખ્યું. ગુજરાતની પોલીસ હડતાળના સંદર્ભે તેમણે પોલીસો કેવા કપરા સંજોગોમાં કામ કરે છે તે અંગેના એક વિશ્વસનીય અહેવાલની માહિતી આપી. નોબેલ સન્માન મેળવનાર બે પત્રકારો વિશે તેમણે બહુ સરસ લેખ કર્યો. દલિત વિષય પરનાં કર્મશીલ લેખક-સંશોધક ગેલ ઑમ્વેટ વિશેના લેખમાં અભ્યાસ અને આકાશવાણીના ઉદ્ઘોષક સાદિક નૂર પઠાન પરના લેખમાં આત્મીયતા નોંધપાત્ર છે.

**ગાંધી પરના સંશોધક/સંપાદક તરીકે અને કૉલમિસ્ટ તરીકે કિરણની માહિતીનો વ્યાપ, તેના કામનું ઊંડાણ અને મહત્તા જોતાં લાગે કે ગાંધી-વિચારનો દરિયો ઉલેચતા આ માણસનું વ્યક્તિત્વ કાગળની હોડી જેવું હળવું ફૂલ છે...**

'ઓપિનિયન'નાં પોર્ટલ પર સચવાયેલા લેખોમાંથી પસાર થતાં પણ આ કૉલમિસ્ટનું ઉચ્ચ સ્તર ધ્યાનમાં આવે છે. તેમાંથી કેટલાકના વિષયો છેઃ દિલ્હીમાં બની રહેલા આપખુદી સેન્ટ્રલ વિસ્ટાને કારણે નૅશનલ આર્કાઇવ્ઝ ઑફ ઇન્ડિયા પર તોળાતું જોખમ, મહામારીના કાળમાં ચિંતનીય જણાયેલો ટૉલ્સ્ટૉય, એરિક ફ્રોમ અને દર્શક જેવા 'અગ્રદૂતોનો બોધ', આ જ કાળમાં સાત પ્રવાસી મજૂરોના સ્થળાંતરની દાસ્તાન બતાવતી ફિલ્મ '૧૨૩૨ કિલોમીટર',

બંગાળની ચૂંટણી અને રવીન્દ્રનાથ ટાગોરના રાષ્ટ્રવાદનો ખ્યાલ.

કિરણના ચૂંટેલા લેખોના સંચયમાંથી બે મૌલિક પુસ્તકો થઈ શકે. હાલમાં તેમના નામે બે તાજેતરમાં બહાર પડેલાં સંપાદનો છેઃ 'ગાંધીલિખિત ચરિત્રો' અને 'સંઘર્ષ અને પુરુષાર્થનો સમન્વય' નામે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અશ્વિન શાહની જીવનકથા. અશ્વિન શાહ પરના પુસ્તકનો યશ કિરણ તેમનાં જીવનસંગિની હેમલને આપે છે. વાચન-સર્જનમાં રસ ધરાવતાં પુસ્તકપ્રેમી હેમલ પોતાની રીતે મહેનતુ વ્યાવસાયિક લેખક અને કિરણના ઘણાં લખાણોનાં પહેલાં ક્રિટિકલ વાચક છે. આ હસમુખા દંપતીની દીકરી નિર્વિષા ઘરની પાસેનાં ઝાડને દરરોજ ભણાવે છે. પણ તેઓ આ અદ્‌ભૂત વર્ગોના વીડિયો કે ફોટા લેવાના કે શેર કરવાના બિલકુલ વિરોધી છે!

ગાંધી પરના સંશોધક/સંપાદક તરીકે અને કૉલમિસ્ટ તરીકે કિરણની માહિતીનો વ્યાપ, તેના એકંદર કામનું ઊંડાણ અને તેમની મહત્તા જોતાં તેમણે ચાળીસ વર્ષની ઉંમરે ઘણું સિદ્ધ કર્યું કહેવાય. પણ કિરણની ઉપલબ્ધિઓ ઓછી જાણીતી છે. જો કે કિરણને ૨૦૧૯માં કાન્તિ ભટ્ટ પત્રકારત્વ પુરસ્કાર મળી ચૂક્યો છે.

ગાંધી-વિચારનો દરિયો ઉલેચતા આ માણસનું વ્યક્તિત્વ કાગળની હોડી જેવું હળવું ફૂલ છે. તેમનાં સૌજન્ય, સંકોચશીલતા, સાદગી અને સરળતા વ્યક્તિને સ્પર્શી જાય છે. અશ્વિન ચૌહાણની દૃષ્ટિએ ગુજરાતમાં ગાંધીવિચારના નવી પેઢીના જે નિષ્ઠાવાન અભ્યાસીઓ છે તેમાં કેતન રૂપેરા અને ગાંધી આશ્રમનાં કિન્નરીબહેન ભટ્ટની સાથે કિરણ કાપુરેનો પણ સમાવેશ થાય છે. સોશ્યલ મીડિયાની સૂંઠને ગાંગડે ગાંધી થવાના આ જમાનામાં ગાંધીની ધરતીનાં આ લૂણનાં મૂલ પિછાણવાં જેવાં છે.

કિરણ-હેમલનાં ઘરના પુસ્તક સંગ્રહમાં 'ગાંધીજીનો અક્ષરદેહ' છે, તે કિરણના હૈયે પણ વસેલો છે. કિરણ ગુજરાતીમાં ગાંધી વિષય પરના જ્ઞાનકોશ જેવો તો નહીં પણ માહિતીકોશ જેવો તો ખરો જ! કિરણને અભિનંદન, શુભેચ્છા!

(નોંધઃ 'વિષ્ણુ પ્રભાકર રાષ્ટ્રીય પ્રોત્સાહન સન્માન' કિરણ કાપુરે ઉપરાંત જુદાં જુદાં રાજ્યોના ચાર યુવાઓને સાહિત્ય, પર્યાવરણ અને રચનાત્મક કાર્ય, મહિલા સશક્તિકરણ અને ગાંધીવાદી પત્રકારિતાનાં ક્ષેત્રોમાં પ્રદાન માટે આપવામાં આવ્યું છે.)

સોક્રેટિસને સજા કરતાં પહેલાં ન્યાયાધીશોએ તેને ચર્ચાવિચારણાની ટેવ તે મૂકી દે તો છોડી મૂકવાની દરખાસ્ત કરી. પણ સોક્રેટિસે નમ્રતાપૂર્વક ના પાડી. તેણે કહ્યું કે આ ચર્ચાઓ તો હું મારા આત્માની ખોજ માટે કરું છું અને મારા નગરના વાસીઓને પણ મારી જેમ જ આત્માને મૂલ્યવાન ગણવા સમજાવું છું. આવાં આત્મનિરીક્ષણ વિનાનું જીવન આપણા સૌ માટે વ્યર્થ છે એટલે તમે છોડી મૂકો કે ન છોડી મૂકો, હું આ ચર્ચાઓ કરવાનું છોડી શકું તેમ નથી.

પણ એ જ સોક્રેટિસને જ્યારે જેલમાંથી નસાડી જવા મિત્રો આવ્યા ત્યારે તેણે કહ્યું, 'મારા માટે મારા નગરના કાયદાઓ સર્વોપરિ છે. કાયદા મુજબ મને સજા થઈ છે, એટલે તેમાંથી છટકી જવાનો પ્રયત્ન મારે ન કરવો જોઈએ. જે વહાણમાં હું સારા અવસરે બેઠો તે વહાણને આ અવસરે હું ત્યજી દઈ શકું નહીં.'

સોક્રેટિસે આત્મનિરીક્ષણના અધિકારને જતો ન કર્યો, કાયદાનું ઉલ્લાંઘન પણ ન કર્યું અને કાયદાનો સવિનય પ્રતિકાર કર્યો. આ કરવાના અધિકારમાં તેણે આત્મનિરીક્ષણને પ્રથમ શરત તરીકે મૂક્યું અને એમ કરીને એણે શિક્ષણના ધ્રુવ સ્થાનને ટકાવ્યું.

(સર્વોદય અને શિક્ષણ : મનુભાઈ પંચોલી)

## ૦૯. સંભારણાં

### ખાદી ક્ષેત્રના અગ્રેસર મનુભાઈ મહેતા

રાજુલ દવે

---

રાજ્યના અને દેશના ખાદી-ગ્રામોદ્યોગ ક્ષેત્રના એક અગ્રેસર મનુભાઈ મહેતાનું તા.૨૭મી નવેમ્બરે ગાંધીનગર ખાતે ૯૪ વર્ષની પૂર્ણ વયે અવસાન થયું છે. તેમના નિધન સાથે ખાદી-ગ્રામોદ્યોગ ક્ષેત્રમાં સાડા છ દાયકા કરતાં વધારે સમયથી કાર્યરત એક વ્યક્તિત્વ વિરામ પામ્યું છે.

સાવરકુંડલા તાલુકાના નેસડી ગામે તા.૨૭-૦૨-૧૯૨૭ના મનુભાઈનો જન્મ થયો હતો. ભાવનગરની શામળદાસ કૉલેજમાં અભ્યાસ કરી ૧૯૪૮માં ગ્રેજ્યુએટ થયા. કૉલેજકાળના છેલ્લા દિવસો હતા. તે કાળમાં અનેક યુવાનોની જેમ મનુભાઈ ઉપર સામ્યવાદની વિચારસરણીની પ્રબળ અસર હતી. વાચનનો પણ ખૂબ શોખ એટલે ગુજરાતીના પ્રસિદ્ધ નવલકથા લેખક રમણલાલ વ. દેસાઈએ પાંચ ભાગમાં લખેલી પ્રખ્યાત નવલકથા 'ગ્રામલક્ષ્મી' પ્રમાણે જીવન જીવવાની તેમની કલ્પના હતી. ગ્રેજ્યુએટ થયા પછી ચીલા-ચાલુ નોકરી કરવાની બદલે સમાજઉત્થાનના કાર્યમાં લાગી જવાનું તેમણે 'ગ્રામલક્ષ્મી'ના મુખ્ય પાત્ર અશ્વિનના જીવન ઉપરથી નક્કી કર્યું હતું.

ગાંધી વિચારને નજર સમક્ષ રાખીને સાવરકુંડલા તાલુકામાં નૂતન-સમાજ-નિર્માણ કરવા માટે ૧૯૩૬-૩૭થી લલ્લુભાઈ શેઠ, અમુલખભાઈ ખીમાણી, કેશુભાઈ ભાવસાર વગેરેએ પ્રવૃત્તિઓ આરંભેલી, તે ૧૯૪૬-૪૭માં શ્રી કુંડલા તાલુકા ગ્રામસેવા મંડળ તરીકે બંધારણીય રીતે અસ્તિત્વમાં આવી. કૉલેજકાળમાં સેવેલાં સ્વપ્નને મૂર્તસ્વરૂપ આપવા મનુભાઈ સંસ્થાના કાર્યકર તરીકે સામેલ થયા અને સમય જતાં શ્રી કુંડલા તાલુકા ગ્રામસેવા મંડળના પ્રમુખ બન્યા.

શરૂઆતનાં વર્ષોમાં સાવરકુંડલાની સહકારી પ્રવૃત્તિમાં સક્રિય રહ્યા અને પછી તાલુકામાં ખાદી-ગ્રામોદ્યોગનાં માધ્યમથી નવી રોજગારી નિર્માણ કરવાનું કામ કર્યું. સૌરાષ્ટ્રની ખાદી-ગ્રામોદ્યોગનું કામ કરતી સંસ્થાઓની કેન્દ્રવર્તી સંસ્થા સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ હતી. કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળના પ્રમુખ લલ્લુભાઈ શેઠે સમિતિના મંત્રી રતિભાઈ ગાંધિયાને સમિતિના કાર્યમાં મનુભાઈને સામેલ કરવાનું સૂચન કર્યું. ૧૯૬૬-૬૭માં સમિતિના કાર્યાલય મંત્રી તરીકે મનુભાઈ સમિતિમાં જોડાયા. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિનો એ સુવર્ણકાળ હતો. અનેક નવી નવી પ્રવૃત્તિઓ અને વિવિધ કેન્દ્રો ગુજરાતભરમાં શરૂ થતાં હતાં. મનુભાઈ આ સઘળી પ્રવૃત્તિમાં ખૂબ સક્રિય રહ્યા. સમિતિમાં પોતાનું ઘડતર થયું એ હકીકતનું તેઓ પ્રેમપૂર્વક સ્મરણ કરતા હતા.

૧૯૭૨માં રતુભાઈ અદાણીના સૂચનથી તેઓ ગુજરાત રાજ્ય ખાદી-ગ્રામોદ્યોગ બોર્ડના સભ્યસચિવ બન્યા અને ૧૯૭૪ સુધી આ સ્થાન ઉપર રહ્યા. તે પછી ૧૯૮૬થી ૧૯૮૯ સુધી ફરી બોર્ડના સભ્યસચિવ બન્યા. રાજ્યની ખાદી-ગ્રામોદ્યોગનું કામ કરતી સંસ્થાઓના પ્રશ્નો ઉકેલવા મનુભાઈ પ્રયત્નશીલ રહેલા. અખિલ ભારત ખાદી-ગ્રામોદ્યોગ કમિશનની પશ્ચિમ ક્ષેત્ર પ્રમાણપત્ર સમિતિના અધ્યક્ષ તરીકે પણ મનુભાઈએ જવાબદારી સંભાળી હતી.

ગુજરાત ખાદી-ગ્રામોદ્યોગ સંસ્થા સંઘ, સમન્વય, શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ, વાય.એમ.જી.એ. વગેરે સંસ્થાઓના પ્રમુખપદે રહી આ સંસ્થાઓની પ્રગતિમાં મનુભાઈએ ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળના ઉપક્રમે

૧૯૪૯થી સાવરકુંડલા-મહુવા રોડ ઉપર આવેલ ખડસલી ખાતે ગ્રામસેવા કેન્દ્રની શરૂઆત કરવામાં આવી હતી. આ સંસ્થા દ્વારા આજના પ્રચલિત શિક્ષણના સ્થાને ગ્રામ્યજીવનને અનુરૂપ ઉત્તર બુનિયાદી શિક્ષણ, ઉચ્ચતર બુનિયાદી શિક્ષણ દ્વારા ૯થી ૧૨ ધોરણ સુધીનો અભ્યાસ નઈ તાલીમના માધ્યમથી નૈસર્ગિક વાતાવરણમાં કરાવવામાં આવે છે. આ શિક્ષણ સંસ્થામાંથી શિક્ષણ મેળવેલાં અનેક વિદ્યાર્થી ભાઈઓ-બહેનો, ડૉક્ટર, એન્જિનિયર, શિક્ષક, ઉદ્યોગપતિ બનીને વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે. મનુભાઈએ ૧૯૮૦થી ખડસલીને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું અને અનેક વિદ્યાર્થીઓ તેમ જ કાર્યકરોનું ઘડતર કર્યું હતું.

મનુભાઈને વિવિધ સંસ્થાઓ તરફથી ઍવૉર્ડ પણ મળ્યા હતા. ગાંધી-૧૫૦માં વર્ષની ઉજવણી તેમણે સાવરકુંડલા તાલુકામાં વિશિષ્ટ રીતે કરી હતી અને વર્ષના અંતે ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધીને તેમણે ખડસલી નોતરેલા. મનુભાઈના જીવન-કાર્યને આલેખતું પુસ્તક 'સેવાપથના યાત્રી મનુભાઈ મહેતા' ૨૦૧૬માં પ્રસિદ્ધ થયું હતું.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના પ્રમુખ અને ખાદી કમિશનના ભૂતપૂર્વ અધ્યક્ષ દેવેન્દ્રકુમાર ૨. દેસાઈએ મનુભાઈના નિધન અંગે શોકની લાગણી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે સમિતિ સાથે મનુભાઈ ઘણાં વર્ષોપર્યંત સંકળાયેલા હતા. ખાદી-ગ્રામોદ્યોગ ક્ષેત્રમાં તેમણે બજાવેલી કામગીરી યાદ રહેશે. છેલ્લે કોરોનાને પણ મનુભાઈએ મહાત આપી હતી, જે તેમની આંતરિક શક્તિ(વીલ પાવર) સૂચવતી હતી.

એક સમજુ પિતાનો જગતના તમામ સંતાનોને કાગળ..

પ્રિય સંતાન, સારું અને શાંતિભર્યું જીવન જીવવા આટલું જરૂર કરજે.

૧) જો કોઈ તારી સાથે સારો વ્યવહાર ના કરે, તો મનમાં દુઃખ ના લાવીશ. તારી સાથે સારી રીતે વર્તવાની ફરજ ફક્ત મારી અને તારી મમ્મીની જ છે. દુનિયાને તારા સુખદુઃખની પડી નહીં હોય. તો એના માટે માનસિક રીતે હંમેશા તૈયાર જ રહેજે. ઉતાવળે મિત્રતા ન બાંધીશ.

૨) દુનિયામાં કોઈપણ એવી વસ્તુ નથી કે જેના વગર જીવી ન શકાય. કોઈ તરછોડી દે કે પસંદની વ્યક્તિ કે વસ્તુ નહીં મળે તો પણ જિંદગી ચાલ્યા જ કરે છે. ખુશ રહેતાં શીખી લેજે.

૩) દરેક દિવસ-દરેક પળનો સદુપયોગ કરજે...!

૫) અભ્યાસમાં નબળા માણસો જીવનમાં સફળ બનતા હોય છે. વિદ્યાર્થી વધુ કશું જ નથી. ધગશથી ભણજે. પણ ધાર્યું ન ભણાય તો આશા ગુમાવતો નહીં.

૬) મારી ફરજ તને મોટો કરીને, સારું ભણતર આપીને પૂરી થાય છે. એ પછી બધું તારી મહેનત અને આવડત ઉપર નિર્ભર છે.

૭) તું તારું વચન હંમેશાં પાળજે. પણ બીજા એમનું વચન પાળશે જ એવી આશા ન રાખતો. તું સારું કરજે. પણ બીજા સારું જ કરશે એવી આશા પણ ન રાખતો. જો આ વાત સમજાઈ જશે, તો તું દુઃખી નહીં થાય.

૮) જીવનમાં નસીબથી નહીં, મહેનતથી સફળ થવાય છે, તો મહેનતથી કોઈ દિવસ ભાગતો નહીં.

૯) જીવન ખૂબ જ ટૂંકું છે અને કાળનો કોઈ જ ભરોસો નથી. તો પરિવાર સાથે સમય વિતાવતો રહેજે.

## હસમુખ શાહની વિદાય એટલે શું?

રમેશ તન્ના

---

મોરારજી દેસાઈ સહિત ત્રણ વડાપ્રધાનોના સચિવ, અનેક સંસ્થાઓના મોભી, નિષ્ઠાવાન અને કર્મઠ હોદ્દેદાર, અનેક સેવાકીય, સ્વૈચ્છિક, કળાકીય, વિદ્યાકીય અને માનવીય સંસ્થાઓના પોષક એવા હસમુખ શાહે આજે ત્રીજી ડિસેમ્બર, ૨૦૨૧, ગુરુવારે સવારે ૭.૨૦ કલાકે વિદાય લીધી. તેમની વય ૮૭ વર્ષની હતી. તેમની સારવાર કરમસદની શ્રી ક્રિષ્ના હોસ્પિટલમાં ચાલુ હતી.

હસમુખ શાહની ઓળખ એક લીટીમાં આપવી અઘરી અને તેમના પ્રદાનને એક લેખમાં સમાવવું પણ અશક્ય. તેઓ બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવતા હતા. સમાજના એક મહાજનમાં હોય તેવી સંવેદના તેમનામાં હતી. રાષ્ટ્રના શાસકમાં હોય તેવી દૃષ્ટિ તેઓ ધરાવતા હતા. તેમનું થિંકિંગ ગ્લોબલ હતું, પણ કામ લોકલ સ્તરે કરતા હતા. એક સ્વસ્થ અને પ્રગતિશીલ રાષ્ટ્ર પાસે શું હોવું જોઈએ, તેણે તે બધું કેવી રીતે અંકે કરવું જોઈએ, સ્વસ્થ અને આધુનિક સમાજ કેવો હોય અને તેની રચના કઈ રીતે થઈ શકે... આ બધી સ્પષ્ટ સમજણ તેઓ ધરાવતા હતા.

તેઓ કુશળ વહીવટકર્તા તો હતા જ, પણ ભારોભાર સંવેદનશીલ માણસ પણ હતા.

જાહેર અને સરકારી ક્ષેત્રે તેમણે જીવનના જુદા જુદા તબક્કે વિવિધ રીતે કામગીરી કરી. જે પણ કામગીરી કરી તે દીપાવી. તેઓ રાષ્ટ્રના હિતમાં સતત કામ કરતા રહ્યા.

સંયુક્ત સચિવ તરીકે તેમણે ભારતના ત્રણ વડાપ્રધાનો, મોરારજી દેસાઈ, ઇન્દિરા ગાંધી અને ચૌધરી ચરણસિંહ સાથે કામ કર્યું. પક્ષાપક્ષીથી દૂર રહીને કોઈ ટોચનો અધિકારી કેવી રીતે કામ કરી શકે તે હસમુખ શાહના જીવન અને કવનમાંથી જોવા મળે.

તેમણે આત્મકથાત્મક શૈલીમાં સ્મરણકથા 'દીઠું મેં'(પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૩) લખી હતી જે ખૂબ જ વખણાઈ હતી.

સાહિત્યકાર અને કર્મશીલ રઘુવીર ચૌધરી સાથે તેમને નીકટનો નાતો. તિલક કરે રઘુવીર શ્રેણીમાં રઘુવીરભાઈએ તેમના વિશે શબ્દચિત્ર આલેખ્યું છે. આઈ થિંક, દર્શક ઇતિહાસ નિધિ સંસ્થામાં પણ તેઓ સાથે કામ કરતા. 'દીઠું મેં'ના હિન્દી અવતાર 'જૈસા મૈંને દેખા' પુસ્તકની પ્રસ્તાવના રઘુવીરભાઈએ લખી છે. 'દીઠું મેં'(ગુજરાતી)નું પ્રકાશન રઘુવીરભાઈએ સ્થાપેલી સંસ્થા રંગદ્વાર પ્રકાશને કર્યું છે.

મોરારજી દેસાઈ સાથેનો તેમનો સમયકાળ રસપ્રદ રીતે આત્મકથાત્મક શૈલીમાં લખાયેલી સ્મરણકથા 'દીઠું મેં'(પ્રકાશકઃ રંગદ્વાર, અમદાવાદ)માં વર્ણવ્યો છે. નેહરુજીના નિધન પછી કઈ રીતે લાલબહાદુર શાસ્ત્રીજીએ પત્રકાર કુલદીપ નાયર અને કામરાજની મદદથી સંપૂર્ણ લાયક એવા મોરારજીભાઈ દેસાઈને વડાપ્રધાનપદથી દૂર રાખ્યા હતા તેની કેફિયત, પૂરાવા સાથે હસમુખભાઈએ નોંધી છે.

મોરારજીભાઈ દેસાઈની જે સામાન્ય(ઊભી કરાયેલી) છાપ છે તેના બદલે શ્રી હસમુખભાઈ શાહ નવી જ, અને સાચી છાપ આપે છે. તેમની આત્મકથા 'દીઠું મેં' એ રીતે પણ ભારત અને ગુજરાતના જાહેરજીવન માટે ઘણી મહત્ત્વની છે. મોરારજીભાઈ દેસાઈની સંવેદનશીલતા પણ આ પુસ્તકમાંથી પસાર થતાં સ્પષ્ટ જોવા મળે છે.

'દીઠું મેં'માં તેમણે પોતાના શૈશવનાં સ્મરણો આલેખ્યાં છે તથા સવિશેષ તો જુદી જુદી વ્યક્તિઓનાં કુશળતાથી દોરેલાં શબ્દચિત્રો તેમને એક નીવડેલા સર્જક સાબિત કરે છે.

તેમની આત્મકથા ૧૯૬૫ પછીના ભારતનો એક મહત્ત્વનો દસ્તાવેજ બની રહે છે.

અભ્યાસીઓએ તેમની આત્મકથાકથાત્મક સ્મરણકથા 'દીઠું મેં' વાંચવા જેવી છે. ગુજરાતી ભાષાની એ એક મહત્ત્વની કથા છે. તેમના હાથ નીચે અને હૃદય સાથે કામ કરનારા(અને અમારા મિત્ર) શ્રી નીતિનભાઈ ભટ્ટે અંગત રસ લઈને તેનો હિન્દીમાં અનુવાદ, પ્રભાત પ્રકાશન, નવી દિલ્હી પાસે કરાવ્યો છે. અનુવાદ વડોદરાસ્થિત સુનંદાબહેન ભાવેએ કર્યો છે. (પુસ્તક પ્રકાશનમાં આ લખનાર અને કિશોર મકવાણાનું પણ ચપટીક પ્રદાન ખરું). 'દીઠું મેં' પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ 'ફ્રોમ ધ માર્જિન્સ ઓફ હિસ્ટ્રી' ટૂંક સમયમાં પ્રકાશિત થવાની છે.

હસમુખભાઈ દીર્ઘદૃષ્ટા હતા. તેઓ જમીન સાથે જોડાયેલા હતા. આવતી કાલને પ્રમાણીને, આજને બરાબર સમજીને, ભવિષ્યને જોઈ શકતા. એક ઉત્તમ શાસક કે નેતામાં હોય તેવા તેમનામાં ઘણા ગુણ હતા.

આઈપીસીએલ(ઇન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લિમિટેડ)નું ખાનગીકરણ થયું તે પહેલાં તેઓ તેના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પણ હતા. પોતાના કાર્યકાળ દરમિયાન તેમણે એન્જિનિયરિંગ પ્લાસ્ટિકના વિકાસ માટે GE અને આઈપીસીલએલ વચ્ચે સંયુક્ત સાહસ બનાવવા માટે જેક વેલ્શને સમજાવ્યા હતા.

તેમણે કળાની અનેક પ્રવૃત્તિઓને ખૂબ ઉત્તેજન આપ્યું હતું.

સમગ્ર પેકેજિંગ ફિલ્મ ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ તથા કૃષિ વ્યવસાયમાં(ટપક સિંચાઈ અને કેનાલ લાઈનિંગ દ્વારા) પ્લાસ્ટિકના ઉપયોગનો પ્રચાર કરવાનું કામ તેમના નેજામાં થયું હતું. તેમના કાર્યકાળ દરમિયાન યુ.કે.ની કેમિકલ ઇનસાઈટે આઈ.પી.સી.એલ.ને વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠ પેટ્રોકેમિકલ ઉત્પાદક કંપની તરીકે બિરદાવી હતી.

હસમુખ શાહે તેમના નિવૃત્તિ પછીના સમયગાળાનો ઉપયોગ અનેક સંસ્થાઓ સ્થાપવા માટે કર્યો હતો. તેઓ ગુજરાત ઇકોલોજી કમિશન(GEC), ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેઝર્ટ ઇકોલોજી(GUIDE), ગુજરાત ઇકોલોજી સોસાયટી(GES), ગુજરાત નેચર કન્ઝર્વેશન સોસાયટી(GNCS)ના સ્થાપક અને હેરિટેજ ટ્રસ્ટના પણ સ્થાપક અધ્યક્ષ હતા.

દર્શક ઇતિહાસ નિધિ(DIN)ના સ્થાપક ટ્રસ્ટી તરીકે, તેમણે ગુજરાતના મેરી ટાઇમ ઇતિહાસ વિશે અનેક બહુવિધ આંતરરાષ્ટ્રીય પરિષદોનું આયોજન કર્યું અને આ વિષય પર શિષ્યવૃત્તિ આપી અને મહામૂલાં કહી શકાય તેવાં પ્રકાશનો પણ કર્યાં. તેઓ ઇન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ (INTACH)ના અધ્યક્ષ પણ હતા.

તેઓ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ સાથે ઊંડાણપૂર્વક સંકળાયેલા હતા. મોભી તરીકે તેમણે નોંધપાત્ર કામ પણ કર્યું હતું. તેમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન(NID), ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી(IIT), ઇન્સ્ટિટ્યૂટ ઑફ રૂરલ મેનેજમેન્ટ(IRMA), ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નૉલૉજી(DAIICT), એમ.એસ. યુનિવર્સિટી ઓફ બરોડા, સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટી, સેન્ટર ફોર ફ્યુઅલ રિસર્ચ, સેન્ટ્રલ પોલ્યૂશન કંટ્રોલ બોર્ડ, ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એજન્સી(GIRDA) અને લોકભારતી-સણોસરા જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે.

તેઓ 'ભારતીય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન'(BAIF), 'અક્ષર ટ્રસ્ટ', 'ભારત ગ્રામીણ આજીવિકા ફાઉન્ડેશન', 'ચારુતર આરોગ્ય મંડળ' જે ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં તબીબી શિક્ષણ અને સંભાળ પૂરી પાડે છે, સાથે સંકળાયેલા હતા. તેઓ 'શ્રમ મંદિર'(રક્તપિત્તની સારવાર અને પુનર્વસન) જેવી અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ અને ફાઉન્ડેશનોમાં ચાવીરૂપ હોદ્દાઓ પર પણ હતા.

૧૯૭૮માં જોરહાટમાં વડાપ્રધાન મોરારજી દેસાઈના વિમાન સાથે થયેલી વિમાન દુર્ઘટનામાં તેઓ સાથે હતા, તો સિડની કોમનવેલ્થ વડાઓની બેઠક(CHOGM)માં

થયેલા બૉમ્બ ધડાકામાં પણ તેઓ હાજર હતા. ધ તિયાનેન મેન સ્ક્વેર વિદ્રોહ જેવી અન્ય ઘણી ઐતિહાસિક ઘટનાઓના પણ તેઓ અંગત રીતે સાક્ષી હતા.

હસમુખ શાહના પરિવારમાં પોતાની પાછળ ધર્મપત્ની નીલાબહેન, પુત્ર અમલાન અને પુત્રી અલ્પનાને વિલાપ કરતા નહીં, ઉત્તમ જીવન જીવી શકે અને સ્વસ્થ સમાજના નિર્માણમાં ઉપયોગી થઈ શકે તેવી સ્થિતિમાં મૂકતા ગયા છે.

હસમુખભાઈએ વિવિધ ક્ષેત્રે કરેલા અણમોલ પ્રદાન વિશે, દર્શક નિધિ કે પછી અન્ય કોઈ સંસ્થા દ્વારા વિગતવાર સંશોધન થવું જ જોઈએ.

એમના પરિવારે તેમની સ્મૃતિમાં સમાજને ઉપયોગી વ્યાખ્યાનમાળા શરૂ કરવી જોઈએ એવું મારું નમ્ર સૂચન છે.

ભગવાન તેમના આત્માને પરમ શાંતિ આપે.

(પોઝિટિવ મીડિયા માટે આલેખનઃ રમેશ તન્ના, ૯૮૨૪૦૩૪૪૭૫)

એક વસ્તુએ જડ ઘાલી છે કે આ જગત નીતિ ઉપર નભેલું છે. નીતિ માત્રનો સમાવેશ સત્યમાં છે. સત્ય તો શોધવું જ રહ્યું. દિવસે દિવસે સત્યનો મહિમા મારી નજર આગળ વધતો ગયો. સત્યની વ્યાખ્યા વિસ્તાર પામતી ગઈ અને હજુ પામતી રહે છે. એક નીતિનો છપ્પો પણ હૃદયમાં ચોંટ્યો. અપકારનો બદલો અપકાર નહીં પણ ઉપકાર જ હોઈ શકે એ વસ્તુ જિંદગીનું સૂત્ર બની ગઈ. તેણે મારા પર સામ્રાજ્ય ચલાવ્યું. અપકારીનું ભલું ઈચ્છવું અને કરવું એ મારો અનુરાગ થઈ પડ્યો. તેના અગણિત અખતરાઓ આદર્યા. આ રહ્યો એ ચમત્કારી છપ્પોઃ

પાણી આપને પાય ભલું ભોજન તો દીજે
આવી નમાવે શીશ, દંડવત કોડે કીજે
આપણ ઘાસે દામ, કામ મહોરોનું કરીએ
આપ ઉગામે પ્રાણ તે તણા દુઃખમાં મરીએ
ગુણ કેડે તો ગુણ દશગણો મનવાચા કર્મે કરી
અવગુણ કેડે જે ગુણ કરે તે જગમાં જીત્યો સહ

## શ્રદ્ધાંજલિ

(૧) લોકભારતીના પૂર્વકાર્યકર શ્રી ત્રંબકભાઈ હરખજીભાઈ વ્યાસનું તા. ૧૬-૧૧-૨૦૨૧ના રોજ ૭૫ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.
(પુત્ર : જયદેવ વ્યાસ : મો. ૯૪૨૭૪૬૯૯૯૮)

(૨) લોકદક્ષિણામૂર્તિના વડીલ માર્ગદર્શક અને દેશના ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રના મોવડી શ્રી મનુભાઈ મહેતાનું તા. ૨૭-૧૧-૨૦૨૧ના રોજ ૯૪ વર્ષની વયે ગાંધીનગર ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
(પુત્ર : રાહુલ મહેતા : મો. ૯૯૭૪૦૯૯૮૦૨)

(૩) મોરારજી દેસાઈ સહિત ત્રણ વડાપ્રધાનોના સચિવ, લોકભારતી સહિત અનેક સંસ્થાઓના મોભી, નિષ્ઠાવાન અને કર્મઠ હોદ્દેદાર, અનેક સેવાકીય, સ્વૈચ્છિક, કળાકીય, વિદ્યાકીય અને માનવીય સંસ્થાઓના પોષક એવા વિખ્યાત સચિવશ્રી હસમુખ શાહનું તા. ૦૩-૧૨-૨૦૨૧ના રોજ ૮૭ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.
(પત્ની : નિલાબહેન શાહ : મો. ૯૮૯૮૦૦૦૨૪૫)

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવાર ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૧૦. મરક- મરક

### જરા હસીએ

સંકલિત

---

- ‘૧૮૬૯માં શું થયું હતું?’
  ‘ગાંધીજીનો જન્મ થયો હતો.’
  ‘અને ૧૮૭૩માં?’
  ‘ગાંધીજી ચાર વર્ષના થયા હતા.’
- ‘પપ્પા, હું ફેલ થયો.’
  ‘રડ નહીં. તું તો સિંહનું સંતાન છે.’
  ‘મારા ટીચર પણ મારું પેપર જોઈને એ જ કહેતા હતા કે તું કોણ જાણે કયા જાનવરનું સંતાન છે?’
- ‘ભગવાન કે નામ પે કુછ દે દે બાબા!’
  ‘બાવાજી, કંઈ નથી. જોઈએ તો મારી બી. કોમ.ની ડિગ્રી લઈ જાઓ.’
  ‘રુલાયેગા ક્યા પગલે, તુઝે ચાહિયે તો યે મેરી ઇન્જિન્યરિંગ કી ડિગ્રી લે લે.’
- ‘માહિતી અને જ્ઞાનમાં શો તફાવત છે?’
  ‘ટમેટું એક ફળ છે એ જાણવું એને માહિતી કહેવાય. પણ એને ફ્રૂટસલાડમાં ન નખાય એ જાણવું તેને જ્ઞાન કહેવાય.’
- ‘કેમ તૈયાર થાય છે?’
  ‘તૈયાર થવા બ્યૂટીપાર્લર જવું છે, એટલે...’
- પોલીસઃ અમારે તમારા ઘરની તપાસ કરવી છે, અમને બાતમી મળી છે કે તમારા ઘરમાં વિસ્ફોટક સામગ્રી છે.
  પતિઃ સાહેબ, ખબર તો પાક્કી છે. પણ અત્યારે તે પિયર ગઈ છે.
- લગ્ન એટલે શું? એ સમજવા એક વિજ્ઞાનીએ લગ્ન કર્યા.
  હવે એને એ નથી સમજાતું કે વિજ્ઞાન એટલે શું?
- બીડીના બંધાણીનો એક્સરે જોઈ ડોક્ટરે કહ્યું, ‘તમારા ફેફસામાં કાણું છે.’
  બીડીનો બંધાણી : એક્સરેમાં બીડી અડી ગઈ લાગે છે!
- બાપુએ શાકવાળીને પૂછ્યું, ‘આ ટમેટાં કેમ આપ્યાં?’
  શાકવાળી કહે, ‘વીસના અઢીસો.’
  બાપુ કહે, ‘તો હાલો ગણવા માંડો...’
- ઊગતા કવિઓની પ્રશસ્તિ કરતા સમારંભમાં એક હમદર્દ જુસ્સામાં આવી કહેવા લાગ્યા, ‘પ્રેમાનંદો અને ન્હાનાલાલો ભૂલાઈ ગયા હશે ત્યારે પણ આ કવિઓ વંચાશે.’
  ‘હા’ છેવાડેથી એક બુઝર્ગે ટમકું મૂક્યુંઃ ‘- પણ ત્યાં સુધી નહીં.
- શિક્ષકઃ નેપોલિયનની ડિક્શનરીમાં અશક્ય શબ્દ હતો જ નહીં.
  વિદ્યાર્થીઃ ‘સાહેબ, એણે જોઈ તપાસીને ડિક્શનરી ખરીદવી જોઈએ.’
- ન્યાયાધીશઃ તું પણ ખરો માણસ છે. લાયસન્સ લીધાના પહેલા અઠવાડિયામાં પાંચ જણ સાથે વાહન અથડાવ્યું!’
  ડ્રાઈવરઃ સાહેબ, પાંચ સાથે નહીં, ચાર સાથે. એક જણને મેં બે વાર પછાડ્યો હતો.
- ‘બેંકવાળા કેશિયરની શોધમાં છે.’
  ‘કેમ? ગયા મહિને જ તો એમણે નવો કેશિયર રાખ્યો હતો.’
  ‘એની જ શોધમાં છે.’
- ‘ચાલીસ રૂપિયા સાત પૈસા—આવી કિંમત કેમ રાખી છે પુસ્તકની? ચાલીસ રૂપિયા જ રાખવા હતા ને?’
  ‘પછી લેખકને શું મળે?’

## ૧૧. સંસ્થા સમાચાર (નવેમ્બર ૧-૩૦, ૨૦૨૧)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- તા.૧ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને ડિજિટલ પેમેન્ટની જુદી જુદી પદ્ધતિઓ અંગે શ્રી કાંતિભાઈ ગોઠીએ જરૂરી માર્ગદર્શન આપ્યું.
- સંવત ૨૦૭૮ના નવા વર્ષ નિમિત્તે તા.૦૫ના રોજ અન્નપૂર્ણા રસોડે શ્રી અરુણભાઈ દવેની ઉપસ્થિતિમાં સ્નેહ મિલન રાખવામાં આવ્યું, જેમાં તેઓએ સૌને નવા વર્ષની શુભેચ્છાઓ આપી અને સંસ્થાની પ્રવૃત્તિઓ અને ધ્યેયોનો વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં સૌને ચિંતન કરવા અનુરોધ કર્યો.
- તા.૦૭ના રોજ સુરતની 'માનવતાની મહેક' સંસ્થાના પ્રતિનિધિશ્રી નાગજીભાઈ માણિયા અને શ્રી અશોકભાઈ પટેલ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- લોકભારતીના પૂર્વકાર્યકર શ્રી નારણભાઈ કોટેચા સપરિવાર તા.૦૭ અને ૦૮ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- લો.ભા.ના પૂર્વવિદ્યાર્થી શ્રી નિખિલભાઈ ત્રિવેદી આયોજિત કરાટે શિબિરના પ્રારંભે શ્રી હસમુખભાઈ દેવમુરારિ તા.૦૯ના રોજ માઈધાર જઈ આવ્યા.
- તા.૧૦મીના રોજ લોકસેવા મહાવિદ્યાલય બી.આર.એસ. -૭૩-૭૭ની બેચના પૂર્વવિદ્યાર્થીઓના સ્નેહમિલનનો એક કાર્યક્રમ લોકભારતી ખાતે યોજાઈ ગયો.
- લોકભારતીના શુભેચ્છક અને કાયદાકીય સલાહકાર એડવોકેટ શ્રી માંગુકિયા સાહેબ તા.૧૧મીના રોજ લો.ભા.ની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૧૦ અને ૧૮ના રોજ ગુંદરણા અને પરવડી મુકામે ૬૬ ખેડૂતો મિટિંગ યોજાઈ, ગઈ.
- માઈધાર કેન્દ્રમાં યોજાયેલી કરાટે શિબિરના સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે તા.૧૨ના રોજ માઈધાર જઈ આવ્યા.
- લોકભારતીના પૂર્વનિયામક શ્રી પ્રવીણભાઈ ઠક્કર તા.૧૨ના રોજ સંસ્થાની ટૂંકી શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૧૪ના રોજ પાલીતાણા મુકામે સતુઆબાબા શિક્ષણ સંકુલના પ્રાર્થના હૉલના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી અરુણભાઈ દવે હાજરી આપવા જઈ આવ્યા.
- તા.૧૫મીના રોજ દક્ષિણામૂર્તિ ખાતે રાજ્યના શિક્ષણમંત્રી શ્રી જિતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં યોજાયેલ ગિજુભાઈ બધેકાના જન્મદિનને 'બાલવાર્તા દિન' તરીકે ઊજવવાના નિર્ણયના પ્રારંભિક કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ સક્રિય ભાગીદારી કરી.
- લોકભારતીમાં એક ટીસ્યૂકલ્ચર લેબ શરૂ કરવાના નિર્ણયથી માંડીને તેને અમલમાં મૂકવા અને તે અંગેની આર્થિક સહાય આપવા-અપાવવામાં સક્રિય ભૂમિકા ભજવનાર લોકભારતીના શુભેચ્છક ડૉ. સમીરભાઈ શાહ માસ દરમિયાન પ્રોજેક્ટની દેખરેખ અર્થે અનેક વખત મુલાકાતે આવી ગયા.
- તા.૧૭ના રોજ દિવાળી વેકેશન પૂર્ણ થતા લોકસેવા મહાવિદ્યાલયના બી.આર.એસ. તેમ જ બી.વૉક.ના શૈક્ષણિક સત્ર સરકારશ્રીની

કોવિડ-૧૯ માર્ગદર્શિકા મુજબ શરૂ કરવામાં આવ્યા.

- તા.૧૯ના રોજ લોકભારતી વ્યવસ્થાપક મંડળની એક બેઠક અતિથિગૃહે મળી ગઈ.
- તા.૨૦ના રોજ કસ્તુરબા સ્ત્રીવિકાસ ગૃહના મંત્રીશ્રી હીરાબહેન તન્ના, પ્રમુખ શ્રી કરશનભાઈ ડાંગર(લો.ભા.ના પૂર્વ સન્માનિત વિદ્યાર્થી), કા.મંત્રી શ્રી પાર્થભાઈ પંડ્યા લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- શ્રી નિતુબહેન દ્વારા સજીવન ફાઉન્ડેશન-રાજકોટની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાતે ડાંગ જિલ્લાને પ્રાકૃતિક ખેતી જિલ્લો જાહેર કરીને તેના અમલની આ પ્રવૃત્તિઓ સંસ્થાને સોંપી છે. હવે ભાવનગરને પ્રાકૃતિક ખેતીનો જિલ્લો બનાવવાનો સરકારે નિર્ણય કરેલ છે. આ અનુસંધાને લોકભારતીની મુલાકાતે સજીવન ફાઉન્ડેશન-રાજકોટના પ્રતિનિધિ શ્રી માધવભાઈ જોશી અને તેની ટીમના સભ્યો તા.૨૨મીના રોજ આવી ગયા.
- જસદણના પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર દ્વારા આયોજિત શિક્ષકોનો એક વર્કશોપ શ્રી રીટાબહેન વોરાના આયોજન તળે તા.૨૩ના રોજ લોકભારતીમાં યોજાઈ ગયો, તેમાં શ્રી અરુણભાઈ અને શ્રી વિશાલભાઈએ વક્તવ્યો આપ્યાં અને સંસ્થા-પરિચય કરાવાયો.
- તા.૨૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલય પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે સરકારની જુદી જુદી શિષ્યવૃત્તિ અંગે ડિઝીટલ ગુજરાત અંગેનો તાલીમી કાર્યક્રમ યોજાઈ ગયો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૨૩ના રોજ રવિ સિઝનના ઘઉં પાકના અગ્રહરોળ નિદર્શન ખારી ગામે ૨૫ ખેડૂતોને આપવામાં આવ્યા.
- તા. ૨૩ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરના બંને વર્ષના વર્ગો શરૂ થઈ ગયા.
- તા.૨૫ના રોજ લોકસેવા મહાવિદ્યાલય બી.આર.એસ.ના બીજા અને ત્રીજા વર્ષના તેમ જ બી.વૉક.ના વિદ્યાર્થીઓ માટે મ.કૃ. ભાવનગર યુનિવર્સિટીના ઇનોવેશન સેલ અંતર્ગત સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ ઇનોવેશન પ્રોગ્રામ માટે સેમિનાર યોજાઈ ગયો. આ સેમિનારમાં અધ્યાપક શ્રી જે.પી. મહેતા અને ડૉ. વાસુદેવભાઈ મોદીએ માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ સુથાર અને સૌ કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા.
- લોકસેવા મહાવિદ્યાલયની અભ્યાસક્રમ આધારિત શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને ઈત્તર પ્રવૃત્તિઓ વધારે અસરકારક અને નાવીન્યપૂર્ણ વિચારો સાથે થાય, વિદ્યાર્થીઓ અને કાર્યકરોને પોતાના વિચારને અભિવ્યક્ત કરવાની તક પ્રાપ્ત થાય અને દેશ-વિદેશની ઘટનાઓથી માહિતગાર થાય તેવા ઉદ્દેશથી હવે બુધવાર અને રવિવારે એમ અઠવાડિયામાં બે સંમેલનો યોજવાનું શરૂ કરેલ છે.
- તા. ૨૫ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના બી.આર.એસ.ના વિદ્યાર્થીઓ વિષય શિક્ષણના ભાગરૂપે એક દિવસીય તાલીમ કાર્યક્રમ માટે શ્રી યોગેશભાઈ ત્રિવેદીના માર્ગદર્શનમાં જુદી જુદી નર્સરી અને ડેરી મુલાકાતે આંબલા તેમ જ સિહોર જઈ આવ્યા.
- તા.૨૫ના રોજ લોકભારતીના સ્થાપક દાદાઓના પુત્રો, જે સૌ બાળપણમાં લોકભારતીમાં સાથે ભણ્યા-ખેલ્યા-કૂદ્યા, તેવા શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી વિક્રમભાઈ ભટ્ટ, શ્રી અતુલભાઈ રજનીકાંત મોદી, શ્રી વીરેન્દ્રભાઈ પ્રાગજીભાઈ રાઠોડ, શ્રી રમેશભાઈ દવે અને શ્રી અરુણભાઈ દવે થોડા કલાકો માટે લોકભારતીમાં પોતાની જૂની સ્મૃતિઓ વાગોળીને ધન્યતા અનુભવી.

- તા.૨૬થી ૨૮ એમ ત્રણ દિવસ માટે સુરત મુકામેની આઇ.જી.દેસાઈ સ્કૂલના લગભગ ૨૮ જેટલાં શિક્ષક-શિક્ષિકાઓ એક શૈક્ષણિક વર્કશોપ માટે લોકભારતીના શૈક્ષણિક ભાવાવરણમાં આવીને રહી ગયા. તેનું સમગ્ર સંચાલન ગાંધીભારતીના નેજા તળે શ્રી વિશાલભાઈ ભાદાણીએ કર્યું, જેમાં આકાશદર્શન, લોકવિજ્ઞાન કેન્દ્રમાં મોજીલા શિક્ષણની પ્રવૃત્તિઓમાં સામેલગીરી, અધ્યાપન મંદિરના સંમેલનમાં હાજરી અને માઈધારની મુલાકાત ઉપરાંત શ્રી અરુણભાઈ દવેનું વક્તવ્ય મુખ્યતઃ રહ્યાં.
- તા.૨૬ના રોજ શ્રી અરુણભાઈ દવે ગાંધીનગર મુકામે યોજાયેલ ગિજુભાઈ બધેકાના જન્મ દિન નિમિત્તે 'બાળવાર્તા દિન' ઉજવવાનું નક્કી કરવા માટેની સરકારશ્રી રચિત કમિટીની પ્રથમ બેઠકમાં જઈ આવ્યા.
- ખાદી અને રચનાત્મક ક્ષેત્રના બહુ જ પાયાના કાર્યકર વડીલ શ્રી મનુભાઈ મહેતાના તા.૨૭મીના રોજ થયેલ નિધનના સમાચાર મળતાં શ્રી અરુણભાઈ દવેએ તેમની અંતિમ યાત્રામાં ખડસલી મુકામે હાજરી આપી.
- કૃષિ વિદ્યાલય જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, મોટા ભંડારિયાથી બી.એસસી.(એગ્રી.)ના ૭મા સેમેસ્ટરના વિદ્યાર્થી 'રાવે' પ્રોગ્રામ અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં તા.૨૮થી ૭ દિવસ માટે તાલીમ અર્થે જોડાયા.
- લોકભારતીના પૂર્વકાર્યકર શ્રી વિઠ્ઠલભાઈ વાછાણી અને શ્રી અચ્યુતભાઈ વાછાણી તા.૨૮મીના રોજ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- પ્લગ નર્સરી-કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી દ્વારા રવિ સીઝનમાં ખેડૂતોને વાવેતર અર્થે ચણાની નવીનતમ જાત ગુજરાત ચણા-૫ તથા ગુજરાત ચણા-૩નું બિયારણ અંદાજીત ૨૮ ટન તથા ઘઉં જાત લોક-૧ તથા ગુજરાત ઘઉં-૪૯૬ના બિયારણ અંદાજીત ૭ ટનનું વેચાણ કરવામાં આવ્યું. જેનો લાભ જિલ્લાના અંદાજિત ૭૫૦ ખેડૂતોએ લીધો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન વિવિધ વિષયો પર કુલ ૪૮૧ ખેડૂતોને લાભાન્વિત કરતી ૧૩ તાલીમ યોજાઈ ગઈ.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ટેલિફોનિક હેલ્પલાઇનની મદદથી ૧૬૭ ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું.
- ગુજરાત સરકાર દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિની ૬ દિવસીય તાલીમમાં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુકલ ગાંધીનગર જઈ આવ્યા.
- શ્રી અરુણભાઈ દવે વેકેશન અને દિવાળીની રજાઓ દરમિયાન આવેલ અસંખ્ય લોકભારતી-શુભેચ્છકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમ જ કાર્યકરોની મુલાકાતોમાં વ્યસ્ત રહ્યા. તા.૧૨,૧૩,૧૪ માઈધાર ખાતે નવનિર્મિત કુમાર છાત્રાલયના લોકાર્પણ પ્રસંગે પૂર્વતૈયારી અને પ્રસંગે હાજર રહ્યા. તા.૧૫મીએ શિક્ષણમંત્રી દ્વારા બાળવાર્તા દિનની ઉજવણી પ્રસંગે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન ખાતે સક્રિય ભાગીદારી કરી અને રાજ્ય કક્ષાની નીમાએલ સમિતિના સભ્ય તરીકે તા.૨૬મીએ ગાંધીનગર ખાતે શિક્ષણમંત્રીની અધ્યક્ષતામાં યોજાએલ પ્રથમ બેઠકમાં સક્રિય ભાગીદારી કરી. તા.૨૭મીએ શ્રી મનુભાઈ મહેતાની અંતિમયાત્રામાં શ્રદ્ધાંજલિ આપવા ખડસલી લોકશાળાએ ગયા. તા. ૩૦મીએ જે.સી.કુમારપ્પા ગ્રામવિદ્યાપીઠ ખાતે ટ્રસ્ટની વહીવટી કામગીરી સંદર્ભે જઈ આવ્યા.

**આંબલા સમાચાર**

- તા.૨૨ના રોજ દિવાળી વેકેશન પૂર્ણ થતાં બધા વિદ્યાર્થીઓ હાજર થયા.
- શારદાગ્રામ સંસ્થામાંથી શ્રી ખીમજીભાઈ ચંદ્રવાડિયા સંસ્થા મુલાકાતે આવી ગયા.

- શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તથા શ્રી વિક્રમભાઈ ભટ્ટ સંસ્થા મુલાકાતે આવી ગયા.
- બીજા સત્રના પ્રારંભે શ્રી વાઘજીભાઈ તથા શ્રી રાજેન્દ્રસિંહજી દ્વારા બોલાવાયેલ મિટિંગમાં સમગ્ર કાર્યકરોને નૂતનવર્ષની શુભેચ્છા પાઠવી કામગીરી વહેંચણી કરવામાં આવી.
- બીજા સત્રના પ્રારંભે નવા મંત્રીમંડળની રચના કરવામાં આવેલ છે.
- મોજીલા શિક્ષણ પ્રોજેક્ટના કાર્યકરો તાલીમમાં ભાગ લેવા માટે ચાંપરડા મુકામે તા. ૨૯-૩૦ જઈ આવ્યા.
- દિવાળી વેકેશન દરમિયાન મોજીલા શિક્ષણ યોજનાના કાર્યકરોએ આંબલા મુકામે પચાસેક બાળકો સાથે વિવિધ પ્રવૃત્તિઓને આવરી લેતી ત્રણ શિબિરો કરી.

**મણાર સમાચાર**

- તા.૦૧થી ૨૧ સુધી દિવાળી વેકેશન રહ્યું. તા.૨૧થી શાળાનું ભાવાવરણ વિદ્યાર્થીઓથી ગુજતું થયું.
- પ્રથમ સત્રમાં લેવામાં આવેલી ધોરણ ૯થી ૧૨ પરીક્ષાની ઉત્તરવહીઓ વિદ્યાર્થીઓને બતાવીને પરિણામ જાહેર કરવામાં આવ્યા.
- શાળામાં સમૂહ સફાઈનો કાર્યક્રમ યોજાયો. તેમાં સૌ વિદ્યાર્થી ભાઈઓ/ બહેનો અને કાર્યકરો જોડાયાં.
- તા. ૨૭ના રોજ સુ. શ્રી કંચનબેન થડોદાની પુત્રી સ્વ. મૈત્રીના જન્મદિવસે બહેનને શ્રેષ્ઠ પ્રોગ્રામ ઓફિસરના એવૉર્ડની મળેલ રકમ રૂ.૫,૦૦૦/- માં બીજા તેમના તરફથી રૂ.૬,૦૦૦/- ઉમેરીને કુલ રૂ.૧૧,૦૦૦/- ઞ.જી.જી.ની પ્રવૃત્તિ માટે નિયામકશ્રી અને આચાર્યશ્રીને ચેક અર્પણ કર્યો. તેમ જ ચેક અર્પણ કરવા બદલ સુ. શ્રી કંચનબેનનું શાલ અને પુસ્તકથી સંસ્થા પરિવારે અભિવાદન કર્યું.
- પીડીલાઈટ દ્વારા સંચાલિત કૃષિ બાગાયત વિકાસ કેન્દ્રમાં હાઇડ્રોપોનિક્સનો પ્રયોગ સફળતાપૂર્વક પૂર્ણ થયો. હાલ તેમાં કાકડીનું વાવેતર કરવામાં આવેલ છે. અને હવે પછી કેપ્સીકમનું વાવેતર કરવામાં આવશે.
- સંસ્થાના ખેતી વિભાગમાં ચાલીસ(૪૦) એકરમાં સોયાબીનનું વાવેતર કરવામાં આવ્યું હતું. તે પૂર્ણ થયું અને હવે તે ચાલીસ(૪૦) એકરમાં લોક-૧ બ્રીડરસીડનું વાવેતર કરવામાં આવેલ છે.
- સંસ્થાના ખેતી વિભાગમાં આવેલી નર્સરીમાં આ વર્ષે દસ હજાર કેસર કેરીના આંબાની કલમ કરવામાં આવી.
- દિવાળી વેકેશન દરમ્યાન શ્રી પ્રવીણભાઈ ઠક્કર તેમના પરિવાર સાથે બે દિવસ સંસ્થા મુલાકાતે આવી ગયા.

**માઈધાર સમાચાર**

- તા.૦૯થી ૧૩ના રોજ અમદાવાદથી કરાટે શિબિર માટે શ્રી નિખીલભાઈ ત્રિવેદી આવી ગયા. શ્રી હસમુખભાઈ દેવમુરારિએ આકાશ-દર્શન કરાવ્યું. શ્રી ભાવનાબહેન પાઠક દ્વારા વિદ્યાર્થીઓને કરાટે અંગે પ્રોત્સાહન પૂરું પાડ્યું. કાર્યક્રમ સમાપન માટે તા.૧૩ના રોજ શ્રી અરુણભાઈ દવે હાજર રહ્યા.
- તા.૧૪ના રોજ લોકકલ્યાણ છાત્રાલયના લોકાર્પણ માટે ઈફકો-દિલ્હીથી માર્કેટીંગ મેનેજરશ્રી વિરેન્દ્રસિંઘ અને અમદાવાદથી શ્રી પટેલ સાહેબ આવી ગયા.
- તા.૧૮ના રોજ પાલીતાણા રૂરલના પી.એસ.આઈ.સાહેબે વિદ્યાર્થીઓને પ્રેરક વાતો કરી.
- તા.૨૭ના રોજ સુરતથી શિક્ષકો સંસ્થા મુલાકાતે આવી ગયા. જેમને મોજીલું શિક્ષણ અને આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના પ્રયોગોની સમજ મેળવી રાજીપો વ્યક્ત કર્યો.

ઈફકો- દિલ્હીના માર્કેટીંગ મેનેજરશ્રી વીરેન્દ્રકુમાર અને અમદાવાદ ઈફકોના મેનેજરશ્રી પટેલસાહેબની પ્રેરક હાજરીમાં  માઈધાર ખાતે થયેલ કુમાર છાત્રાલયનું લોકાર્પણ...



માઈધાર ખાતે યોજાયેલ શ્રી નિખિલભાઈ ત્રિવેદી આયોજિત કરાટે તાલીમ શિબિર...





ગ્રામદક્ષિણામૂર્તિ : આંબલા : મોજીલું શિક્ષણ અંતર્ગત માટીકામ પ્રવૃત્તિમાં મગ્ન ભુલકાંઓ...








To.

**From :**

**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-